
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૫ || અંકઃ ૧ || જાન્યુઆરી ૨૦૨૩ || સળંગ અંક : ૬૧૫

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.in

# S. S. PATEL COLLEGE OF PHYSICAL EDUCATION

## A Constituent College of CVM University

## Vallabh Vidyanagar




**Distinctive Features**

- Modern infrastructure, indoor badminton hall, gymnasium and Play grounds of all the games and sports facilities is available in our campus.
- Amenities with Seven laboratories of different subject of Physical Education, seminar hall, computer lab, library with well- equipped books & Journals.
- Medium of Instructions: Gujarati, Hindi and English
- Our students get the platform where they can show their talent in sporting activities.
- Special opportunities for Physical Education Graduates as a district Sports officer, Assistant Project officer and Prant yuva vikas adhikaari
- Many new opportunities have arisen for making career as sports coordinator, swimming pool attendant, gym coach, recreation manager etc.

**Contact details**


**S S Patel College of Physical Education**
Near Bhaikaka Hostel, Nana Bazar
Vallabh Vidyanagar-388120
Mo: 9426341992
Email: principal.sspcpe@cvmu.edu.in


(Read more about this Institute on page No.38)




**તંત્રી**

ઉર્વીશ છાયા

**પરામર્શન**

નરેશ વેદ ● રાજેન્દ્રસિંહ જાડેજા

ભગીરથ બ્રહ્મભટ્ટ ● આર. પી. પટેલ

**સંપાદન-સહાય**

વિજય સુથાર ● હરીશ પારેખ

**પ્રકાશક**

ડૉ. એસ.જી.પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**

સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

# વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જાન્યુઆરી-૨૦૨૩

વર્ષ : ૨૫ અંક : ૧

સળંગ અંક : ૬૧૫

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ : ૧૯૪૫



અધ્યક્ષ

શ્રી ભીખુભાઇ બી. પટેલ

માનદ્ મંત્રી

ડૉ.એસ.જી.પટેલ

માનદ્ સહમંત્રીઓ

● શ્રી મેહુલ ડી. પટેલ

● શ્રી રમેશ સી.તલાટી ● શ્રી વી.એચ.પટેલ

વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યુ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ● કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડીઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.



અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-

વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' www-vvidyanagar.in પર મૂકવામાં આવે છે. દેશ વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

નાઈ ધોઈ કરે અસ્નાના
માયલાનો મેલ તારો નંઈ જાવે,
ધ્યાન વિનાનો ધૂન મચાવે
ન્યાં સાહેબ મારો નંઈ આવે.

**કરમણ**


॥ પ્રાથમ્ય ॥ એક શિક્ષકનાં ધર્મ અને કર્મ ..........૩
**એસ.જી.પટેલ**
॥ આપણો વૈભવ અને વારસો ॥ ................૫
પદ્ય-વિભાગ
**શીતળ, કરમણ, સુલતાન**
॥ નવાં કાવ્યો ॥ ..............................૬
**પુષ્કરરાય જોષી, યોગેશ પંડ્યા**
॥ આપણો વૈભવ અને વારસો ॥ ...............૭
ગદ્ય-વિભાગ : પ્રજાની પોતાની વીમા યોજના
**મનુભાઈ પંચોળી**
॥ લઘુકથા-૧ ॥ તિરાડ........................૮
**રાજેશ આણંદભાઈ વાઘેલા**
॥ લઘુકથા-૨ ॥ બાદબાકી .....................૯
**મનસુખ સલ્લા**
॥ ઈતિહાસની આરસી ॥ વડનગરની સાંસ્કૃતિક સમૃદ્ધિ તેના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં .................૧૦
**મૃગેશભાઈ એમ. નાયક**
॥ અવલોકન ॥ પ્રણય અને ધર્મની સાંકેતિક ગૂંથણી....૧૫
**રાકેશ દેસાઈ**................
**॥ આયુર્વેદ ॥** बच्चों में बढ़ती जाती मोटापे की समस्या......१९
**वैद्य निकिता, वैद्य वीरेन्द्र कोरी**
॥ પ્રવાસનોંધ ॥ ગિરનારની લીલી પરિક્રમા......૨૨
**શ્યામ જી. ખંભોળજા**
॥ परिचय ॥ कोंग्रेस के ऐतिहासिक अधिवेशन और सरदार पटेल......................................२५
**अर्चना बन्सोड**
॥ અભ્યાસ કે ચિંતન ॥ પ્રાણવિદ્યા એ જીવનવિદ્યાઃ ઉપનિષદના પરિપ્રેક્ષ્યમાં...**હેમા એલ. સોલંકી**.....૨૯
**॥ વક્તવ્ય॥** મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વક્તવ્યના સંકલિત અંશો.....................૩૫
**અનુવાદ : ઉર્વીશ છાયા**
**॥ સંસ્થા પરિચય ॥**
S S Patel College of Physical Education, Vallabh Vidyanagar – **Dr. B L Nagar ...**૩૮
**॥ વિદ્યાવૃત્ત ॥**
૬, ૮, ૯, ૧૪, ૧૮, ૨૪, ૩૪, ૩૭, ૪૩




ISSN 0976-9609

॥ પ્રાથમ્ય ॥

## એક શિક્ષકનાં ધર્મ અને કર્મ

**એસ.જી.પટેલ**

વલ્લભ વિદ્યાનગરમાં જુન્નારકર સાહેબ કરીને પ્રિન્સિપાલ હતા. શિક્ષક કેવો હોવો જોઇએ એનું જુન્નારકર સાહેબ ઉદાહરણ છે. તેઓ જ્યારે ફરજ બજાવતા હતા ત્યારની એક વાત છે. પુષ્કર ગોકાણી સારા લેખક હતા એથીય વધુ સારા વાચક હતા. એમનું 'માનવીનાં મન' નામનું પુસ્તક ત્રણ ભાગમાં કરેલું એ વાંચવા જેવું છે. પુષ્કર ગોકાણી એન્જિનિયરિંગ કોલેજ વિદ્યાનગરમાં ભણતા હતા. યુનિવર્સિટી નવી નવી સ્થપાઇ હતી. ઉત્તમ શિક્ષણ આપવાની કલ્પના સાથે ભાઇકાકાએ આ યુનિવર્સિટી સ્થાપી હતી. આજે આ યુનિવર્સિટી દેશની ઉત્તમ યુનિવર્સિટીઓમાંની એક આ યુનિવર્સિટી જ્યાં છે તે વલ્લભ વિદ્યાનગરની સ્થાપના સરદાર વલ્લભભાઇ પટેલે કરી હતી. આ યુનિવર્સિટી માટે ભાઇકાકા ખૂણે-ખાંચરેથી શોધી શોધીને ઉત્તમ અધ્યાપકો લઇ આવ્યા હતા. પ્રોફેસર ગુલાંટી એમાંના એક હતા. આ એ જ ગુલાંટી સાહેબ કે, જેમણે આગ્રા સ્થિત તાજમહાલની તિરાડો ખબર પણ પડે નહીં એવી રીતે પૂરી દીધી. એમની એ ખાસિયત અને આવડતની વાત આખા વિશ્વએ જાણી. તે સમયે રશિયાએ એમને ત્યાં કામ કરવા માટે આમંત્રણ આપ્યું. એ જ સમયે ભાઇકાકાએ પણ વિદ્યાનગર આવવાનું આમંત્રણ આપ્યું. ભાઇકાકાને માન આપી ગુલાંટી સાહેબ રશિયા જવાને બદલે વિદ્યાનગરની કોલેજમાં આવ્યા, પરંતુ એમણે શરત મૂકી કે, 'હું માગું એટલો પગાર આપવો પડશે.'

હવે તે સમયે પરિસ્થિતિ એવી હતી કે યુનિવર્સિટી પાસે આર્થિક સદ્ધરતા મજબૂત ન હતી. અધ્યાપકોના પગાર કરવાની પણ મુશ્કેલી હતી. છતાંય ગુલાંટી સાહેબને જાણતા ભાઇકાકાએ એમની શરત માન્ય રાખીને કહેલું કે - 'બોલો જે માગો એ આપીશ'. ત્યારે ગુલાંટી સાહેબે કહેલું કે 'હું તો માત્ર પચાસ રૂપિયા જ પગાર લઇશ.' વળી એમ પણ કહ્યું કે, 'મને વધારે કંઇ પણ આપવાનો આગ્રહ રાખશો નહીં. હું એકલો જ છું મારી કોઇ જ જરૂરિયાત નથી. હું તમારી હોસ્ટેલના રસોડે જમીશ. એ સિવાય મારે બીજું કાંઇ જ જોઇતું નથી.'

આવા નિઃસ્વાર્થ પ્રોફેસર ભાઇકાકાએ એકત્રિત કર્યા હતા. એ કોલેજના પ્રિન્સિપાલ જુન્નારકર સાહેબ હતા. હાલના ન્યૂ વિદ્યાનગરમાં જે મકાનો થયાં છે; એમાં એમની યાદમાં 'પ્રો.જુન્નારકર હોલ' પણ છે. જે સમયે જુન્નારકર સાહેબ પ્રિન્સિપાલ હતા; તે સમયના એક વાર્ષિક કાર્યક્રમ વિશે પુષ્કર ગોકાણીએ 'કુમાર' સામયિકમાં એક પ્રસંગ લખેલો. મોરારજી દેસાઇ તે વખતે મુંબઇ રાજ્યના મુખ્ય પ્રધાન હતા. એ જ અરસામાં તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામ મા ઝંપલાવ્યું. જ્યારે તેમણે રાજીનામું આપ્યું તે સમયે તેઓ ડેપ્યુટી કલેક્ટરના હોદ્દા પર હતા. કડક વહીવટ અને અત્યંત પ્રામાણિકતા માટે મોરારજી દેસાઇ જાણીતા હતા. તેમનો સ્વભાવ પણ ગુસ્સા અને જુસ્સાવાળો હતો. વાર્ષિક કાર્યક્રમના મુખ્ય મહેમાન તેઓ હતા. એ પ્રસંગમાં એમની સાથે એક બાંધકામ ખાતાના પ્રધાને દીક્ષાંત પ્રવચન ખૂબ સરસ રીતે આપ્યું હતું. તેમના વક્તવ્ય પછી મોરારજીભાઇ એ પ્રવચન આપ્યું; પછી તેમણે અંતમાં કહ્યું કે કોઇને કંઇ પ્રશ્ન હોય તો પૂછો !

૧૯૫૨-૫૩ ની સાલ હતી. આઝાદી મળ્યા પછીના તાજા જ નવા દિવસો હતા. ૧૯૫૨ માં પ્રથમ ચૂંટણી થઇ એમાં ચૂંટાઇને તેઓ મુંબઇના પ્રધાન બન્યા હતા. મોરારજીભાઇએ એમ કહેલું કે રાજકારણ વિશે પૂછશો તો પણ કોઇ વાંધો નથી. હવે એમની સાથે આવેલા પેલા પ્રધાને કરેલા ભ્રષ્ટાચારના સમાચાર છાપામાં અવાર-નવાર આવતા હતા. જો કે આજની સરખામણીમાં સાવ સામાન્ય કહેવાય એવો ભ્રષ્ટાચાર હતો; પણ તે સમયની પ્રજા આવો ક્ષુલ્લક ભ્રષ્ટાચાર પણ સહન કરે એવી ન હતી. એટલે એક છોકરાએ સવાલ કર્યો કે 'આપના પ્રધાનમંડળના એક પ્રધાન વિશે ભ્રષ્ટાચારના આક્ષેપો છાપામાં આવે છે તે બાબતે તમારે શું કહેવું છે.' ત્યારે મોરારજીભાઇ ગુસ્સે થઇ ગયા હતા ને છોકરાને બહાર ચાલ્યા

જવાનું કહ્યું હતું. તે સમયે એક પારસી બહેન જે પ્રોફેસર હતા તેમણે કહ્યું કે સાહેબ, તમે કહ્યું એટલે છોકરાએ પ્રશ્ન કર્યો છે, તો શા માટે તેને બહાર કાઢી મૂકો છો. તો મોરારજી દેસાઇ એ બેન ઉપર ગુસ્સે થઇને બોલ્યા કે - એ તમારો દીકરો છે ? ત્યારે ત્યાં બેઠેલ એક બીજા પ્રોફેસર પટેલ હતા તેઓ ઊભા થઇ બોલ્યા કે આ પારસીબેન એટલા બધા પ્રેમાળ છે કે આ યુનિવર્સિટીના બધા જ વિદ્યાર્થીઓને એમના દીકરા સમાન જ રાખે છે. (એ પારસીબેન અપરણિત હતા) હવે મોરારજીભાઇ વધુ ગુસ્સે થયા; એણે બધાને બહાર જવા ફરમાન કર્યું. ત્યારે આ બધો તમાશો જોતાં પ્રિન્સિપાલ જુન્નારકર ઊભા થયા. (મોરારજીભાઇ મુખ્ય પ્રધાન હતા. યુનિવર્સિટી ગ્રાન્ટ પર નિર્ભર હતી. પ્રોફેસરોને પગાર ચૂકવવાની મુશ્કેલી હતી છતાં) બોલ્યા; આ કોલેજના પ્રિન્સિપાલ તરીકે કહું છું, મોરારજીભાઇ! તમે એક પણ શબ્દ બોલશો નહીં. એ સમયે એક પ્રિન્સિપાલ એક પ્રધાન સામે આવું બેધડક બોલે એ જ મોટી વાત હતી. મોરારજીભાઇ સ્તબ્ધ થઇ ગયા. જુન્નારકર સાહેબે અડગતાથી કહેલું કે 'આ કોલેજના પ્રિન્સિપાલ તરીકે મારી કોલેજના કોઇ અધ્યાપક કે વિદ્યાર્થીનું અપમાન હું સહન નહીં કરી શકું. આ સભા હું બરખાસ્ત કરું છું.' આખી સભામાં સોપો પડી ગયો. બધા એ જ વિચારતા હતા કે હવે શું થશે ?

"સભા પૂરી થઇ ગઇ. આ સમાચાર વાયુવેગે બધેય ફેલાઇ ગયા. જુન્નારકર સાહેબ ઘેર આવ્યા..."

આટલી વાત પુષ્કર ગોકાણીએ લખી છે કેમકે તેઓ વિદ્યાર્થી હતા. એટલે ઘટના સ્થળે જે કંઇ બન્યું અને જેટલું યાદ રહ્યું તેટલું લખ્યું હતું.ડો.દિલાવરસિંહ જાડેજા સરદાર પટેલ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર હતા. તે વખતે એક શિક્ષકદિને આ વાત કરી હતી. કેમકે તેઓ તે સભાના સભાધ્યક્ષ હતા. જાડેજા સાહેબના કહેવા મુજબ જુન્નારકર સાહેબને થયું કે મારા આ વર્તનથી ભાઇકાકા નારાજ થશે એટલે એમણે રાજીનામું એટલામાં ભાઇકાકાએ જુન્નારકર સાહેબને બોલાવ્યા. જુન્નારકર સાહેબને ભાઇકાકા કંઇ ઠપકો તો આપશે. અથવા વ્યવહારુ થવાના શબ્દો સંભળાવશે. એના કરતાં રાજીનામું ધરી દેવું સારું ! જુન્નારકર સાહેબ ગયા, ભાઇકાકાને વંદન કરી કવર આપ્યું, ભાઇકાકાએ કવર લઇ ખીસ્સામાં મૂકી દીધું. પછી કહ્યું આ કવરમાં તમે શું લખ્યું એ હું જાણતો નથી. પણ મેં તમને અહીં શાના માટે બોલાવ્યા એ ખબર છે ? મેં તમને શાબાશી આપવા અહીં બોલાવ્યા છે. અભિનંદન આપવા બોલાવ્યા છે. મને આજે આનંદ થયો કે મારી કોલેજનો પ્રિન્સિપાલ આટલો નીડર અને બાહોશ છે ! તમારા જેવા પ્રિન્સિપાલને મેળવી હું ગૌરવ અનુભવું છું ' બસ! આ કહેવા જ હું અહીં આવ્યો છું.

'આ નગરના ભૂમિપૂજન વખતે સરદાર વલ્લભભાઇ પટેલે કહેલું કે - તમારે વિદ્યાર્થીઓને જે શીખવવું હોય તે શીખવજો પણ નિર્ભયતાના પાઠ પહેલા શીખવાડજો. નિર્ભયતાના પાઠ શીખવવા નિર્ભય અધ્યાપક જ જોઇએ.' આમ કહીને ભાઇકાકાએ જુન્નારકરને નવાજ્યા હતા.

---


માનદ્‌મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર, ફોન : (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail:sgpatel1948@gmail.com


(સૌજન્યઃ વ્હોટ્સઅપ ફોરવર્ડ, શ્રી રતિલાલ બોરીસાગરના વક્તવ્યના સંકલિત અંશો)

---

Science without religion is lame, religion without science is blend.
**- Einstein**

What the caterpillar calls the end of the world, the master calls a butterfly. **- Richard Bach**


ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો પદ્ય-વિભાગ ।।

### પરમારથે ચાલે પાધરા

**શીતળ**

શીલવંતા ને શૂરા સુલક્ષણા, ધીર થઇ ચાલે આગે,
વખત પડે ને વણસે નહિ, વા'લા સાહેબને લાગે,
પરમારથે ચાલે પાધરા,
નિજ ધરમને ધરી હે જી--પરમારથે૦
એ જી ભાર ઝીલે સો ભારી કઇએં, ધરણી સરખા થઇ ચાલે રે,
મળરે રહિત કંચન કઇએં, તાવે તેમ શુદ્ધ થાવે રે,
કસ આપે ને કિંમત વધે,
રંગ રૂડો લાવે હે જી--પરમારથે૦
એ જી સંત પરમારથે તરુવર જેવા, પરનાં સંકટ લેવે રે,
શીત ઉષણ પોતે સહે, સત્ય સાન સૌને દેવે રે,
નિસદિન ધ્યાવો ધરમ તે
ધરમધણીને મળીએં હે જી--પરમારથે૦
એ જી જરણા હોય તો સંત હે, અવગુણ અવરના ન ગોતે રે,
ગંગ રે સરીખા નિરમળા, દોષ પરના સૌ ધોવે રે,
શીતળ અજર અમર છે
સાધો ભાઇ, જુગતે જ રહીએ રે
પરમારથે ચાલે પાધરા૦

---

### જીવતા બાંધ્યા

**સુલતાન**

માર તો મારેલા અમને લાકડીએ
ઓસડ મળે નંઇ એનાં હાટડીએ
મીઠો મીઠો માર અમને મારવાને લાગ્યો,
જીવતા બાંધ્યા અમને ઠાઠડીએ...ઓસડ૦
ઓહમ્‌ની તો અમે બજારુંમાં હાલ્યા
ફોળી નાખ્યા અમને ફાંટડીએ...ઓસડ૦
આ રે દરદ મારું કોઇ મટાડે
સેવા કરું દિન - રાતડીએ. ...ઓસડ૦
કહે સુલતાન એવા સંત મળે અમને
દરદ મટાડે મારું વાતડીએ.
ઓસડ મળે નંઇ હાટડીએ.

### ન્યાં સાહેબ મારો નંઇ આવે

**કરમણ**

નાઇ ધોઇ કરે અસ્નાના
માયલાનો મેલ તારો નંઇ જાવે,
ધ્યાન વિનાનો ધૂન મચાવે
ન્યાં સાહેબ મારો નંઇ આવે.
વૈષ્નવ થઇ વિવેક ન જાણે, નિત ઊઠીને નાવા જાવે,
નટવા હો કર નાચ નચાવે,
ન્યાં સાહેબ મારો નંઇ આવે...નાઇ૦
જોગી હોકર જટા વધારે, કામ કરોધ બાવો બહુ લાવે,
ભવ હારે, ન્યાં સાહેબ મારો નંઇ આવે..નાઇ૦
ભમ્મર ગુફામેં સાંધે ગોટકો,
વીર વિદ્યા બાવો બહુ લાવે,
સમાધિ કરે સાધના, ન્યાં સાહેબ મારો નંઇ આવે.
ધન માલનો કરે ઢગલો, તે પણ તારી સાથે નંઇ આવે,
કરમણને ગુરુ મોરાર મળિયા,
ગરીબ થઇ ગુરુગુણ ગાવે.
નાઇ ધોઇને કરે અસ્નાના.

---

*Nothing is permanent in this wicked world, not even our troubles.* ***- Charlie Chaplin***

*A goal without a plan is just a wish.****- Antoine de Saint-Exupery***

*Strong reasons make strong actions.* ***- William Shakespeare***






## ॥ નવાં કાવ્યો ॥

### નિરક્ષર

પુષ્કરરાય જોષી

પ્રત્યેક પથ્થર
ભાવિક ભક્તની નજરે
બની જાય છે ઈશ્વર,
તેમ મારે મન પણ અક્ષર,
એટલે તો
તેની આરાધના કરતો કરતો
હું
બની જાઉં છું
કેવો સાવ નિરક્ષર !

૪૭૯, ગુજરાત હાઉસિંગ બોર્ડ,
કણકોટ પાટિયા, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫ (મો) ૯૯૨૫૧૬૫૧૬૪

*"Freshly cut Christmas trees smelling of stars and snow and pine resin—inhale deeply and fill your soul with wintry night."*

***John J. Geddes***

### મૌસમ

યોગેશ પંડ્યા

છલક છલક રંગો ભર ઉપવન
મલક મલક હર પુષ્પમ પુષ્પમ.
અપલક અપલક કલી ભ્રમર સંગ
રમત રમત હર પર્ણમ પર્ણમ !
અલકદલક કોમળ તડકાં પર અલ્હડ
અલકલટ અત્રમ તત્રમ
રંગત લાલ ગુલાબી રંગમ વદન
વરત હય નેત્રમ નેત્રમ !
છપાક છપ છપ લસરત ઝાકળ
ઝલમલ ઝલમલ કોમલ કિરણ,
ગવન ઉડત હર પવન લસરકે ઢળક
ઢળક પલ્લવ અંગેત્રમ !
નયન ભરત કચ્ચી નિંદર પર અધમધ
બિરહન રાત ગુજારન,
ખળભળ પલક સરોવર બંકર અપલમ
અંજન ચિત્રમ ચિત્રમ !
પવનમ વહનમ ખુશ્બો જલથલ
વર્ષા રુમઝુમ વનવન ઠહરત,
કોકિલ ગાવત સરગમપઘની
સા...સા...રે...રે..ગઝલમગીતમ !

૧૪૧, શિવનગર, તળાજા રોડ,
ભાવનગર-૩૬૪૦૦૨
(મો) ૯૩૭૭૧૧૪૮૯૨

## ॥ વિદ્યાવૃત્ત ॥

## એસ.એસ.પટેલ કોલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશનનું ગૌરવ

સી.વી.એમ.યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તારીખ ૩૦ મી નવેમ્બરથી ૧ ડિસેમ્બર ૨૦૨૨ એમ બે દિવસ આંતર કોલેજિયેટ ભાઇઓ તેમજ બહેનોની બાસ્કેટ બોલ સ્પર્ધાનું આયોજન શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ બન્ને વિભાગની ફાઇનલ મેચ એ.ડી.આઇ.ટી.કોલેજ અને એસ.એસ.પટેલ કોલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન વચ્ચે યોજાઇ હતી. જેમાં ટીમના કોચ રજનીકાન્ત પટેલના માર્ગદર્શન હેઠળ એસ.એસ.પટેલ કોલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશનની ભાઇઓની તેમજ બહેનોની બન્ને ટીમ વિજેતા થઇ હતી. આમ આ વર્ષે પણ સતત સારું પ્રદર્શન કરીને એસ.એસ.પટેલ કોલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન બન્ને વિભાગમાં ચેમ્પિયન થઇ હતી. વિજેતા ટીમના ખેલાડીઓને કોલેજના સમગ્ર સ્ટાફ તેમજ પ્રિન્સિપાલ બી. એલ. નાગરસાહેબે અભિનંદન પાઠવ્યા હતા.

॥ વૈભવ-વારસો ગદ્ય-વિભાગ ॥

## પ્રજાની પોતાની વીમાયોજના

**મનુભાઈ પંચોળી**

નાલંદા વિશ્વવિદ્યાલય એ બૌદ્ધકાળનું એક પ્રખ્યાત વિદ્યાધામ હતું. હિંદભરમાંથી તો ત્યાં વિદ્યાર્થીઓ આવતા જ, પણ અફઘાનિસ્તાન, બ્રહ્મદેશ, ચીન અને જાપાનમાંથીયે વિદ્યાર્થીઓ આવતા, જાણીતા ચીની પ્રવાસી હ્યુ-એન-શ્યાંગ આ વિદ્યાધામમાં પાંચ વરસ સુધી રહેલા ને વિવિધ શાસ્ત્રોમાં વિશારદ થયેલા. તેના લખવા મુજબ નાલંદામાં તે વખતે ૮,૫૦૦ વિદ્યાર્થીઓ હતા ને ૧૫૦૦ અધ્યાપકો હતા; એટલે કે લગભગ છ વિદ્યાર્થીએ એક અધ્યાપક હતો. નાલંદાના વિવિધ અભ્યાસક્રમો, ત્યાંનું પુસ્તકાલય, ત્યાંનાં મકાનો ને ઉદ્યાનો વિશે એ પ્રવાસીએ જે લખ્યું છે તે ઘણું મોહક છે. પણ નાલંદાની મહત્તાનું મુખ્ય કારણ છે આ છ વિદ્યાર્થીએ એક અધ્યાપકનું પ્રમાણ.

નદિયા અથવા નવદ્વીપ આવું જ મોટું વિશ્વ વિદ્યાલય હતું, ત્યાંના આ જાતના આંકડા નાલંદાને મળતા આવે છે. ૧૭૯૧ ની સાલમાં નદિયામાં ૧૧૦૦ વિદ્યાર્થીઓ અને ૧૫૦ અધ્યાપકો હતા.

આજે આપણા શિક્ષણની એક બહુ મોટી ખામી એ છે કે એક એક શિક્ષકના હાથ નીચે ઘણા વધારે વિદ્યાર્થીઓ મૂકવામાં આવે છે. પ્રાથમિક શાળામાં તો એક એક વર્ગમાં ૬૦-૭૦ બાળકો હોય છે. એ શિક્ષકો પોતે જ કહે છે કે, અમે એમને ભણાવતા નથી, માત્ર સાચવીએ છીએ. કોલેજના પહેલા-બીજા વર્ષમાં તો આથીયે વધારે સંખ્યા હોય છે.

શિક્ષકની પાસેથી આપણે શી અપેક્ષા રાખીએ છીએ ? બાળકના સર્વાંગી વિકાસની, ચારિત્ર્યગઠન ની. ભારેમાં ભારે જવાબદારી સોંપીને ઓછામાં ઓછી અનુકૂળતા આપવાની પ્રથા અત્યારે શિક્ષકના વ્યવસાયમાં છે. કોઈને દસ હજાર રૂપિયા આપીને કહીએ કે મિલ ઊભી કરો, તો એ ના પાડશે. પણ શિક્ષક ? એ તો હવાપ્રકાશ વિનાના નાના ઓરડામાં ૬૦ જણને ભણાવી શકે, સાધનો વિના ચલાવી શકે. ને રંગપેટી કે વાદ્યોની તો વાત જ શી ? છતાં એણે બાળકોનું ચારિત્ર્યગઠન કરવાનું ! સાંબેલું વગાડી દેવાની આજ્ઞા કરતાંયે આ કપરી છે.

કોઈ કહેશે, શિક્ષક દીઠ એટલા થોડા વિદ્યાર્થીનું પ્રમાણ રાખીએ તો તો શિક્ષણ કેટલું મોંઘું થઈ જાય ?

પણ જો નદી-બંધો કે નહેરો બાંધવાનું કામ મોંઘું હોય, બિયારણના સંશોધનનું કામ મોંઘું હોય, તો શિક્ષણનું કામ સોંઘું હોવું જોઈએ તેવી અપેક્ષા કેમ રાખવામાં આવે છે ? શિક્ષણ એ પોતાનું ભાવિ ઉજ્જવળ રહે અને આજની પેઢીની વૃદ્ધાવસ્થા વખતે તેમનું સ્થાન લઈ સમાજને સુખી કરે એવી મૂડી મેળવવા ખાતર પ્રજાને આરંભેલ વીમાયોજના છે.

નાલંદા વિહારને એના ખર્ચ માટે સેંકડો ગામો અપાયાં હતાં. નદિયા વિદ્યાલયનું સમગ્ર ખર્ચ નદિયાના મહારાજા આપતો. આજે રાજ્ય પ્રજાનું છે, એટલે પોતાનું ભાવિ ઉજ્જવળ કરવા માટે પ્રજાએ જ સારું એવું મૂડીરોકાણ કરવું પડશે.

---

અરધી સદીની વાંચનયાત્રામાંથી સાભાર

*ખરાબ સમયમાં ખભા પર મૂકેલ હાથ સફળતાની તાળીઓ કરતાં પણ મુલ્યવાન હોય છે.*

*જીંદગી બદલવા માટે લડવું પડે છે., જીંદગી સહેલી કરવા સમજવું પડે છે.*

॥ લઘુકથા-૧ ॥

## તિરાડ

**રાજેશ આણંદભાઈ વાઘેલા**

દીવાલ પરની તિરાડો ઘણી પહોળી થઇ ગઇ હતી અને ઇંટો ઝાંખી પડી ગઇ હતી. તિરાડમાં ઘૂસવા માટે છેલ્લા એક અઠવાડિયાથી એક ખિસકોલું પ્રયત્ન કરતું હતું. એના પ્રયત્નને હું દરરોજ ખાટલામાં પડ્યો પડ્યો નિરખતો. "ખિસકોલું સફળતાને પામશે કે ?" મન વિચારતું."કે પછી હારી થાકીને કોઇ બીજું જ ઘર ગોતશે ?"

આખરે આજે એ ખિસકોલું તિરાડમાં ઘૂસવામાં સફળ થઇ ગયું. એ જોઇને હું મારું બધું દુઃખ ભૂલી ઉત્સાહમાં આવી જઇને ખાટલામાંથી ઊભો થવા ગયો. એ સાથે જ વાંસામાં સબાકો નીકળી ગયો. ત્યારે ભાન આવ્યું કે.. પડખું ફરવા શરીર સાથ ક્યાં આપતું હતું ?? સાથો સાથ ખાટલાની ઇસોએ પણ કરડાકી બોલાવી. કંઇ કેટલીક વાર ખાટલો સરખું કરવાનું કીધેલું પણ કોઇ કાન સરવું દેઇ તો ને ! ધીરે ધીરે એ પણ કે'વાનું બંધ કરી દીધેલ.

જ્યારે નવું મકાન બનાવ્યું હતું એ સમયે રાહુલની બા કે'તી કે "મકાનની સાથોસાથ જ પ્લાસ્ટર-લાદીનું કામ પણ કરી જ નાખો ને!" મેં એ સમયે ના પાડતા કહેલઃ "રાહુલનું પોતાની ગમતી કોલેજમાં એડમિશન થઇ જવા દે ને! એ પછી બધું થઇ જશે." એ પછી તો વર્ષોના વર્ષો નીકળી ગયાં પ્લાસ્ટર કરાવવાં કરાવવામાં.

તિરાડમાંથી ખિસકોલું બહાર નીકળી ને સીધું રાહુલની બાની છબી ટીંગાતી હતી ત્યાં ગયું ને ઇંટ પર મારેલ ખીલી હલતાં છબી નીચે પડી. છબી પરનો કાચ તો પહેલા જ તૂટી ગયો હતો એટલે કાચ તૂટવાનો અત્યારે કોઇ સવાલ જ નહોતો. નવી છબીનું પણ ઘણીય વાર કીધેલું પણ...

સાંજ સુધી રાહુલની બા એમ જ નીચે પડી રહેશે. મારું હૃદય એને ઊભી કરવા મથે, ત્યાં જ પેલી ખાટલાની ઇસ કરડાકી બોલાવે. સાંજે એ આવ્યો ત્યારે બાજુમાંથી ચાલ્યો ગયો પણ એની બાને ઊભી ન કરી. નાછૂટકે હું બોલ્યોઃ "ભાઇ, તારી બાને ઊભી કરને. પેલી ખિસકોલીએ પાડી દીધી." ત્યારે એ મોઢું બગાડતાં બગાડતાં બબડ્યોઃ "બાપુ, તમે પણ ખરા છો ! એ જીવતી હોય એમ કરો છો હોં !" પછી એણે ઉતાવળે ઉતાવળે ઇંટમાં ખીલી ઠોકીને છબીને જેમ તેમ ટાંગી દીધી."

રાહુલ નાનો હતો ને ચાલતા શીખ્યો પછી એ દોડાદોડી બવ કરતો ત્યારે એની મા કે'તી, "ધીરે બેટા ધીરે, પડીશ તો વાગશે." એ જ શબ્દો મને છબીમાંથી અત્યારે સંભળાતા હતા.

"ધીરે બેટા ધીરે, વાગશે.." અને મારું હૈયું પેલી તિરાડ ઝડપથી મોટીને મોટી થાતી જાય એવી ઝંખના કરવા લાગ્યું.

(તલાટી કમ-મંત્રી),
મુ. મોટી ખેરાળી, તા. રાજુલા, જિ. અમરેલી,
પીનકોડ-૩૬૫૫૬૦(મો) ૮૧૪૧૩૫૩૧૮૬
ઇ-મેઇલ : rsvaghela85@gmail.com.

॥ વિદ્યાવૃત્ત ॥

**એસ.એસ.પટેલ કોલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશનનું ગૌરવ :** સી.વી.એમ. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તારીખ ૩૦મી નવેમ્બર થી ૧ ડિસેમ્બર ૨૦૨૨ એમ બે દિવસ આંતર કોલેજિયેટ ભાઇઓ તેમજ બહેનોની બાસ્કેટ બોલ સ્પર્ધાનું આયોજન શાસ્ત્રીમેદાન વલ્લભ વિદ્યાનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ બંને વિભાગની ફાઇનલ મેચ એ.ડી.આઇ.ટી. કોલેજ અને એસ.એસ.પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન વચ્ચે યોજાઇ હતી. જેમાં ટીમના કોચ રજનીકાન્ત પટેલના માર્ગદર્શન હેઠળ એસ.એસ.પટેલ કોલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશનની ભાઇઓની તેમજ બહેનોની બન્ને ટીમ વિજેતા થઇ હતી, આમ આ વર્ષે પણ સતત સારુ પ્રદર્શન કરીને એસ.પટેલ કોલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન બન્ને વિભાગમાં ચેમ્પિયન થઇ હતી. વિજેતા ટીમના ખેલાડીઓને કોલેજના સમગ્ર સ્ટાફ તેમજ પ્રિન્સિપાલ બી.એલ. નાગર સાહેબે અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976-9609

॥ લઘુકથા-૨ ॥

## બાદબાકી

**મનસુખ સલ્લા**

સુમન્તભાઇએ પગ લંબાવ્યા. પાછળ તકિયો ગોઠવી, સહેજ ઢળી, આંખો બંધ કરી. મનમાં ઊથલપાથલ ચાલુ જ હતી. 'હાશ, કોરોનાનું વાતાવરણ તો પૂરું થયું. કોઇનો ફોન આવે તોય અમંગળની આશંકાથી હલી જવાતું કેટલા બધાં સ્વજનો ફુગ્ગો ફૂટે એમ ચાલ્યાં ગયા ! જાણે તાંડવ ખેલાઇ ગયું. તેમણે આંખ ખાલી. ફોન હાથમાં લીધો. ફોન પાછો બાજુમાં મૂકી દીધો. કાંઇ ન વિચારવું એમ વિચાર્યા પછીય વિચારો ધક્કામૂકી કરતા હતા.

તેમણે મનને તૈયાર કર્યું. જેમના મૃત્યુ થયાં હતાં એમનાં નામ બાદ કરી શકાય. કામમાં ગૂંથાવાથી સારું લાગશે એમ માની મોબાઇલ હાથમાં લીધો. એક પછી એક એમ પંદરેક નામ બાદ કર્યા. મન પર ભાર વધી ગયો. જાણે એકમેકને વિદાય ન આપતા હોય ! એમાંના કેટલાક તો પોતાનાથી દસ-પંદર વર્ષ નાનાં હતાં ! જાણે મટકું મારતાં ચાલ્યાં ગયાં ! તેઓ મોબાઇલને આમતેમ ફેરવતા રહ્યા. પાછો નીચે મૂકી દીધો.

સામેના વૃક્ષને જોઇ રહ્યા. આકાશના કેનવાસમાં વૃક્ષને ચોંટાડી દીધું હોય એમ સ્થિર થઇ ગયું હતું. વૃક્ષને વળગી રહેલા પાન સુમન્તભાઇને પોતિકાં લાગ્યાં. પાન તૂટીને પડે ત્યારે વૃક્ષને કાંઇ થતું હશે ? ત્યાં જોરથી પવન વાયો. એક પાન ડાળથી છૂટું પડી ચક્કર ચક્કર ફરી ધરતી પર પડ્યું. બધા સ્વજનો આમ જ ખરી પડ્યાં હતાં. જોવાનું ટાળતા હોય એમ સુમન્તભાઇએ આંખો બંધ કરી દીધી. પરંતુ મૃત વ્યક્તિઓના સ્મરણથી મન બેસ્વાદ બની ગયું. છેલ્લે મોં જોવાય ન મળ્યું. ઓક્સિજનનો બાટલો મેળવતા તો અર્ધા થઇ ગયા હતા. તેઓ ખમી ન શકયા, આંખ ઊઘડી ગઇ.

મોબાઇલમાં જોયું તો પોતે આર આગળ અટક્યા હતા. ત્યાંથી આગળ જોવાનું શરૂ કર્યું. ત્રણેક નામ બાદ કર્યા. એસ. શરૂ થયો. થોડીવારમાં સ્ક્રીન ઉપર વંચાયું. 'સુમન્ત એલ. દેસાઇ'. જાણે બીજા કોઈના નામને વાંચતા હોય એમ પોતાના નામને જોઇ રહ્યા. ઠંડીનું લખલખું શરીરમાંથી પસાર થઇ ગયું. યંત્રવત નામ રદ કર્યા હતાં એમ ઓળંગી આગળ વધી તેઓ અટકી ગયાઃ 'હું તો જીવતો છું મારું નામ હું કેમ રદ કરું ?' પ્રશ્ન તેમને હલાવી ગયો. આંગળી પાછી વળી. પણ આટલાં સ્વજનો ગુમાવ્યા પછી આને જીવવું કહેવાય ખરું ? તેઓ મનથી આમથી તેમ ફંગોળાતા રહ્યા. સુમન્તભાઇની આંગળી અવશપણે કીબોર્ડને અડી ગઇ. પોતાનું નામ બાદ થઇ ગયું.


પૂર્વ આચાર્ય,<br>
સી/૪૦૩, સુરેશ એપાર્ટમેન્ટ,<br>
દેવાશિષ પાર્ક સામે, જજીસ બંગલો વિસ્તાર,<br>
અમદાવાદ-૩૮૦૦૧૫, (મો) ૯૮૨૪૦૪૨૪૫૩<br>
Email: mansukhsalla.@gmail.com


॥ વિદ્યાવૃત્ત ॥

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદામંદિર પ્રાથમિક વિભાગનું ગૌરવ :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદામંદિર, પ્રાથમિક વિભાગની ૧૩ વિદ્યાર્થિનીઓએ વીસમી હરિહર ભક્તિગીત સ્પર્ધા તથા વૈષ્ણવ સમર્પણ ટ્રસ્ટ આયોજિત ગીતા જયંતિ નિમિત્તે શ્લોક ગાન તથા વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં હરિહર ભક્તિગીત સ્પર્ધામાં વ્યક્તિગત સ્પર્ધામાં અદિતિ સરગરાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ગીતા જયંતિની શ્લોક ગાન સ્પર્ધામાં નિર્વી અમીન તૃતીય તથા વકતૃત્વ સ્પર્ધામાં દેવાંશી વ્યાસ, ઉજાશ પ્રજાપતિ તથા દિક્ષા ગોહેલે આશ્વાસન ઇનામ પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવેલ છે. વિદ્યાર્થિનીઓને તૈયાર કરાવનાર મ.શિ.ચિરાગભાઇ પરમાર તથા દીપ્તિબેન મેઘાને તથા ભાગ લેનાર અને વિજેતા વિદ્યાર્થિનીઓને શાળાના આચાર્યા જિગીશા શાહે અભિનંદન પાઠવ્યા છે.

## ॥ ઈતિહાસની આરસી ॥

## “વડનગરની સાંસ્કૃતિક સમૃદ્ધિ તેના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં”

**મૃગેશભાઈ એમ. નાયક**

કાલના માપમાં આવે એવો ગુજરાતનો ઈતિહાસ ઇ.સ.પૂ. ચોથા સૈકાના છેલ્લા ચરણમાં શરૂ થાય છે, જ્યારે એની પહેલાનો માનવ-સંસ્કૃતિનો ઈતિહાસ આદ્ય પાષાણયુગથી શરૂ થાય છે. ૧ લી મે, ૧૯૬૦ થી ગુજરાત ભારત સંઘમાં અલગ સમકક્ષ રાજ્યનો દરજ્જો ધરાવતું થયું. એને અહીં એની ઉત્તર મર્યાદા તરીકે રાખવામાં આવ્યું છે. ગુજરાતનો પ્રાદેશિક ઈતિહાસ આ પ્રદેશને માટે “ગુજરાત” નામ પ્રયોજાયું એ પહેલા ઘણો વહેલો શરૂ થાય છે. સોલંકી કાળ પહેલા આ પ્રદેશ પશ્ચિમે “સૌરાષ્ટ્ર” અને “કચ્છ” નામે, ક્યારેક ઉત્તરે “આનર્ત” નામે અને ક્યારેક દક્ષિણે “લાટ” નામે જાણીતો હતો. “ગુજરાત” વર્તમાન નામ આ પ્રદેશ માટે સોલંકી કાલમાં પ્રચલિત થયું.[૧]

વડનગર, જૂનું આનર્તપુર. તે જ પ્રાચીન ચમત્કારપુર. ત્યાં (ચમત્કારપુરમાં)આનંદેશ્વર રૂપે શિવ ખ્યાતિ પામ્યા તેથી તેનું નામ આનંદપુર પડ્યું.

આનંદપુર તે ડૉ.ફ્લીટને મતે ખેડા જિલ્લાનું આણંદ અને બર્જેસને મતે કાઠિયાવાડમાં વળી (વલભી) ની વાયવ્યે પચાસ માઈલ પરનું આનંદપુર; પણ સ્ટિવન્સન, વિવિયેન દ સેંટ-માર્ટેન, ડો.બ્યુલર અને ડો.રા.ભાંડારકરનો મત અર્વાચીન વડનગરના પક્ષમાં છે. બોમ્બે ગેઝેટિયર પણ કરે છે કે વડનગરનું આ ખરું નામ હોય, અથવા તો પછી જૂના આનર્તપુર નામ ઉપરથી તે આનંદપુર છે એમ દર્શાવવા ઉપજાવી કાઢેલું નામ હોય. આને ઉપરના પૌરાણિક નામ નિર્વાચીનથી ટેકો મળે છે, કેમકે ચમત્કારપુર તે જ આનર્તપુર છે. આનર્તપુર અને આનંદપુર તે એક જ છે એ વલભી રાજાઓના દાનપત્રોથી નક્કી થાય છે. શર્કરાક્ષિ-ગોત્રના કેશવમિત્રના પુત્ર નારાયણમિત્રને બે દાનપત્રો મળ્યા છે. તેમાં ધરસેન ચોથાનું (વ.સં.૩૩૦) તેને આનર્તપુર કહે છે અને ખરગ્રહ બીજાનું (વ.સં.૩૩૭) આનંદપુર કહે છે. એ ઉપરથી વલભી-સમયમાં એક જ શહેર માટે આનર્તપુર અને આનંદપુર નામ વપરાતાં એ સ્પષ્ટ સમજાય છે. શ્રી અ.સ.અલ્તેકર યોગ્ય ધ્યાન ખેંચે છે કે પાછલા દાનપત્રો (શીલાદિત્ય બીજો-વ.સં.૩૫૨, ખરગ્રહ બીજો-વ.સં.૩૩૭, શીલાદિત્ય છઠ્ઠો-વ.સં.૪૪૭ વ.ના) માં આનંદપુર નામ જ મળે છે. અને માત્ર આગલાં દાનપત્રો જ આનર્તપુર આપે છે એ સૂચક છે.[૨]

ઉત્તર ગુજરાત માત્ર; આનર્તપુર-હાલનું વડનગર-જેની રાજધાની હતું તે પ્રદેશ.

‘ભુવનકોશવર્ણન’માં આનર્તનો સૌરાષ્ટ્રથી નોખો સ્વતંત્ર ઉલ્લેખ મળે છે. મત્સ્ય, બ્રહ્માંડ અને વાયુ-કચ્છ, સૌરાષ્ટ્ર, અર્બુદ ઉપરાંત આનર્તની અપરાન્તની અંતર્ગત થયેલા પ્રદેશોમાં ગણના કરે છે. કર્ણપર્વમાં ભીમને સારથિ વિશોક યુદ્ધભૂમિ પરના લડવૈયાઓમાં આનર્તકો ઉપરાંત સુરાષ્ટ્રોને પણ ગણાવે છે.[૩]

ડો.આનંદશંકર ધ્રુવ બોમ્બે ગેઝેટિયર અનુસાર ‘આપણો ગુજરાત પ્રાંત આનર્ત, સૌરાષ્ટ્ર અને લાટ એ ત્રણ પ્રદેશ મળીને થયેલો છે’ એમ કહી આનર્તની સરહદ આપે છે.: ‘એ ઉત્તરે આબુ, પશ્ચિમે કાઠિયાવાડ, પૂર્વે માળવા અને દક્ષિણે મહી અને ખંભાત અને લગભગ નર્મદાના કાંઠા સુધી પહોંચે છે; એનાં મુખ્ય પ્રાચીન નગરોઃ વડનગર, ચાંપાનેર, અણહિલવાડ પાટણ, કર્ણાવતી (હાલનું અમદાવાદ) અને ખંભાત.

કોઈપણ એક ધંધો કરનાર વસ્તી વિભાગ ઉપરથી આખા પ્રદેશને નામ મળ્યું સૂચવવું એ જોખમ ભરેલું છે. તેમ છતાં અહીં નૃત ઉપરથી આનર્ત એવો તર્ક તેના પક્ષમાં મળેલી સામગ્રી ઉપરથી વિદ્વાનો આગળ વિચારવા માટે રજૂ કર્યો છે. ખાસ કરીને એટલા માટે આજે પણ વિસનગર-વડનગર (પ્રાચીન આનર્તપુર) - ઇડર એ પ્રદેશમાં ‘દોઢિયા તાલ’ની વિશિષ્ઠ નૃત્યભંગી સાચવતી, સંગીતકુશલ, નટકલાનિપુણ ‘નાયક’ જ્ઞાતિ વસે છે.[૪]

 ISSN 0976-9609

હાલનું વડનગર, જૂનું ચમત્કારપુર, નગર આર્નતાધિપતિ પોતાની કન્યા રત્નવતીને આવીને પરણી જવા દશાર્ણાધિપતિને નોંતરે છે. તે આવે છે તે દરમ્યાન ત્યાંના એક બ્રાહ્મણના પ્રાયશ્ચિત્તાર્થે રત્નવતીને દોષ અડે એવું બને છે, એ ઘટનામાં પૂરનું નામ 'ચમત્કારપુર' આપવામાં આવ્યું છે. તે નગરમાં આવીને વાત જાણી વિરક્તિ પામી દશાર્ણાધિપતિ સ્વસ્થાને જવા પાછો ફરે છે. ચમત્કારપુર હાટકેશ્વરમાં આવેલું છે, જ્યાં આનર્તેશ્વર છે. આનંદેશ્વર ઉપરથી આનંદપુર નામ નગરને મળ્યું. તેમ આ આનર્તેશ્વર ઉપરથી આનંદપુર નામ શક્ય છે. આ વર્ણનો ઉપરથી ચમત્કારપુર એ જ આનર્તપુર ઠરે છે. ચમત્કારપુર તે જ નાગરોનું 'નગર'. આ નગરોના ગામમાં રાજ્યાભિષેક પૂર્વે દરેક આનર્તાધિપતિ ભક્તિપૂર્વક જતો.[૫]

નાગરો પોતાને ગુજરાતના સર્વથી ઊંચા અને સુધરેલા બ્રાહ્મણો કહે છે. ગુજરાતમાં સર્વથી પહેલી શર્યાતોની આર્ય જાતિ અને યાદવો આવેલા. અ લોકો આજે કઇ જ્ઞાતિઓમાં છુપાઇ રહેલા છે તે કહેવું મુશ્કેલ છે. ઘણી જ્ઞાતિઓનાં નામો આજે ભૌગોલિક સ્થળો ઉપરથી પડેલા છે અને એવી જ્ઞાતિઓનો ઇતિહાસ પ્રસિદ્ધ હોવાથી એમનાં વર્ણન અહીં અસ્થાને છે. ભાર્ગવ બ્રાહ્મણો જેવા નામ પ્રાચીન ઋષિઓના નામ વ્યક્ત કરે છે અને એવા નામ ભૌગોલિક નામો નથી એટલું નોંધીને એની વિસ્તૃત ચર્ચા કરવી અગત્યની નથી. નાગર જ્ઞાતિમાં એથી જુદું છે અને એ માટે મોટા વિદ્વાનો હજી એક મત થયા નથી એટલે એક અનુમાન અહીં ઉમેરવું યોગ્ય જણાય છે.

એક રીતે તો નગર-વડનગર ઉપરથી નાગરોની જ્ઞાતિ થઇ એમ સામાન્ય રીતે મનાય છે, પરંતુ એ લોકો ગુજરાતમાં ક્યારે આવ્યા ? અગર એ લોકો સૌથી પ્રાચીન બ્રાહ્મણો છે ? એ સિદ્ધ કરવું મુશ્કેલ છે. બીજી ભૌગોલિક સ્થળનાં નામોવાળી જ્ઞાતિઓનાં નામો તે તે સ્થળોને સપષ્ટ રીતે સૂચવે છે પરંતુ નગર નામવાળા એક કરતાં વધારે સ્થાન છે; અને વડનગર હાલ નાગર જ્ઞાતિનું મૂળ સ્થાન મનાય છે. એટલે એ જ મૂલસ્થાન હશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે, કારણ કે નવમી સદીથી પહેલાં ગુજરાતનાં બ્રાહ્મણોનું નગર નામ મળતું નથી. દેખીતી રીતે તો વડનગર ઉપરથી નાગર નામ પડ્યાની માન્યતા ચાલે છે એટલે એને પણ બીજી જ્ઞાતિઓની પેઠે ભૌગોલિક નામ ગણવામાં આવે, પરંતુ એમ માનવામાં કેટલોક ભારે વિરોધ પણ છે.[૬]

સ્કંધપુરાણમાં નાગરો વિશે 'નાગર ખંડ' લખાયેલો છે. સમગ્ર ગુજરાતના વડનગરા નાગરોની વસ્તી અઢી લાખની થવા જાય છે. સર્વ નાગરોનું મૂળ વતન વડનગર ગણાય છે. સમય જતાં તેઓ અન્ય સ્થળોએ વસવા લાગ્યા. નાગરોમાં છ વિભાગ છે.

| | | |
|---|---|---|
| ૧. | વડનગરા | મૂળ વડનગરમાં રહેનારા |
| ૨. | વિસનગરા | વિસનગરના |
| ૩. | સાઠોદરા | ડભોઇ પાસે સાઠોદના |
| ૪. | પ્રશ્નોરા | ભાવનગર પાસેના પ્રશાંતપુરના |
| ૫. | ચિત્રોડા | ચિત્રોડાના |
| ૬. | કૃષ્ણોરા | કૃષ્ણપુરના |

આમાંથી કૃષ્ણોરા અને ચિત્રોડા વિભાગ નામશેષ થઇ ગયો છે. વડનગરા નાગરોમાં બે પેટા વિભાગ છેઃ ગૃહસ્થા અને ભિક્ષુક. રાજકારભાર સંભાળતા તે ગૃહસ્થા ગણાયા અને ધાર્મિક ક્રિયાકાંડ કરનારા તે ભિક્ષુક ગણાયા. નાગરોની આશરે ૧૦૦ જેટલી અટકો છે. તેમાંની કેટલીક તો વિચિત્ર છે. જેમકે હાથી, ઘોડા, માંકડ, મચ્છર, મંકોડી, મેઢ, બૂચ વગેરે.

ઊજળો વાન અને સૌષ્ઠવયુક્ત શરીર એ નાગર પ્રજાની ઓળખનું પહેલું લક્ષણ છે. 'નાગરથી ઊજળા કોઢિયા' એ કહેવત દર્શાવે છે કે, કોઢના રોગી સિવાય નાગર જેટલો ઊજળા વર્ણનો માનવી સમાજમાં કોઇ હોતો નથી.

નાગરોમાં કન્યાની અછત રહેતી એટલે કન્યાપક્ષને વરપક્ષે ઘણું ધન આપવું પડતું. 'રૂપયે ભરે ગાગર, ત્યારે પરણે નાગર' એ કહેવત ઘણું કહી

જાય છે. નાગરો સુશિક્ષિત છે. સ્ત્રી-સન્માનની ભાવના પણ તેમનામાં ઘણી. સ્ત્રી શિક્ષણ નહોતું એ જમાનામાં પણ નાગર કન્યાઓ ઘેર રહીને સાહિત્ય, સંગીત અને શિક્ષણથી માહિતગાર હતી.

વહીવટી કાર્યોમાં પાવરધા નાગરો રાજા-રજવાડામાં દીવાનગીરી કરતા. ગોવર્ધનરામ ત્રિપાઠી ભાવનગર રાજ્યના મુખ્ય કારભારી શામળદાસના સલાહકાર હતા. ૧૮૯૮ માં તેમને કચ્છનું દીવાનપદ મળતું હતું. પરંતુ તે જતું કર્યું.[૭]

મહેસાણાથી ૩૫ કિલોમીટર દૂર આવેલું વડનગર ઊંચા ટેકરા પર વસેલું છે એટલે સંભવ છે કે કોઇ પ્રાચીન નગર ભૂસ્ખલનને લીધે દટાઇ ગયું હોય અને તેના પર નવું નગર વસ્યું હોય. વડનગરના પ્રખ્યાત કીર્તિ સ્તંભ (તોરણ)ની પાછળ, કોટ વિસ્તારની બહાર, નવાપુરા રોડ નજીક ખેતરમાં ઉત્ખનન કરતાં દોઢેક હજાર વર્ષ જૂનું, ઇંટોથી બનેલું ઘર મળી આવ્યું છે. પુરાતત્ત્વવિદ શ્રી વાય.એસ. રાવતનું માનવું છે કે આ ઘર ત્રીજી સદી આસપાસનું, ક્ષત્રપ કાળનું હોઇ શકે. ઇ.સ.ના ચોથા સૈકામાં આનંદપુરની સ્થાપના થઇ ચૂકી હતી એવા ઉલ્લેખો મળે છે. શક-ક્ષત્રપોના સમયમાં એ વિદ્યમાન હતું. ઉત્ખનનમાં આજુબાજુમાંથી ઘંટીનું પડ, શંખનાં ઘરેણાં, મુદ્રા, તૂટેલા મુખવાળું બળદનું રમકડું, માનવાકૃતિનું રમકડું, કાચનો મણકો, તાંબાની બંગડી, ઘોડાની નાળ વગેરે અવશેષો મળી આવ્યા છે.

તે પછી વડનગરની આસપાસના ત્રણેક સ્થળોએ ખોદકામ કરવામાં આવ્યું. વડનગરના પીઠોરી દરવાજાના કોટને અડીને બહાર લગભગ ત્રણેક મીટર ઊંડું ખોદકામ કરવામાં આવ્યું, ત્યાં કિલ્લાનો પાયો દેખાયો. સોનાનો તાર વીંટળેલી શંખની બંગડી પણ મળી છે. કપિલા નદીની નજીક વિષ્ણુની ત્રણ મૂર્તિઓ મળી આવી છે. તે વડનગરના મ્યુઝિયમમાં મૂકવામાં આવી છે. ઘાસકોળ દરવાજા પાસે ખોદકામ કરતાં ઇ.સ.પૂ.ત્રીજી સદીથી માંડીને સોલંકી કાળ સુધીના નમૂના મળ્યા છે. ભગવાન બુદ્ધની ભગ્ન મૂર્તિ, બ્રાહ્મી લિપીમાં (દેવ શ્રી ઋષિ) લખેલી માટીની ઠીકરી અને પાઘડીવાળો માનવ ચહેરો મળ્યો છે.

ઇ.સ. ૧૯૫૩ માં વડોદરા રાજ્ય મ્યુઝિયમ ખાતાના ડો. સુબ્બારાવ અને ડો.રમણલાલ નાગરજી મહેતાએ ઉત્ખનનને આધારે જણાવ્યું હતું કે, વડનગરના ચાર ભાગ પાડી શકાય છે.

૧. સૌથી નીચેનો - થર ઇ.સ.પૂ.પાંચમી સદીનો

૨. તે પછીનો - ઇ.સ.ની આસપાસનો

૩. ત્રીજો ઉપરનો થર - ઇ.સ.પાંચમી સદીની આસપાસનો

૪. છેલ્લો સૌથી ઉપરનો થર - તે આજના સમયનો.

ઇતિહાસ દર્શાવે છે, તેમ વડનગર ક્ષત્રપકાળમાં મોટું નગર હતું. પહેલાં ક્ષત્રપ રાજા નહપાનના જમાઇ ઉપલદત્તે કુરુક્ષેત્રમાંથી કેટલાક બ્રાહ્મણ કુટુંબોને આનર્તપુરમાં વસાવ્યા હતા.

ઇ.સ. ૬૪૨માં ચીની પ્રવાસી હ્યુ એન સંગે વડનગરની મુલાકાત લેતાં નોંધ્યું છે કે, આ શહેરનો વિસ્તાર ૩૩ માઇલ છે. એના નાગરિકો બુદ્ધિમાન અને સંસ્કારી છે. ઇ.સ.૧૯૫૦ માં ‘આઇને અકબરી’માં અરબ મુસાફર અબુલ ફઝલ નોંધે છેઃ ‘આ એક પ્રાચીન મોટું શહેર છે. તેમાં મોટાભાગના બ્રાહ્મણો વસે છે. શહેરમાં ૩૬૦ જેટલાં મંદિરો છે. ઇ.સ. ૧૦૧૦ માં આનંદપુરના વતની અને વેદ-વેદાંતના ભાષ્યકાર ઉવ્વટે અવન્તિમાં ‘વાસનેય સંહિતા’ પર ભાષ્ય રચ્યું હતું.

વડનગરનું બીજું ઐતિહાસિક સ્થળ તે દક્ષિણ દિશાએ આવેલું શર્મિષ્ઠા તળાવ છે. ૧૬મી સદીના અબુલ ફઝલે શર્મિષ્ઠા તળાવનો ઉલ્લેખ કર્યો છે. તળાવથી ૧૧ માઇલ દૂર આવેલી બાણગંગા નદીના પાણીથી આ તળાવ છલોછલ રહેતું હતું. હવે તો નર્મદાના નીરની એક નહેર સાથે જોડવામાં આવી છે. તેથી તેમાં બારેમાસ પાણી રહે છે.

તાના-રીરીની દહેરીઓના નિર્માણ પાછળ એક ઇતિહાસ છે.વડનગરમાં રહેતી તાના અને રીરી નામની બે બહેનોની કથા રોમાંચક છે. બંને કન્યાઓ સંગીત કલામાં નિષ્ણાત હતી. તેને વડનગર પરણાવવામાં આવેલી. શર્મિષ્ઠાની કૂખે બે પુત્રીઓ જન્મી તે તાના અને રીરી. બંને કલાનિપુણ હતી.


ISSN 0976-9609

આજે વડનાગરમાં તાના અને રીરી બહેનોની સમાધિ મહાકાલેશ્વર મહાદેવના મંદિરની પાછળ આવેલી છે, જ્યાં પહેલા નાગર બ્રાહ્મણોનું સ્મશાન હતું. હમણાં તો સરકારે આ દહેરીઓ પાસે નાનો બગીચો બનાવ્યો છે અને જમીન ફરતો કોટ બનાવેલો છે. દર વર્ષે શિવરાત્રિએ સંગીતકારો બહારથી અહીં આવે છે. અને શ્રદ્ધાંજલિ રૂપે રાગરાગિણીના આલાપ કરે છે.

શહેરની પશ્ચિમ દિશાએ નદીઓળ દરવાજા પાસે વડનગરનો સાંસ્કૃતિક વારસો સાચવતું, લગભગ ૫૦૦ વર્ષ પુરાણું, નાગરોના ઇષ્ટદેવ હાટકેશ્વર મહાદેવનું મંદિર છે. હાટક એટલે સોનું. હાટકેશ્વરના પ્રાગટ્ય અંગે 'સ્કંધપુરાણ'ના નાગરખંડમાં વર્ણવ્યા પ્રમાણે દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો, તેમાં શિવજી આમંત્રણ નહોતું છતાં ગયા. ત્યાં તેમનું અપમાન થતાં સતીએ યજ્ઞકુંડમાં ઝંપલાવીને આત્મવિલોપન કર્યું. આથી મહાદેવજીને દુઃખી થઇને પાતાળમાંથી પૃથ્વી પર આવવા વિનવ્યા. ત્યારે શિવજી વડનગરમાં સોનાના લિંગ સ્વરૂપે પ્રગટ થયા. હાલનું શિવલિંગ કાળા પથ્થરનું છે.

**વડનગરમાં કેટલાક જિનાલયો (દેરાસરો) છે. તેમાં મુખ્ય બે છે:**

૧. ચૌટાવાળું ભગવાન ઋષભદેવનું જિનાલય, તેમાં નીચેના ભોંયરામાં પાર્શ્વનાથ અને નેમિનાથની પ્રતિમાઓ છે.

૨. હાથીવાળું મહાવીર સ્વામીનું જિનાલય, તેમાં મહાવીર સ્વામીની મૂર્તિની આજુબાજુ શાંતિનાથ અને ઋષભદેવની મૂર્તિઓ છે.[૮]

વડનગરના દક્ષિણ-પશ્ચિમ પ્રાંતભાગે અમથોર માતાના દરવાજા બહાર અજયપાળ મહાદેવ પાસે ગૌરીકુંડ આવેલ છે. કુંડના પાતાળમાં ગંગાજીનું પાણી આવે છે એવી લોકમાન્યતા છે, પરંતુ કુંડ બાંધતી વખતે જમીનની અંદરના ઝરણાનું પાણી એક સ્થળે એકઠું થઇ પાળ વાટે કુંડમાં આવે તેવી યોજના હોય એ વધુ સંભવિત છે.

આ કુંડ નંદાખ્ય શ્રેણીનો એટલે કે લંબચોરસ ઘાટનો છે અને તેમાં ચારે બાજુએથી ઊતરવાનાં પગથિયાંઓ તથા વચ્ચે પગથારની રચના છે. પગથારની દીવાલોમાં અનેક વિદ્યાસુંદર અને કલાત્મક મૂર્તિશિલ્પો મૂકેલા છે. કુંડના શિલ્પોનું અચોક્કસ માપ અને ગોઠવણી ઉપરોક્ત અનુમાનને ટેકો આપે છે. આ શિલ્પ ગોઠવણી કુંડના ભાગના બે પગથારની ભીંતોમાં વહેંચાઇ જાય છે.

ગૌરીકુંડના બંને પગથારમાં આવેલાં શિલ્પોની ગોઠવણી કોઇ પૂર્વ યોજના રહિત હોવાને કારણે કોઇ નિયતક્રમ જળવાયો નથી. આ કુંડના શિલ્પો કેટલાંક નવીન ઉમેરણોને કારણે ગુજરાતની શિલ્પ પરંપરામાં મહત્ત્વનું પ્રદાન કરતાં જણાય છે. આ કુંડ સોલંકીકાલ દરમ્યાન બંધાયેલો જણાય છે.[૯]

હાલનું વડનગર તાલુકા મથક બન્યું છે. અહીં આઇ.ટી.આઇ., નવોદય વિદ્યાલય, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલજ, પોલીટેકનિક કોલેજ, કોર્ટ સંકુલ, કોમર્શિયલ કોમ્પલેક્ષ, મ્યુઝિયમ, રેફરલ હોસ્પિટલ, કર્મચારી વસાહત, વહીવટી સંકુલ અને હેલિપેડ પણ છે. ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવને રૂા. ૭૫/- લાખના ખર્ચે સમરાવવામાં આવ્યું છે.

શાસ્ત્રીય સંગીતની નિષ્ણાત બહેનો તાના-રીરીની યાદમાં વડનગરમાં અંદાજે રૂપિયા ત્રીસ લાખના ખર્ચે રાજ્યનું પહેલું અને અનોખું સંગીત વાદ્યોનું સંગ્રહાલય થશે. તેમાં શાસ્ત્રીય સંગીત, લોકસંગીત અને પરંપરાગત સંગીતના વાદ્યો અને તેના ઇતિહાસની જાણકારી આપવામાં આવશે.[૧૦]

(ગુજરાતની ગરિમાને જાળવવામાં વડનગરે પોતાનો વટ જાળવી રાખ્યો છે.)[૧૧]

**પાદનોંધ :**


૧. પરીખ રસિકલાલ છોટાલાલ (સંપાદક), "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ", ભો.જે.અધ્યયન-સંશોધન વિદ્યાભવન, દ્વિતીય સંસ્કરણ ગ્રંથ-૧, અમદાવાદ, ૨૦૦૪, પૃ. ૧-(પ્રસ્તાવના)

૨. જોષી ઉમાશંકર, "પુરાણોમાં ગુજરાત",

ગુજરાત વિદ્યાસભા, બીજી આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૧, પૃ.૩૫-૩૬.

૩. એજન-પૃ.૩૮

૪. એજન-પૃ.૩૯-૪૦

૫. એજન-પૃ.૪૨-૪૩.

૬. જોટે ભીમરાવ રત્નમણિરાવ, "ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ - ઇસ્લામ યુગ," ગુજરાત વિદ્યાસભા, ત્રીજી આવૃત્તિ, ખંડ-૧, ભાગ-૧-૨, અમદાવાદ ૧૯૬૮, પૃ.૨૧૬, ૨૧૭.

૭. ડો.વાળંદ નરોત્તમ, "ગુજરાત-દીપોત્સવી અંક", માહિતી કમિશનરની કચેરી, ગાંધીનગર, ૨૦૦૮, પૃ.૧-૨૫, ૨૬.

૮. એજન-પૃ.૧-૨૩, ૨૪, ૨૫.

૯. ડો. સાવલિયા રામજી ઠા., "ધર્મ, કલા અને સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં ગુજરાતનાં પ્રાચીન સરોવરો-તળાવો અને કુંડો". યુનિ.ગ્રંથ.બોર્ડ, પ્રથમ આવૃત્તિ અમદાવાદ, ૨૦૦૦, પૃ.૭૫, ૭૬, ૭૭.

૧૦. એજન-પૃ.૨૫, ૨૬.

૧૧. એજન-પૃ.૨૬.

એસો.પ્રો.ઇન. હિસ્ટ્રી
એમ.એમ.ચૌધરી આર્ટ્સ કોલેજ,
રાજેન્દ્રનગર, ને.હા.નં.૮, વાયા રાયગઢ,
તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા-૩૮૩૦૦૧
(મો) ૯૪૨૯૧૭૯૪૦૫
ઈમેલ:mmnayak18@gmail.com.

**॥ વિદ્યાવૃત્ત ॥**

**એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ્યુટ (બી.એડ્) માં પ્રબોધકક્ષાની તાલીમ યોજાઇ :**



એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રીસર્ચ (બી.એડ.)માં ઇનોવેશન ક્લબ અંતર્ગત તા. ૬-૧૨-૨૦૨૨ થી ૧૦-૧૨-૨૦૨૨ દરમ્યાન ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા અમદાવાદના માધ્યમથી ત્રણ દિવસીય પ્રબોધકક્ષાની તાલીમ યોજવામાં આવી, જેમાં વિષય નિષ્ણાત શ્રી વત્સલ શાહ દ્વારા બી.એડ.ના પ્રશિક્ષણાર્થીઓને Do it Yourself (DIY) કીટનું પ્રાયોગિક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. પ્રશિક્ષણાર્થીઓએ વિવિધ ટેક્નોલોજિકલ ઉપકરણોનો ઉપયોગ, વિવિધ પ્રકારના સેન્સર્સ, થ્રી-ડી પેન, ટેલિસ્કોપ અને ડ્રોન જેવા અત્યાધુનિક સાધનોનો પરિચય મેળવ્યો હતો અને જાતે ઉપયોગ કરી તાલીમ મેળવી હતી. સમગ્ર તાલીમ દરમિયાન સંસ્થાના આચાર્યશ્રી ડૉ.મયુર પરમાર દ્વારા પ્રશિક્ષણાર્થીઓને પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી તેમજ અધ્યાપકશ્રી ડો.મૌનસ ઠાકર અને ટેક્નિશિયન શ્રી બકુલભાઇ બારડ દ્વારા માર્ગદર્શન મળ્યું હતું.

**ગો.જો.શારદામંદિર, પ્રાથમિક વિભાગમાં બાળવાર્તા દિનની ઉજવણી :**

ગો. જો. શારદા મંદિર, પ્રાથમિક વિભાગમાં યુગમૂર્તિ બાળ કેળવણીકાર સ્વ. ગિજુભાઇ બધેકાનો જન્મદિવસ વાર્તાકથનની પ્રવૃત્તિ યોજીને ઉજવવામાં આવ્યો. બાળવાર્તાઓ વર્તમાનમાં પણ જીવંત રહે અને બાળકોના ઘડતરમાં તેનો ઉપયોગ થાય તેવી બોધાત્મક વાર્તાઓ ધોરણ ૬, ૭, ૮ ની ૧૮ વિદ્યાર્થિનીઓએ ખૂબ જ રસપ્રદ અને હાવ-ભાવપૂર્ણ શૈલીમાં રજૂ કરી હતી. શાળાના આચાર્યા જીગીશા શાહે પ્રવૃત્તિના કન્વિનર શિક્ષકો દિપ્તીબેન મેઘા તથા રેશ્માબેન પરમાર અને ભાગ લેનાર બધી જ વિદ્યાર્થિની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976-9609

॥ અવલોકન ॥

# પ્રણય અને ધર્મની સાંકેતિક ગૂંથણી

રાકેશ દેસાઈ

ઝેબુન્નિસ્સા (૧૬૩૮-૧૭૦૨) મુગલ શહેનશાહ ઔરંગઝેબની મેધાવી અને લાડકી પુત્રી, સૌથી મોટું સંતાન અને કવયિત્રી હતી. એણે ત્રણ વર્ષની ઉંમરે કુરાન કંઠસ્થ કર્યું હતું, અને પછી તત્ત્વજ્ઞાન, ગણિત અને ખગોળશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. તે આજીવન અપરિણીત રહી હતી, અને અંગત/કૌટુંબિક/રાજકીય કારણોને લીધે જીવનનાં અંતિમ વીસ વર્ષો એણે જેલવાસ ભોગવ્યો હતો. તેના મૃત્યુ બાદ ૧૭૨૪ માં તેની હયાત, છૂટીછવાયી રચનાઓ 'દીવાન-એ-મખ્ફી' રૂપે પ્રગટ થઇ, જેમાં ૪૨૧ ગઝલો અને અનેક રુબાઈઓનો સમાવેશ થાય છે. પર્શિયનમાં 'ઝેબુન્નિસ્સા'નો અર્થ 'સ્ત્રી જાતિનું ઘરેણું' થાય છે, અને 'મખ્ફી'નો અર્થ 'છુપાયેલું' થાય છે.

ઝેબુન્નિસ્સાના ફારસીમાં લખાયેલા 'દીવાન-એ-મખ્ફી'નો જેસી ડંકન વેસ્ટબ્રુક અને મગનલાલ દ્વારા થયેલો અનુવાદ ૧૯૧૩ માં પ્રગટ થયો હતો, જેનો મીનાક્ષી ચંદારાણા દ્વારા ગુજરાતીમાં થયેલો અનુવાદ પ્રસ્તુત અને આવકાર્ય છે.'દીવાન-એ-મખ્ફી'ના લેખનના ઐતિહાસિક સંદર્ભો રસપ્રદ છે, જે તેના અનુવાદને એટલો જ પ્રસ્તુત બનાવે છે :(૧) 'દીવાન-એ-મખ્ફી' એ મુગલ શાસનકાળના પિતૃસત્તાક (patriarchal) સમાજમાં એક સ્ત્રી કવિ દ્વારા સર્જિત ઉત્કૃષ્ટ રચના છે, અને (૨) 'દીવાન-એ-મખ્ફી' એ ઔરંગઝેબ જેવા પિતા અને શાસકની તથા તે સમકાલીન સમાજની રૂઢિચુસ્તતાને કવિતાના કસબ દ્વારા (ધર્મ અને પ્રણયના રૂપકોની યોજના દ્વારા) અતિક્રમતી પ્રણયની સંદિગ્ધ અભિવ્યક્તિ પણ છે.

ઝેબુન્નિસ્સાના 'દીવાન-એ-મખ્ફી'ના અહીં અનુવાદિત થયેલાં પચાસ કાવ્યોમાં મહદંશે પીડા અને પરમ તત્ત્વ સંબંધિત પ્રેમતત્ત્વનું વિષયવસ્તુ છે, જે પ્રગટ રૂપે આધ્યાત્મિક સંદર્ભે અને ક્યારેક સાંકેતિક રૂપે સ્ત્રીના પુરુષ પ્રતિના પ્રણય રૂપે રજૂ થાય છે. જો કે ઓછેવત્તે અંશે આ વિષયવસ્તુઓ બધી જ શાયરીઓમાં રચાયેલી છે, પણ અહીં અનુવાદિત શાયરીઓમાં મોટા ભાગે પ્રેમનો મહિમા છે. (જેવી કે ૬, ૧૧, ૧૪, ૧૫, ૨૦, ૨૩, ૨૪, ૨૬, ૨૮, ૨૯, ૩૧, ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૬, ૪૭). આધ્યાત્મિક પરિમાણને સ્પર્શતી શાયરીઓ પણ ખાસ્સી છે. (જેવી કે ૧, ૩, ૪, ૫, ૭, ૮, ૧૦, ૧૩, ૧૬, ૧૭, ૩૦, ૪૪, ૪૫). જીવનની પીડાનો સંદર્ભ બધી જ શાયરીઓમાં હોવા છતાં તે અમુક શાયરીઓમાં નોંધપાત્ર રૂપે તરી આવે છે (જેવી કે ૨, ૧૯, ૨૦, ૨૧, ૨૫, ૨૭, ૩૨, ૩૬, ૩૮, ૪૨, ૪૮). આ પચાસ શાયરીઓમાંથી માત્ર એક જ શાયરીમાં કોઇ સીધા આધ્યાત્મિક સંદર્ભ વિના ઇંદ્રિયગોચર પ્રેમની વાત છેડાય છે. (જેવી કે ૯).

'દીવાન-એ-મખ્ફી'માં સાદૃશ્ય (visual) ઇમેજની સમૃદ્ધિ છે. શાયરી ૧૬ પ્રેમની જ્યોતિનું અદ્ભુત વર્ણન કરે છે, જેમાં એ સૂર્યના તેજ સામે પણ સ્પર્ધામાં ઊતરે છેઃ

ધ્યાન મારું રાખજે, પ્રિય !

તારી પ્રેમળ જ્યોતિની એ શુભ્ર ને ઉજ્જવળ ચમકથી

મારા પડછાયા સૂરજને આંબીને એથી વધુ ઓજસ્વી થઇ જાતાં લગી,

તારી પ્રેમળ જ્યોતિને થોભાવજે અહીં -

આત્મના ઉદ્યાનને આશિષ દેવા.

Behold the light
That from Thy torch of
mercy comes to bless
The garden of my heart,
Beloved One,
With the white radiance of
its loveliness,
Till my wall's shadow
shall outvie the sun,
And seem more bright.

શાયરી ૧૭ ઈશ્વરની ક્ષમા ન મળે તો પોતાની પ્રાર્થનાને 'તૃણ થકીયે તુચ્છ' ('less than withered grass') ગણાવે છે. શાયરી ૧૯ નિષ્ફળ પ્રેમની પીડામાં શ્રદ્ધાને, કોઇ કૃશકાય બ્રાહ્મણની જનોઇ પરની આસ્થાની જેમ, ટકાવી રાખવા મથે છેઃ

એવું આસ્થાવાન રહેજે હે હૃદય !
જેમ શ્રદ્ધાવાન બ્રાહ્મણ એક પવિત્ર
જનોઈના દોરાની માફક
ધારી રાખે છે રગો ગંઠાયેલી કૃશકાય પર !

O heart, thine be no less
Than the ascetic Brahman's
faithfulness,
The knotted veins his wasted
body bears
As sacred thread he wears.

આધ્યાત્મિક કે દુન્યવી પ્રેમની પ્રતીક્ષાની તીવ્રતા શાયરી ૨૫માં ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે, અને પાંપણથી પાવક ઉંબર સાફ કરાય છેઃ

તેમ છતાં આ ઉપવનદ્વારે તારી વાટ નિહાળું,
શાને કહું હતભાગી હું પોતાને,
હું તો ઊભી રહું પાવન તારા ઉંબર પર,
સ્વચ્છ કરું, કરતી રહું રેણું ઉંબર પરની-
મુજ નયનોની પાંપણથી....

But here before the garden door
I wait:
Why should I deem myself
unfortunate ?
For by Thy holy threshold
shall I stay,
And with my lashes sweep
its dust away.

આ જ ઈમેજ શાયરી ૩૬માં પણ દેખા દે છે, પણ આવી જ પ્રતીક્ષાની વિફળતા અને નિરર્થકતાના સંદર્ભેઃ

વ્યર્થ આંસુઓ, વળી નાકામ ગ્લાનિ,
ને આ પસ્તાવોય મોડો !
મખ્ફી, તું શેં કાજ ઉંબર પાંપણોથી
વાળતી !
જાણે છે ને તું, કે થાનક સાવ ઉજ્જડ થઈ ગયું છે ?

How vain the tears you weep !
Your sorrow fruitless,
your remorse too late;
The threshold with your
lashes wherefore sweep,
When, Makhfi, see, the shrine is
desolate ?

શાયરી ૩૭ પ્રેમીને નિહાળતાં જ સંયમ ગુમાવવાનો ડર અને ન નિહાળતાં અંધારી હતાશાનો અનુભવ ચોટદાર રીતે રજૂ કરે છેઃ

દમકંત તારા ચહેરા પરથી હટે પટંતર,
ચમકંત તારી દૃષ્ટિ ઠરશે જો મારી ઉપર !
સળગી જવાની મારી ભ્રમરો એ તેજથી, ને-
એ રાત આખી વીતશે ઉન્માદમાં, નશામાં !
તૃષ્ણાની આવી-આવી કંઈ આંધીઓ ઊઠે છે !
સપડાઈ જાઉં એમાં, ને એમ પણ બને કે -
જે કામનાઓ રાખી, જોવા મળે ન મુજને !
કો'ઓલવાયા ફાનસશું કાળુંમશ પછી તો
થઈ પણ શકે હૃદય આ !

When thou univeil'st thy
shining countenance,
Burnt are my lashes
by thy lightening glance,
And all the night
I passionately weep
While o'er my heart tempests
of longing sweep;
And if I see it not, desiring it,
My heart is darkened like
a lamp unlit.

શાયરી ૧૨માં આધ્યાત્મિકતાને અનુકંપા સાથે જોડતી એક અદ્ભુત, કદાચ, સમયાતીત, ઈમેજ તરી આવે છેઃ

 ISSN 0976-9609

જાય છે મખ્ફી, ખુદાને ખોળવા મસ્જિદ ભણી ?
મૂકજે તું પગ જરા હળવેકથી;
જોજે કે પગરવ થકી ગભરાઈ, ઊડી જાય ના -
પંખીઓ બેઠેલાં છે ત્યાં !

When in the mosque to seek
thine idol there
Thou wendest, may
Thy steps fall gently, Makhfi,
lest thou scare
The birds away.

સાહિત્યિક અનુવાદનું કાર્ય પોતે જ ખાસ્સું સંકુલ છે. 'દીવાન-એ-મખ્ફી'ની શાયરીઓમાં આવતા ઈસ્લામ, ખ્રિસ્તી અને યહૂદી ધર્મો તથા પર્શિયન સાહિત્ય, સંસ્કૃતિના સંદર્ભો માટે અનુવાદકે યોગ્ય રીતે જ અલગ ટિપ્પણી પૂરી પાડી છે. આથી મૂળ શાયરીના કાવ્યસ્વરૂપના અનુવાદ માટે અનુકૂળતા રહે છે, કારણ કે આ સંદર્ભોને સમજાવવા અનુવાદિત શાયરીનો અવકાશ (space) વેડફવો પડતો નથી.

'દીવાન-એ-મખ્ફી''ની શાયરીઓમાં લગભગ બધી જ વિષયવસ્તુઓ (themes) ઓછેવત્તે અંશે છેડાતી હોવાથી અનુવાદકનું કાર્ય દુષ્કર રહેવા સંભવ છે, કારણ કે મૂળ કાવ્યમાં સંદિગ્ધતા સાચવવાની સગવડ હોય છે, પણ એના અનુવાદમાં ક્યારેક નિર્ણયાત્મક પસંદગી કરવી પડે છે. પણ અહીં અનુવાદકની ચીવટાઈએ મૂળ શાયરીને સાંગોપાંગ ગુજરાતીમાં પહોંચાડી છે.

ઉપરાંત, અંગ્રેજીમાં ત્રીજો પુરુષ એકવચન સર્વનામ 'he'/she' લિંગભેદ સૂચક છે, જ્યારે ગુજરાતીમાં ત્રીજો પુરુષ એકવચન સર્વનામ 'એ'/તે' લિંગભેદ સૂચક નથી. આ સંદર્ભે શાયરીમાં જે પ્રિય વ્યક્તિ સંબોધિત છે, એ પુરુષ છે કે સ્ત્રી એ અંગ્રેજી અનુવાદમાં જો ત્રીજો પુરુષ એકવચન સર્વનામનો ઉપયોગ થાય તો એ સ્પષ્ટ બની જાય છે, પણ એના ગુજરાતી અનુવાદમાં એ સંદિગ્ધ રાખી શકાય છે. અહીં ગુજરાતી અનુવાદમાં શાયરીમાં સંબંધિત વ્યક્તિને પુરુષ માનવામાં આવી છે, કદાચ શાયર સ્ત્રી છે એટલે. ઉ.દા.શાયરી ૫૦ માં અંગ્રેજી અનુવાદ સંબોધિત વ્યક્તિને સ્ત્રી માને છે, જ્યારે એનો ગુજરાતી અનુવાદ સંબોધિત વ્યક્તિને પુરુષ માને છે.

કાશ ! એના ઉંબરાની રજ કરું અહું એકઠી-
આંજું મારી આંખમાં સુરમો કરી એને, પછી હું-
રાહ જોતી રહું ઊભી, કે ક્યારે એ નીકળે અને-
ક્યારે ઘૂંટણિયે પડી ચૂમું ચરણ,
ઊડતા કો'દૈવી દૂત સરખા એ પ્રીતમના !

O might I have as surma
for mine eyes
The dust that on her happy
threshold lies,
And there might waiting kneel
to kiss at last
Her feet like those of angels
fluttering past !

ઔરંગઝેબ જેવા રૂઢિચુસ્ત પિતા અને એ સમયના રૂઢિચુસ્ત સમાજના સંદર્ભે શાયરી લખવાનું શક્ય બની રહે તે માટે પણ ઝેબુન્નિસ્સાએ શાયરીમાં સંબોધિત વ્યક્તિને સ્ત્રી જ ધારી હોય એ વ્યવહારુ પણ છે. અલબત્ત, ગુજરાતી અનુવાદની વાચનાને પોતીકો અવકાશ છે.

દરેક અનુવાદિત કૃતિ એ સ્વતંત્ર વાચના (text) છે, એટલે ફારસીમાં લખાયેલા 'દીવાન-એ-મખ્ફી'ની વાચના પણ એક રીતે તો ઝેબુન્નિસ્સાના અનુભવનો ફારસીમાં અનુવાદ જ છે. એ રીતે 'દીવાન-એ-મખ્ફી'ની ફારસી, અંગ્રેજી અને ગુજરાતી વાચનાઓ અનુવાદો જ છે, અને બધી જ વાચનાઓ મૂળભૂત પણ છે. આ સંદર્ભે ઓક્તેવિયો પાઝ (Octavio Paz) નોંધે છે.

Each tesxt is unique, yet at the same time it is the translation of another text. No text can be completely original because language itself, in its very essence, is already a translation-first from the nonverbal world, and then because each sign and each phrase is a translation of another sign, another phrase. However, the inverse of this reasoning is also en-

tirely valid. All texts are originals because each translation has its own distinctive character.

(Paz 154)

દરેક વાચના અજોડ છે, છતાં પણ એ સાથે જ એ અન્ય વાચનાનો અનુવાદ છે. કોઇ પણ વાચના સંપૂર્ણ રીતે મૂળભૂત હોઇ ન શકે, કારણ કે તત્ત્વતઃ ભાષા પોતે જ એક થયેલો અનુવાદ છે - પહેલું તો અશાબ્દિક વિશ્વનો, અને પછી, દરેક સંકેત અને દરેક શબ્દાવલી એ અન્ય કોઇ સંકેત, અન્ય કોઇ શબ્દાવલીનો અનુવાદ હોય છે. જો કે આ તર્કનો ઊલટો ક્રમ પણ સંપૂર્ણ યોગ્ય છે. બધી જ વાચનાઓ મૂળભૂત છે, કારણ કે દરેક અનુવાદની પોતીકી વિશેષ લાક્ષણિકતા છે.

(પાઝ ૧૫૪)

આ સંદર્ભે મીનાક્ષી ચંદારાણાનો 'દીવાન-એ-મખ્ફી'નો ગુજરાતીમાં અનુવાદ એક મહત્ત્વપૂર્ણ વાચના છે, જે ગુજરાતી કવિતાને પણ સમૃદ્ધ કરે છે.

**સંદર્ભ :**


* En.wikipedia.org/wiki/Zeb-un-Nissa, dated 29 June 2020
* Paz, Octavio. 'Translation: Literature and Letters.' Trans. Irene del Corral.
* Theories of Transaltion: An Anthology of Essays from Dryden to Derrida. Ed. Rainer Schulte and John biguenet. Chicago, London: The University of Chicago Press, 1992. 152-162.


**(દીવાન-એ-ઝેબુન્નિસ્સા-ઔરંગઝેબની પુત્રી ઝેબુન્નિસ્સાની કવિતાઓ) અનુવાદ-મીનાક્ષી ચંદારાણા**


**(મો) ૯૯૯૮૦૦૩૧૨૮**
E-mail:chandaranas@gmail.com


**॥ વિદ્યાવૃત્ત ॥**

**ગો.જો.શારદામંદિર, પ્રાથમિક વિભાગમાં એન.સી.સી. દિનની ઉજવણી :**

સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિઓ તરફથી પોતાની ફરજ સમજી અને તેમને મદદ કરવાની ભાવનાથી એન.સી.સી.ની બધી કેડેટ્સે દિવાળી દરમ્યાન પોતાને વડીલો પાસેથી મળેલી રકમમાંથી દાન એકઠું કર્યું ને શાળાના એન.સી.સી. ઓફિસર તેમજ આચાર્યાએ પણ દાન આપી ૯૦ જેટલા નાના બાળકો કે જે અંધ ને અપંગ, તેમજ મા-બાપ વિનાના અનાથ છે, તે બધાને પ્રેમથી પોતાના હાથે ભોજન પીરસીને જમાડીને એક ઉત્તમ ઉદાહરણ અન્ય બાળકો અને સમાજને પૂરું પાડ્યું છે. આ મુલાકાત વિદ્યાર્થિનીઓ માટે પણ ખૂબ જ પ્રેરણાદાયી રહી. પોતાની પાસે બધું જ હોવા છતાં સંતોષ નથી અને જેમની પાસે ઘણું બધું ન હોવા છતાં કોઇ ફરિયાદ નથી અને જે છે તેમાંથી પોતાની પ્રતિભાને નિખારી પોતાની જિંદગીને માણી રહ્યા છે. એનો એક અનુભવ મેળવ્યો. આ કાર્યક્રમ તેમજ ભોજન વ્યવસ્થાનું સમગ્ર આયોજન શાળાના એન.સી.સી.ઓફિસર S/O રેશ્મા પરમારે કર્યું જેમાં યોગદાન આપનાર શાળાના આચાર્ય જિગીશા શાહ તથા સાથસહકાર આપનાર 4 Guj Girls BN NCC, Anand ના કમાન્ડિંગ ઓફિસર કર્નલ એસ. નટરાજન સર, એડમ ઓફિસર મેજર કવિતા મેડમ, એસ.એમ. મિરજી સર, જી.સી.આઇ. પન્ના મેડમ અને પી.આઇ. અમૃત સરે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી બાળકો સાથે સમય વિતાવ્યો તથા તેમનામાં રહેલ પ્રતિભાને નિહાળીને ઉત્તમ આનંદનો અનુભવ કર્યો જે ખરેખર જીવનભર યાદગાર રહેશે.

॥ આયુર્વેદ ॥

## बच्चों में बढ़ती जाती मोटापे की समस्या

वैद्य निकिता, वैद्य वीरेन्द्रकोरी

आज के समय में लोग अपने बढ़ते वजन से काफी परेशान रहते हैं । वहीं बच्चे भी बढ़ते वजन का शिकार हो रहे हैं । बच्चों में बढ़ता वजन खानपान की गलत आदत या शारीरिक गतिविधियों की कमी के कारण हो सकता है । ऐसे में समय रहते बचाव जरूरी है । बढ़ते वजन के कारण कई समस्याओं का शिकार हो सकते हैं । सभी बच्चे एक जैसे नहीं होते हैं, उसी तरह उनके शरीर का विकास अलग-अलग तरह से होता है । अगर बच्चों की वजन की बात करें, तो कोई सटीक वजन बताना बहुत कठिन है । बच्चों के मोटापा होने पर बहुत से माता-पिता उन पर खास ध्यान नहीं देते हैं क्योंकि उनके हिसाब से बच्चा मोटा है तो स्वस्थ है । मोटापा सभी के लिए एक चिंता का विषय है । हालांकि शरीर की लंबाई और उम्र के आधार पर वजन सामान्य से अधिक है, तो मोटापा कहा जा सकता है । बच्चों का वजन अधिक बढ़ने से स्वास्थ्य संबंधित अनेको समस्या जैसे हृदयरोग, डायाबिटीज, अस्थमा आदि का सामना करना पड सकता है । बच्चों का अधिक मोटापा उनको खेल-कूद करने में बाधा उत्पन्न करता है । कई बार मोटे बच्चे पतले बच्चे को देखकर बहुत दुःखी हो जाते हैं, इस वजह से कुछ बच्चे तनावग्रस्त महसूस करने लगते हैं ।

कोरोना वायरस का जितना असर लोगों के कामकाज और सामाजिक जीवन पर पड़ा है उससे कई गुना ज्यादा स्वास्थ्य पर पड़ा है । और इससे सिर्फ उम्रदराज लोग या वयस्क ही नहीं बल्कि बच्चे भी प्रभावित (Pandemic effect on children) हुए हैं । विशेषज्ञ के अनुसार कोविड-१९ के चलते बच्चों में मोटापा (Obesity in children) और मोटापे की समस्या करीब ६० प्रतिशत तक बढ गई हैं। इसके पीछे संभावित कारणों में बच्चों का अधिक मात्रा में जंकफूड का सेवन, सामाजिकता का अभाव और किसी तरह की शारीरिक गतिविधि न कर पाना है । जब बच्चे स्कूल-ट्यूशन जाते हैं और घर का बना खाना खाते हैं और थोड़ा बहुत व्यायाम करते हैं तो उनका शारीरिक स्वास्थ्य भी बहेतर बना रहता है, साथ ही बच्चे मोटापे की शिकार भी नहीं होते हैं । राष्ट्रीय परिवार स्वास्थ्य सर्वेक्षण ने बच्चों में मोटापे की स्थिति जानने के लिए २२ राज्यों में सर्वेक्षण किया है । जिसके अनुसार यह पता चला है कि कोरोना समय के चलते बच्चे तेजी से मोटापे के शिकार हुए हैं । सिर्फ यही नहीं, बच्चों में कई विटामिंस और जरूरी पोषणों की भी कमी देखी गई है ।

### बच्चों में बढ़ते वजन के कारण :

— बच्चों में मोटापा होने का मुख्य कारण आनुवंशिक हो सकता है । अगर माता-पिता मोटे हो तो उनके बच्चे भी मोटे हो सकते हैं । इसके अलावा बहुत से घरों में कोई भी सदस्य मोटा है, तो बच्चे के शरीर में भी मोटापा हो सकता है । इसका मुख्य कारण रोजाना व्यायाम न करना, केवल खाते रहना है । मोटापा होने के कुछ अन्य कारण के बारे में नीचे दिया गया है ।

— बच्चों को प्रोटीन वाली चीजों की जगह जो

स्वादिष्ट आहार तो होते हैं लेकिन स्वास्थ्य के लिए हानिकारक होते हैं प्रोटेस्ट फुड जैसे बर्गर, पिज्जा, नूडल्स और चीनी वाले पेय पदार्थ, सोफ्ट ड्रिंक्स, स्नैक्स, मिठाई वाले खाने आदि मोटापा को बढाते हैं ।

- शारीरिक गतिविधियों न करने पर मोटापा अपने आप बढने लगता है । लोकडाउन में, काफी बच्चे शारीरिक गतिविधियों से दूर हो गए, जिसके कारण उन्हें काफी समस्याओं का सामना करना पड़ा । इसके अलावा तैलीय जीवन भोजन करने से मोटापा बढ़ता जाता है । यदि आप व्यायाम करते हैं तो आपकी अतिरिक्त चर्बी कम होने लगती है और आप नहीं करते तो कैलोरी कम नहीं होती है । अगर बच्चे बाहर खेलने नहीं जाते हैं या टीवी मोबाईल पर पूरा समय लगा देते है, यह भी मोटापा बढ़ने का कारण बनता हैं ।
- बहुत से ऐसे माता-पिता हैं जिनको समझ नहीं आता है, बच्चे को क्या खाने को दो जो स्वास्थ्य के लिए सही है । इसके अलावा कुछ ऐसे भी माता-पिता है जिनकी पारिवारिक स्थिति इस योग्य नहीं होती है, कि उनके बच्चे के लिए ताजे फल या सब्जियां का सेवन उपलब्ध करवा सके ।
- बच्चों में तनाव होने से वह अधिक खाना खाने लगते हैं, जिसके कारण मोटापा धीरे-धीरे बढ़ने लगता है । कुछ शोध के अनुसार बच्चें में मोटापे का कारण मनोवैज्ञानिक भी हो सकता है ।
- अक्सर माता अपने बच्चे को बंद डिब्बे वाले दूध पिलाती है, तथा बच्चों को कितनी मात्रा में भोजन करवाया जाये उसका पता नहीं होना, इस वजह से भी भोजन की अधिक मात्रा बच्चे को खिला देते हैं, जिस कारण बच्चा मोटा हो जाता है ।
- देर रात समय तक टीवी देखने से या देर रात तक मोबाइल फोन चलाने से अक्सर बच्चों की नींद पूरी नहीं हो पाती, जिसके कारण बच्चों में तनाव बढ़ सकता हैं और वे मोटापे जैसी समस्या का शिकार हो सकते हैं । ऐसे में उनका बच्चा कितने घंटे सो रहा है माता-पिता को ये सुनिश्चित करना चाहिए ।

**बच्चों में मोटापे के लक्षण क्या है ?**

जैसा कि आप सबको पता है सभी बच्चे का शरीर का वजन समान नहीं होता है । कुछ ऐसे बच्चे भी होते हैं जिनका उनके उम्र के हिसाब से अधिक वजन बढ़ जाता है । शारीरिक विकास की बात करे तो यह भी भिन्न-भिन्न तरीके से होता है । इसके अलावा बच्चे में वसा की मात्रा अलग होती हैं । बच्चों के वजन व मोटापे को जानने के लिए चिकित्सक बच्चे के बीएमआई और सामान्य बीएमआई की तुलना बीएमआई चार्ट से करता है । यह मोटापे के सही आंकड़े को बताता है । कुछ मामलों में चिकित्सक वजन का सटीक पता लगाने के लिए कुछ विशेष जांच कर सकते हैं, इससे बच्चे के स्वास्थ्य में होने वाले जोखिमों का पता लग सकता है ।

**बच्चों के मोटापे का उपचार क्या है ?**

- बच्चों में मोटापे का उपचार उनके कारणों के आधार पर किया जाता है । उपचार में खास-तौर पर बच्चे की आयु व वजन,


ISSN 0976-9609

लंबाई का आंकलन किया जाता है ताकि यह सुनिश्चित कर बीएमआई अंक देख सके। बच्चों के मोटापे को कम करने में माता-पिता का बड़ा योगदान होता है। बच्चों को शारीरिक गतिविधि करवाना चाहिए।

- कुछ विशेष परिस्थिति में मोटापे को कम करने के लिए सर्जरी करने का सुझाव देते हैं।
- अगर बाल्यावस्था है तो उनको खेलने में प्रोत्साहन दे ताकि वह खेलने कूदने में भी ध्यान दे और साथ ही वजन पर नियंत्रण हो सके। उनके खाने-पीने में पौष्टिक व संतुलित आहार को अधिक शामिल करे। बच्चों को सुबह गतिविधि करवाने की शिक्षा दें। चिकित्सक की परामर्श के अनुसार समय-समय पर बच्चे का वजन मापे और उनका आहारसारणी बनाये।
- आज के समय में बच्चे अक्सर अपना नास्ता छोड़ देते हैं। जबकि ये आदत बेहद गलत है। माता-पिता को बच्चों की दिनचर्या में जरूर नास्ता जोड़ना चाहिए। साथ ही बच्चों की आहार में रेशे (फाइबर) युक्त खाद्य पदार्थो को जोड़ें। इससे न केवल उनका पाचनतंत्र अच्छा बना रहेगा बल्कि उनका वजन भी नहीं बढ़ सकेगा।
- इसके अलावा आयुर्वेद चिकित्सा प्रणाली में भी मोटापा कम करने के लिए पंचकर्म जैसे कि रूक्ष उद्वर्तन एवं विरेचन करवा सकते हैं। इसके अलावा कफ मेदोहर अन्न पान से भी मोटापा कम कर सकते हैं। (यह सब उपचार आयुर्वेद चिकित्सक की सलाह अनुसार करे।)
- आयुर्वेदिक औषधियां जैसे की गुडूची, मुस्ता, त्रिफला, हरीतकी, विभीतकी, आमलकी, मधु, विडंग, सोंठ यव आदि भी मोटापा कम करने में कारगर है।
- उसके अलावा पवनमुक्तासन, शलभासन, वज्रासन, ताडासन, उष्ट्रासन, पादहस्तासन, सूर्यनमस्कार, जैसे आसन और अनुलोम-विलोम, कपालभाति जैसे प्राणायाम भी मोटापा कम करने लिए कारगर है।

**बच्चों का मोटापा से बचाव कैसे करें ?**

बच्चों को मोटापे से बचाव करने में सबसे बड़ा योगदान माता-पिता का होता है। इसलिए मोटापे को नियंत्रित करने के लिए बच्चों को निम्नलिखित उपाय करवा सकते हैं।

- बच्चों को जितना हो सके घर का पौष्टिक खाना दे, बाहर के जंकफूड से बचाये।
- बच्चों को टीवी मोबाईल खेलने न दे बल्कि बहार खेल-कूद करवाएँ।
- बच्चों को पौष्टिक व संतुलित आहार दें।
- बच्चों को मीठी चीजें यानी चोंकलेट, आइस्क्रीम, डिब्बा बंद ज्यूस कम देने की कोशिक करें।
- बच्चों को सुबह शारीरिक गतिविधियां करवाने की शिक्षा दें।
- विद्यालय में बच्चों को शारीरिक गतिविधि व भावनात्मक, मानसिक रूप से मजबूत बनाने पर जोर देना चाहिए।

---

बालरोग विभाग, ITRA,
जामनगर

॥ પ્રવાસ નોંધ ॥

# ગિરનારની લીલી પરિક્રમા

શ્યામ જી. ખંભોળજા

ગિરનારની લીલી પરિક્રમા વિશે ઘણીવાર સાંભળીને અને થોડું વાંચીને મનમાં આ પરિક્રમા કરવાની ઈચ્છા હતી. પરંતુ ૨૦૧૮-૨૦૧૯માં માવઠાં અને ત્યારબાદ કોરોનાના કારણે લાદવામાં આવેલા લોકડાઉનના કારણે આ શક્ય બન્યું નહિ. આ વર્ષે સદનસીબે થોડી વહેલી તૈયારીના કારણે આ વર્ષે કારતક સુદ દશમના રોજ બસમાં બેસીને ગિરનાર પરિક્રમા માટેની સોલો ટ્રીપ શરૂ કરી, જેમાં મુરબ્બી મિત્ર પ્રદ્યુમ્નસિંહ રાજપૂત અને તેમનાં ધર્મપત્ની મળ્યા. તેઓ પણ ગિરનારની પરિક્રમાએ જતા હતા. સાંજે જુનાગઢ પહોંચીને ફ્રેશ થયા બાદ ભવનાથના દર્શન કર્યા. આ સમયે ત્યાં ઠીકઠીક ભીડ હતી. સાંજે હોટલ પર પરત આવીને આરામ કર્યો અને એકાદશીના દિવસે વહેલી સવારે હોટલ પરથી પરિક્રમાના શરૂઆતના દરવાજે પહોંચવા નીકળ્યો. એકાદશીનો ઉપવાસ હોવાથી બેગમાં થોડા ફ્રુટ અને પાણીની ૨ બોટલ સાથે રાખી હતી. સવારે ૫:૩૦ ના અરસામાં પરિક્રમા શરૂ કરી. પરિક્રમાના શરૂઆતના માર્ગમાં અંધારું વધારે હતું અને આગલા દિવસ કરતા ભીડ પણ ખૂબ વધારે હતી, મારા મનમાં પરિક્રમા શબ્દને કારણે સપાટ મેદાન/રસ્તા પર ચાલવાનું હશે તેવી ધારણા હતી, જે થોડા સમયમાં ખોટી સાબિત થવાની હતી. ધીમે ધીમે ચઢાણ શરૂ થયું, જે વાસ્તવમાં ગિરનારની આજબાજુના નાના ડુંગરો/ટેકરીઓ છે, જેને સ્થાનિક ભાષામાં ઘોડી કહે છે. આજુબાજુ બધે સાગના ઝાડ દેખાતા હતા. પહેલી ઘોડી આવતા આવતા સૂર્યોદય થવા આવ્યો. ભીડ ઘણી હતી અને લોકો બેટરીના પ્રકાશમાં ધીમેધીમે આગળ વધતા હતા. આગળ જતા ઘણા લોકો આરામ કરવા (પોરો ખાવા) બેસી ગયા અને રસ્તો પણ થોડો સીધો આવ્યો. સતત ચાલવાના કારણે અને ભીડ વધુ હોવાથી ખૂબ જ પરસેવો થતો હતો. આ રસ્તે ઉંમરલાયક આહીર-ભરવાડ સ્ત્રી-પુરુષો ભગવાન શ્રીકૃષ્ણના ભજન ગાતા ગાતા આગળ વધતા હતા. તેમની પાસે કોઈ વાદ્ય ન’તા તો પણ તેમના ભજન સવારના સમયમાં ખૂબ મીઠા લાગતા હતા અને તેમાં કોઈએ શ્રી રણછોડરાયનું ભજન લલકાર્યું અને પગમાં જોર આવ્યું. ઈષ્ટદેવતાનું નામ ખરેખર બળ આપનારું હોય છે. આ સ્ત્રી-પુરુષો ઉંમરલાયક હોવા છતાં તેમની આવા પથરાળ રસ્તા પર ચાલવાની ઝડપ ભલભલાને શરમાવી નાખે તેવી હતી. હવે બંને તરફ સાગ ઉપરાંત વાંસ અને અન્ય ઝાડ પણ હતા. જંગલોના વર્ણનમાં હોય તેવી ગીચ ઝાડીઓ હતી.ગિરનારની એક ટેકરીની જમણે સૂર્યોદય થયો અને ત્યારે ગિરનારમાંથી વહી આવતા પાણીના ઝરણા શરૂ થયા. રસ્તાની જમણી પાળી પર ગિરનાર તરફ લોકો દીવા કરતા હતા, જે દિવાળીના કારણે અથવા પિતૃઓ માટે કે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં જેનું વધુ મહત્ત્વ છે તેવા સુરાપુરા બાપાના હોય તેમ લાગ્યું. સવારનો સમય હોવાથી ગરમી ઓછી લગતી હતી માટે બને તેટલું વધારે ચાલી નાખવાનું નક્કી કર્યું. બીજી ઘોડી આવતા આવતા થોડો આરામ કરીને ફરી ચાલવાનું શરૂ કર્યું. અહીંથી ચા, શરબત વગેરે મળવાના શરૂ થયા. થોડે આગળ જતા સદાવ્રત/અન્નક્ષેત્ર ચલાવતા સંઘોના મંડપ શરૂ થયા. વચ્ચે વચ્ચે ઝરણા આવતા હતા અને પગ ભીંજવી જતા હતા. પરિક્રમા કરનારા લોકોમાં દત્ત ભગવાનને ઈષ્ટદેવતા માનનારા મહારાષ્ટ્રીયન લોકો પણ હતા, જેમાંથી એક સજ્જન બ્રાહ્મણ ધોતી-ઝભ્ભો પહેરીને પરિક્રમા કરતા હતા. તેમાંના ઘણા નદીના ઝરણામાં સ્નાન કરીને આગળ વધતા હતા. આવા ઘણા મહારાષ્ટ્રીયન લોકો રાજપીપળા નજીક ટેમ્બે મહારાજની સમાધિ સ્થાન એવા ગરુડેશ્વર ખાતે પણ આવે છે. જ્યારે ભીડ આગળ વધતા અટકે તો ‘જય ગિરનારી’નો સાદ અપાતો અને ભીડ આગળ વધતી. આ ભીડમાં પાંચ વર્ષના બાળકથી માંડીને ૭૫ વર્ષના વૃદ્ધ સુધીના લોકો હતા. રસ્તો પથરાળ હતો. અમુક જગ્યાએ પગથિયાં છે અને અમુક જગ્યા ચાલતા ચાલતા અચાનક ૨-૩ ફૂટ ઊંચો પથ્થર સામે આવે અને રસ્તો સહેજ બદલવો પડે તેવી સ્થિતિ પણ આવતી. ઘોડી આવતા આવતા આવા પથરાળ

 ISSN 0976-9609

રસ્તામાં ચઢાણ થોડું કપરું લાગે. ઘણા લોકો મુખ્ય રસ્તા સિવાયના બાજુના રસ્તે પણ ચાલતા હતા, જે ખાસ કરીને ઊતરતી વખતે થોડું જોખમી હતું. અમુક લોકો તો લપસ્યા પણ હતા. આગળ જતા નારીયેલ પાણી પીધું અને થોડે આગળ ચા પીધી. એકાદશી હોવાથી અનાજ બને ત્યાં સુધી ના ખાવું તે મનોમન નક્કી કર્યું હતું. ડીહાઈડ્રેશન ના થાય તે માટે પાણી અને લીંબુ સરબત જ વધુ અસરકારક હતા. ઉપરાંત બેગમાં પડેલાં સફરજન ઝાપટીને પણ કંઈક ખાધાનો અહેસાસ કર્યો. આ સમગ્ર પરિક્રમા જંગલના રસ્તે છે માટે ઝરણાં સિવાય પીવાના પાણીનો કોઈ સ્રોત નથી. સદાવ્રત ચલાવનારા લોકો આ જ પાણી આપતા હશે તેમ માનીને આ પાણી લેવાનો આગ્રહ ના રાખ્યો. પાણીની અમુક બોટલ લીધી અને તે પણ પૂરી થવા લાગી, રસ્તામાં વપરાઈ ગયેલી પાણીની બોટલ, નારિયેળ પાણી પીવા વપરાતી પ્લાસ્ટિકની ભૂંગળીઓ અને અમુક લોકોની બેદરકારીને કારણે જ્યાં-ત્યાં પ્લાસ્ટિક કચરો પણ જોવા મળતો હતો. વનવિભાગે પ્લાસ્ટિકના ઉપયોગ ના કરવાની વિનંતીના અને દંડ થશે તેવા બેનર માર્યા હતા પણ તે બેનર તેટલા સાર્થક ના નીવડ્યા. કદાચ ભલું થજો Wildlife Conservation Trust અને ડૉ.ચિરાગ ગોસાઈ જેવા લોકનું જેમણે કાપડની થેલીઓનું વિતરણ કરીને પ્લાસ્ટિક પ્રદૂષણ ઓછું કરવા પ્રયત્ન કર્યો. એક ચા વાળા ભાઈએ કહ્યું કે પરિક્રમા શરૂ થતા પહેલા અને પૂરી થયા બાદ વનવિભાગ અને પ્રશાસન સમગ્ર વિસ્તારની સાફસફાઈ કરાવે છે, માટે આશા રાખીએ કે પ્લાસ્ટિક કચરો વન્યજીવોને હેરાન ના કરે. આગળ જતા ફરી એક-બે વાર આરામ કરીને અંતે નળપાણીવાળી ઘોડી આવી, જે સીધું ચઢાણ હોવાથી વધુ આકરી લાગે છે. આ ઘોડી વગર આરામ કરે ચઢી જવી તેવું નક્કી કરીને ચઢાણ શરુ કર્યું. આગળ જતાં તેમાં કાચા રસ્તા બાદ પગથિયાં આવ્યા.માનવ મહેરામણ વધુ હોવાથી અહીં પણ ધીમી ગતિએ આગળ વધવાનું હતું. ઉપર ચઢ્યા બાદ સામે જ ઊતરવાના પગથિયાં હોવાથી પોલીસ પણ ભીડ નિયંત્રણ માટે પ્રયત્ન કરતી હતી. સમય આશરે સાંજે ૪:૩૦ નો હતો. જેટલું ઉપર ચઢ્યા તેટલું જ નીચે ઊતરવાનું હતું અને તેમાં કોઈ શોર્ટકટ હતો નહિ. આગળ ચાલતા ચાલતા સાંજ થવા આવી અને ચંદ્રોદય થઈ ચૂક્યો હતો. કુદરતી રીતે ગોળાકાર ગોઠવાયેલી ઝાડની ડાળીઓ વચ્ચે ચંદ્ર સુંદર દેખાતો હતો. ફરી આરામ કરવા બેઠો અને ત્યાં નિકોન કેમેરામાં ચંદ્ર-ગુરુની યુતિના ફોટો લીધા. ત્યાં અનાયાસે અમદાવાદ યુનિવર્સિટીના ડીન ડો. સંજયભાઈ ચૌધરી તેમના ગૃહ સાથે મળ્યા. તેમની સાથે સારી એવી ચર્ચા થઈ. આ પરિક્રમામાં શિક્ષિત લોકો માંડ ૨ ટકા જેટલા હતા, બાકીના તો શ્રદ્ધાવશ જાતે આવેલા અથવા પોતાના મા-બાપ કે નાના સંતાનોને સાથે લઈ આવેલા લોકો હતા. આ મુદ્દે પણ વાત થઈ. લોકસંસ્કૃતિને જાણવા-માણવાની ઉત્કંઠા ઓછી થતી જાય છે તેનું કારણ અગમ્ય છે. તેમનાથી છૂટા પડ્યા બાદ આગળ જતા ૪ કિમી પછી બોરદેવી મંદિર આવ્યું. સિંહવાહિની દુર્ગા એ જ બોરદેવી. તેમનાં દર્શન કર્યા. આ જગ્યા આકાશદર્શન માટે ઉત્તમ છે. પાછા વળતા પહેલી વાર બાપા બજરંગદાસના ઉતારાની જગ્યાએ ચા પીધી. ચા આપનારા વ્યક્તિએ વતન પૂછ્યું, મેં કહ્યું ડાકોર, તો શ્રી રણછોડરાયને યાદ કરીને મને પરાણે બીજીવાર ચા પીવડાવી. જો ઉપવાસ છે તેમ ના કહ્યું હોત તો તો મેથીના ગોટા પણ તૈયાર જ હતા. બોરદેવી મંદિર પછી છેલ્લા ૯ કિમીનો રસ્તો થાક લગાડે તેવો લાગ્યો. પણ થોડે આગળ જતા ફરીથી પેલા આહીર-ભરવાડ પુરુષોનું ટોળું ભજન કરતું-કરતું આવ્યું અને એક જોમ ભરતું ગયું. તેમની સાથે ચાલવાની લાયમાં ફરી ઝડપથી ચાલવા લાગ્યો. તેઓ મને ક્રોસ કરી ગયા તેનાથી કદાચ મારો ઈગો ઘવાયો હતો. પણ તેઓ આગળ ચાલતા જ રહ્યા અને મને એક ઉત્સાહ આપતા ગયા. અત્યાર સુધી મોબાઈલ નેટવર્ક ડાઉન હતું. તળેટી આવવામાં ૩-૪ કિમી જેટલો રસ્તો બાકી હતો અને નેટવર્ક આવ્યું. ત્યાંથી તળેટીના બજારની લાઈટ દેખાતી હતી. માટે લાગ્યું કે હવે ઝાઝું અંતર કાપવાનું નથી, તો પણ ના ના કરતા ખાસા વળાંક આવ્યા અને અંતે બહાર નીકળવાનો મુખ્ય દરવાજો આવ્યો. આમ કરતા કરતા રાતે ૧૦-૩૦ ના અરસામાં આ

પરિક્રમા પૂર્ણ થઇ. ભવનાથના દર્શન કર્યા અને ત્યાંથી બીજા દિવસે ઘરે આવ્યો. આ આખી પરિક્રમા રોમાંચક રહી. આ પરિક્રમા કરતા ટ્રેકિંગ વધુ છે. ઓછું જમવાથી અને બને તેટલો ઓછો આરામ કરવાથી ૩૮ કિમી અંતર આરામથી કાપી શકાયું. ઘણા લોકો સ્લીપર/ચપ્પલ પહેરીને આવ્યા હતા, પણ આ રસ્તો જોતા સરખા શુઝ અને ઘૂંટણને જકડી રાખતી ની સ્લીવ આ યાત્રામાં ખૂબ ઉપયોગી રહી. ટોર્ચ આ પરિક્રમામાં અનિવાર્યપણે સાથે રાખવી કારણ કે સવારે અને સાંજે અંધારામાં જ ચાલવાનું થવાનું છે, તે સિવાય પાણી અને ફ્રુટ/સૂકોમેવો સાથે રાખી શકાય. અહીં ચા, શરબત, ફ્રુટ, નારિયેળ, ખારીસિંગ વેચતા લોકો બજાર કરતા થોડા વધારે પણ તેમની મહેનતના પ્રમાણમાં માપસરના ભાવે વસ્તુઓ વેચતા હતા. જે જગ્યાએ વાહન પણ ના આવી શકે ત્યાં વસ્તુઓ માથે ઊંચકીને લાવવી અને વેચવી તે કપરું કામ છે. ઓટોરીક્ષાવાળા પણ માપસરનું ભાડુ લેતા હતા. કુલ મળીને આ એક અદ્ભુત લોકપરંપરા છે જેના કેન્દ્રમાં રૈવતક પર્વત, ભવનાથ અને ક્ષેત્રદેવતા દામોદરજી છે, અને તે ઓછા ભણેલા અને વધુ માણસાઇવાળા શ્રદ્ધાવાન લોકો વડે સચવાઇ રહી છે.


લેક્ચરર ઇન ફિઝિક્સ એન્ડ કો-ઓર્ડિનેટર
આર. એન્ડ ડી સેલ,
બી. એન્ડ બી.ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી
વલ્લભ વિદ્યાનગર, (મો) ૯૯૯૮૮૮૩૮૬૭


## ॥ વિદ્યાવૃત્ત ॥

### ચા.વિ.મં.ઉ.મા.શિ.સંકુલ, વ્યવસાયલક્ષી પ્રવાહ ગૃહવિજ્ઞાન જૂથ :

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલ વ્યવસાયલક્ષી પ્રવાહ ગૃહ વિજ્ઞાન જૂથ વલ્લભ વિદ્યાનગર એન.એસ.એસ. યુનિટ દ્વારા તા.૧૭-૧૧-૨૨ ગુરુવાર અને ૧૮-૧૧-૨૦૨૨ શુક્રવાર દેવરાજપુરા મુકામે બે દિવસ બિન-નિવાસી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ દિવસ કેમ્પના ઉદ્‌ઘાટન સમારંભમાં દેવરાજપુરાના સરપંચ શ્રીમતી જયાબેન બી. પરમાર, શાળાના આચાર્ય શ્રીમતી આશાબેન પટેલ તેમજ શ્રી ભરતભાઇ પરમારે ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરી વિદ્યાર્થિનીઓને પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી પ્રોત્સાહિત કર્યા હતા. આ બે દિવસીય કેમ્પ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પ દરમિયાન ગામમાં સ્વચ્છતા અભિયાનને પ્રાધાન્ય આપી એન.એસ.એસ વોલેન્ટીયર્સ વિવિધ ટુકડીઓમાં વહેંચાઇ, સમગ્ર ગામમાં સ્વચ્છતા કરી હતી, વિવિધ જગ્યાઓએ સમાજ ઉપયોગી સુવાક્યો તેમજ પોસ્ટરો લગાવવામાં આવ્યા હતો. કુમારી નૈયા પટેલ દ્વારા ચૂલા પર ઘઉંની કેકનો ડેમો આપવામાં આવ્યો હતો તેમજ ચૂલા પર વિવિધ બેકિંગ પદ્ધતિ દ્વારા તૈયાર થતી વાનગીઓ વિશે ચર્ચા કરી હતી. કુમારી દિયા રાવત તથા કુમારી કેયા પટેલે બાંધણીનો ડેમો આપ્યો હતો. જેમ વિવિધ બાંધણીની પદ્ધતિઓથી દુપટ્ટા સાડી તેમજ ડ્રેસ મટીરિયલ તૈયાર કરવાની રીતો બતાવી હતી. જૂના પોશાકોને કેવી રીતે નવું સ્વરૂપ આપવું તે બાબત પર વિશેષ માહિતી આપી હતી. કેમ્પની પૂર્ણાહુતિ દરમિયાન શાળાના આચાર્યા શ્રીમતી આશાબેન પટેલે એન.એસ.એસ વોલેન્ટીયર્સને એન.એસ.એસ કેમ્પનું મહત્ત્વ સમજાવી તેમની બે દિવસની સેવાને બિરદાવી હતી. સરપંચશ્રીએ ગ્રામજનો માટે વિવિધ કાર્યક્રમો યોજ્યા તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

*Strong reasons make strong actions.* **- William Shakespeare**

॥ परिचय ॥

## कोंग्रेस के ऐतिहासिक अधिवेशन और सरदार पटेल

**अर्चना बन्सोड**

देश का कल्याण न गांधीजी के हाथ में है और न मेरे हाथ में है । वह तो युवकों में है । क्योंकि युवानों ने ही अपने देशों को स्वतंत्र्यता दिलाई है । युवक ही स्वतंत्रता के प्रहरी है और भविष्य के युवकों के हाथों में स्वतंत्रता सौंप दी गई है । **— सरदार पटेल**

**परिचय :**

सरदार पटेल (३१ अक्टूबर १८७५ – १५ दिसम्बर १९५०) भारतीय राष्ट्रीय कोंग्रेस के एक सक्रिय और वरिष्ठ नेता थे । भारत के राष्ट्रीय आंदोलन का इतिहास कोंग्रेस का इतिहास है । राष्ट्रीय कोंग्रेस एक पार्टी नहीं एक आंदोलन था । यह आंदोलन भारतीय राष्ट्रीय आंदोलन के नाम से जाना जाता है । सरदार पटेल का राष्ट्रीय आंदोलन और भारतीय राष्ट्रीय कोंग्रेस में केन्द्रीय और निर्णायक प्रभाव था – कोंग्रेस के ऐतिहासिक अधिवेशनों में सरदार पटेल का योगदान महत्त्वपूर्ण रहा है । सरदार के इसी योगदान की चर्चा इस लेख में की गई है ।

**शब्दकुंजी :** सरदार पटेल, भारतीय राष्ट्रीय कोंग्रेस, अधिवेशन अध्यक्ष

### नागपुर अधिवेशन ( दिसंबर, १९२० )

नागपुर में आयोजित कोंग्रेस अधिवेशन की अध्यक्षता सी विजयराघवाचार्य ने की थी । इस अधिवेशन में भाषावार कोंग्रेस की प्रान्तिक समितियों की शिफारस की गयी । जिसके अनुसार गुजरात सभा का स्थान गुजरात प्रांतिक (कोंग्रेस समिति) महासभा ने लिया । १९२१ में सरदार गुजरात प्रांतिक कोंग्रेस समिति के प्रथम अध्यक्ष बने । सरदार पटेल १९२१ से १९४२ तक गुजरात प्रांतिक महासभा के अध्यक्ष रहे । इस अधिवेशन में असहयोग आंदोलन का प्रस्ताव बहुमत से अपनाया गया ।

### अहमदाबाद अधिवेशन ( दिसम्बर, १९२१ )

अहमदावाद में मिले ३६ वे कोंग्रेस अधिवेशन की स्वागत समिति के अध्यक्ष सरदार पटेल थे । भारतीय राष्ट्रीय कोंग्रेस के १९२१ के अहमदाबाद अधिवेशन की अध्यक्षता सी आर दास को करनी थी, परंतु वह गिरफ्तार हो गए । हकीम अजमल खान ने अध्यक्षता की थी । इस अधिवेशन के मैनेजिंग कमिटी के चेअरमेन सरदार पटेल थे । इसमें सरदार ने हिंदी में पंद्रह मिनिट का वक्तव्य दिया जो कोंग्रेस के इतिहास में सबसे छोटा वक्तव्य साबित हुआ ।

१९२४ में, अहमदाबाद म्युनिसिपालिटी के इलेक्शन में कोंग्रेस की ओर से सरदार पटेल खड़े थे और बहुमत प्राप्त करके अध्यक्ष बन गए ।

### कलकत्ता अधिवेशन ( दिसम्बर, १९२८ )

इस अधिवेशन के अध्यक्ष मोतीलाल नहेरू थे । अखिल भारतीय युवा कोंग्रेस का गठन इस अधिवेशन की उपलब्धि थी । इस अधिवेशन में सरदार पटेल को ''बारडोली का विजेता'' की तहत सम्मानित किया गया ।

### लाहौर अधिवेशन ( दिसंबर, १९२९ )

३१ दिसंबर १९२९ में, कोंग्रेस ने लाहोर में अपना वार्षिक अधिवेशन आयोजित किया ।

इस अधिवेशन के अध्यक्ष जवाहरलाल नहेरू थे। ३१ दिसंबर १९२९ को भारत को यह निर्णय करना था की वह आजादी लेकर ही रहेगा। कोंग्रेस का यह अधिवेशन और उसका अध्यक्ष पद बड़ा महत्त्वपूर्ण था। इसलिए सितम्बर, १९२९ को कोंग्रेस के महासमिति की बैठक हुई थी। इस बैठक में लाहोर कोंग्रेस अधिवेशन का अध्यक्ष कौन बनेगा इसकी चर्चा हुई, जिसके अनुसार कोंग्रेस के प्रमुख के लिए १० प्रांतों से गांधीजी का नाम, ५ प्रांतों से सरदार का नाम और ३ प्रांतों से नेहरु का नाम आया था। युवावर्ग के नेता में जवाहरलाल नेहरू और सुभाषचंद्र बोस थे। गांधीजी ने युवाओं को अपना नेता मिलने के लिए प्रमुख पद का अस्वीकार किया। इसलिए क्रमानुसार सरदार को प्रमुख पद स्वीकारने की बिनती की गई। सरदार ने जवाब दिया, ''मैं एक सिपाही के रूप में कैसे जा सकता हूँ जहाँ एक जनरल को नहीं जाना है ?'' अब तीन में से एक ही नाम बचा था नेहरूजी का, इस तरह जवाहरलाल नेहरू, इस अधिवेशन के अध्यक्ष चुने गये।

मोतीलाल नेहरू और जवाहरलाल नेहरू को जब १९३० में सविनय कानूनभंग आंदोलन के समय गिरफ्तार किया तो सरदार पटेल को कोंग्रेस का अध्यक्ष बनाया गया। सरदार की अध्यक्षता में आंदोलन जोर-शोर से चल ही रहा था तो उनको १ अगस्त १९३० से ५ नवंबर १९३० तक जैल में डाला गया।

### करांची अधिवेशन ( मार्च, १९३१ )

करांची कोंग्रेस अधिवेशन की अध्यक्षता सरदार वल्लभभाई पटेल ने की थी। यह अधिवेशन भारत के और कोंग्रेस के इतिहास में एक महत्त्वपूर्ण घटना थी। यह सरदार पटेल की अध्यक्षता में एकमात्र कोंग्रेस अधिवेशन था। इसमें भगतसिंह राजगुरु एवं सुखदेव की वीरता और बलिदानों की प्रशंसा की गई। इस अधिवेशन में मौलिक अधिकार और राष्ट्रीय आर्थिक कार्यक्रमों पर प्रस्ताव पारित किये गये।

**मौलिक अधिकारों से संबंध प्रस्ताव में निम्न प्रावधान थे :**

- अभिव्यक्ति एवं प्रेस की पूर्ण स्वतंत्रता
- संगठन बनाने की स्वतंत्रता।
- सार्वभौम वयस्क मताधिकार के आधार पर चुनावों की स्वतंत्रता।
- सभा एवं सम्मेलन आयोजित करने की स्वतंत्रता।
- जाति, धर्म एवं लिंग इत्यादि से हटकर कानून के समक्ष समानता का अधिकार।
- सभी धर्मों के प्रति राज्य का तटस्थ भाव।
- नि:शुल्क एवं अनिवार्य प्राथमिक शिक्षा की गारंटी।
- अल्पसंख्यकों तथा विभिन्न भाषाई क्षेत्रों की संस्कृति, भाषा एवं लिपि की सुरक्षा की गारंटी।

**राष्ट्रीय आर्थिक कार्यक्रमों से सम्बद्ध प्रस्ताव में निम्न प्रावधान थे :**

- लगान और मालगुजारी में उचित कटौती।
- अलाभकर जोतों को लगान से मुक्ति।
- किसानों को कर्ज से राहत और सुदखोरों पर नियंत्रण।
- मजदूरों के लिये बहेतर सेवा-शर्तें, महिला मजदूरों की सुरक्षा तथा काम के नियमित घंटे।


ISSN 0976-9609

- मजदूरों और किसानों को अपने यूनियन बनाने की स्वतंत्रता ।
- प्रमुख उद्योगों, परिवहन और खुदान को सरकारी स्वामित्व एवं नियंत्रण में रखने का वादा ।

अधिवेशन का महत्त्वपूर्ण स्वराज्य के लक्ष्य को पुनः दोहराया गया । इसमें यह भी घोषित किया कि 'जनता के शोषण को समाप्त करने के लिये राजनीतिक आजादी के साथ-साथ आर्थिक आजादी भी आवश्यक है' ।

सरदार पटेल की अध्यक्षता में २ अप्रैल, १९३१ को करांची में इंडियन नेशनल कोंग्रेस की कार्यकारिणी समिति के द्वारा विभिन्न स्तरों पर विचार किए जाने के बाद तिरंगा राष्ट्रीय ध्वज स्वीकार किया गया । यह वही ध्वज था जिसके नीचे सन १९३०-३१ में महान भारतीय अहिंसा आंदोलन प्रारंभ किया गया । बाद में इसे असाम्प्रदायिक महत्त्व देने के लिए नील रंग के चरखों के साथ लाल रंग को केसरिया रंग में बदल दिया गया । केसरिया रंग साहस और त्याग का, सफेद शांति का और सत्य का, हरा रंग विश्वास और शौर्य का एवं चरखा जनता की आशा का प्रतीक है ।

मई १९३४ को सरदार पटेल कोंग्रेस पार्लामेंटरी बोर्ड के अध्यक्ष नियुक्त हुए । कोंग्रेस द्वारा केन्द्रीय विधानसभा के चुनाव के लिए दौरा किया । सन १९३६ में भारतीय कोंग्रेस ने एक बार पुनः कहा : ''सरदार अध्यक्ष की कुर्सी पर बैठे'' । किन्तु सरदार ने निस्पृह भाव से कहा था कि''नेहरू को अध्यक्ष पद प्रदान किया जाय ।''

**हरिपुरा अधिवेशन ( १९३८ ) :**

कोंग्रेस के इतिहास में सर्वप्रथम ग्रामीण प्रदेश में आयोजित हरिपुरा अधिवेशन था । गुजरात राज्य के सूरत जिले में कडोद शहर के पास स्थित हरिपुरा एक गाँव है । इस अधिवेशन की अध्यक्षता नेताजी बोस ने की थी । इस अधिवेशन को सफलतापूर्वक संपन्न करने में सरदार का बडा योगदान रहा है । सन १९४६ में तीसरी बार लोगों ने मांग की कि सरदार को अध्यक्ष बनाया जाय । उस समय हिन्दुस्तान को स्वराज्य मिलने वाला था और उस समय जो कोंग्रेस का अध्यक्ष बनेगा वही भविष्य में भारत का प्रधानमंत्री बनेगा, यह बात सरदार जानते थे । पर उस समय भी सरदार ने कहा कि, कोंग्रेस के अध्यक्ष नेहरू बनाए जाएँ । इस तरह तीन-तीन बार उन्होंने उस समय भारत के सबसे बडे पद का परित्याग किया था ।

स्वराज्य सरकार में बहुमत अपने पक्ष में होते हुए भी गांधीजी की इच्छा को मान देकर अपने से तेरह वर्ष छोटे और कोंग्रेस में अपने से बाद में शामिल हुए जवाहरलालजी को प्रधानमंत्री बनाया और स्वयं उप-प्रधानमंत्री बने । इतना ही नहीं, ''मैं नेहरू का सिपाही हूँ'' कहने में गौरव माना । फिर दोनों के बिच मतभेद होने पर स्वयं ने पद छोड़ने की इच्छा प्रकट की ।

**नासिक अधिवेशन ( सितम्बर, १९५० )**

इस अधिवेशन के अध्यक्ष पुरुषोत्तम दास टण्डन थे । इनमें सरदार ने भाग लिया, जो उनके जीवन का अंतिम अधिवेशन रहा । ३१ अक्तूबर सन १९५० को अहमदाबाद में सरदार के ७६ वें जन्मदिन पर उनको १५ लाख की थैली अर्पित की गई जिसे उन्होंने गुजरात प्रान्तिक कोंग्रेस समिति को अर्पण कीया ।

**समापन :**

एक बार नहीं तीन-तीन बार सरदार ने कोंग्रेस अधिवेशन के अध्यक्ष पद को ठुकराया था । उनको सत्ता का लोभ नहीं था । वे सच्चे देशभक्त थे । सरदार का यह अत्यंत गौरवपूर्ण व्यक्तित्व हमें प्रभावित कर देता है । कोंग्रेस के जितने भी अधिवेशन में सरदार प्रत्यक्ष सहभागी थे वे सभी अधिवेशन भारतीय इतिहास में महत्त्वपूर्ण रहे और भारत के स्वतंत्रता आंदोलन में एक नया अध्याय शुरु हुआ । करांची का सत्र कोंग्रेस के महत्त्वपूर्ण सत्रों में से एक है जिनके अध्यक्ष सरदार पटेल थे । इस अधिवेशन में कोंग्रेस ने पहली बार पूर्ण स्वराज्य को परिभाषित किया । इसमें कोंग्रेस ने मौलिक अधिकारों और राष्ट्रीय आर्थिक कार्यक्रमों को अपनाने के कारण करांची सत्र एक यादगार सत्र बन गया । सरदार पटेल की अध्यक्षता में करांची में ही तिरंगा राष्ट्रीय ध्वज स्वीकार किया गया । बाद में उसी में ही थोड़ा सुधार करके स्वतंत्र भारत ने भी इसी राष्ट्रीय ध्वज को अपनाया ।

**संदर्भ :**


१. रविंद्रकुमार, सरदार वल्लभभाई पटेल और विशिष्ट भारतीय राष्ट्रवाद, वेदांत पब्लिकेशन, लखनऊ, २०१४ ।

२. डो.रविंद्रकुमार, सरदार वल्लभभाई पटेल और कामरेड माओ त्से-तुंग, सारा पब्लिकेशन, मेरठ, १९९७

३. रावजीभाई मणिभाई पटेल (गुजराती से अनुवाद-सोमेश्वर पुरोहित), हिन्द के सरदार, नवजीवन प्रकाशन मंदिर, अहमदाबाद, २०११

४. सं. पी. एन. चोपडा और प्रभा चोपडा, सरदार पटेल, गाँधी, नेहरू एवं सुभाष, प्रभात प्रकाशन, दिल्ली, २०१०

५. डो. प्रभा चोपड़ा, भारत विभाजन, सरदार पटेल, प्रभात प्रकाशन, दिल्ली, २०१० ।

६. विश्वप्रकाश गुप्त, मोहिनी गुप्त, सरदार वल्लभभाई पटेल, व्यक्ति और विचार, राधा पब्लिकेशन, नई दिल्ली.

७. बी. कृष्णा, (अनुवादक: सोनल मित्र) सरदार वल्लभभाई पटेल, इंडस सोर्स बुक, मुंबई २००७ ।

८. सरदार साहित्य माला संपुट, सरदार वल्लभभाई पटेल मेमोरियल सोसायटी, शाहीबाग, अहमदाबाद, १९९९ ।

9. Narharai D. Parikh, Sardar Vallabhbhai Patel, Vol-II, Navjivan Publishing House, Ahmedabad.

10. K.L.Panjabi, The Indomitable Sardar, Bharatiya Vidya Bhavan, Ahmedabad.

11. Rajmohan Gandhi, Patel, A Life, Navjivan, Publishing House, Ahmedabad.

12. K.L.Khurana, Indian History, (A.D.1206-1947), Lakshmi Narayan Agrawal, Agra.

13. https://www.vivacepanorama.com/karachi-session-of-congress/


---


इतिहास विभाग प्रमुख,
सेरलिप,
सी.वी.एम. युनिवर्सिटी
वल्लभ विद्यानगर

॥ અભ્યાસ ॥

# પ્રાણવિદ્યા એ જીવનવિદ્યા : ઉપનિષદના પરિપ્રેક્ષ્યમાં

**હેમા એલ. સોલંકી**

'વેદાન્ત' તરીકે જેને આપણે સમગ્ર જ્ઞાનના અર્ક રૂપી ગ્રંથો તરીકે ઓળખીએ છીએ તેવા ઉપનિષદો મૂળ તો અધ્યાત્મવિદ્યાના ઉપદેશક છે. જીવન વિષયક ગૂઢવિદ્યાઓને પ્રકાશિત કરતા પ્રકાશ છે. ગુરુ પાસે બેસીને પ્રાપ્ત થતું રહસ્યાત્મક જ્ઞાન. પરંતુ પાસે બેસવા અધિકારી બનવું અત્યંત આવશ્યક છે. ઉપનિષદના ઉપાસક એવા પાશ્ચાત્ય વિદ્વાન પોલ ડોયસન પણ ઉપનિષદના જ ઉદાહરણ આપીને પોતાની આ માન્યતાને દઢ કરે છે. તે માટે તેઓ કઠોપનિષદના નચિકેતા-યમનું, કૌષિતકીનું ઇન્દ્ર-પ્રતર્દન, છાંદોગ્યના રૈકવ-જાનશ્રુતિ આદિ ઉદાહરણો દ્વારા આ પ્રસ્થાપિત કરે છે.' પ્રશ્નોપનિષદના પ્રારંભમાં પણ પિપ્પલાદ ઋષિ બધા ઋષિગણને એક વર્ષ સુધી ફરી તેમને તપપૂર્વક, બ્રહ્મચર્યપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક નિવાસ કરવાની ફરજ પાડે છે. રહસ્યાત્મક કે ગૂઢવિદ્યા એ જ જીવનવિદ્યાઓ સ્વરૂપે આપણને આપણા ઋષિમુનિઓની અનુભૂતિઓ દ્વારા પ્રાપ્ત થઈ છે. જેમાં આત્માના સ્વરૂપની ઓળખ કરાવતી આત્મવિદ્યા એટલે કે બ્રહ્મવિદ્યાની સાથે-સાથે સમગ્ર જડ-ચેતન અસ્તિત્વનું પણ જ્ઞાન આપતી એવી અનેક વિદ્યામાં આ પ્રાણવિદ્યા પણ જીવન સાથે જોડાયેલી મહત્ત્વપૂર્ણ અને આવશ્યક વિદ્યા છે, જેને વિવિધ ઉપનિષદોની નિશ્રામાં રહી અહીં દર્શાવવાનો લઘુ પ્રયાસ છે.

ઉપનિષદોમાં જીવન સાથે સીધા સંકળાયેલા તત્ત્વોની જ ચર્ચા છે માટે ઉપનિષદ એ જીવનવિદ્યાના જ ગ્રંથો છે. જીવનના વિવિધ વિષયો એટલે કે જે સૃષ્ટિમાં આપણે વિદ્યમાન છીએ તે સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક ચર્ચા, આપણું આ શરીર અને તેનું વિજ્ઞાન, આત્મજ્ઞાન, આત્માનાં આવરણો સમાન પંચકોશનું જ્ઞાન, યોગવિદ્યા અને આ પ્રાણવિદ્યાનું જ્ઞાન પણ તેમાં સમાવિષ્ટ છે.

પ્રશ્નોપનિષદના પ્રારંભમાં ગુરુની આજ્ઞા અનુસાર છ ઋષિઓએ પિપ્પલાદ ઋષિ પાસે એક વર્ષ સુધી શ્રદ્ધા, બ્રહ્મચર્ય અને તપશ્ચર્યાપૂર્વક નિવાસ કર્યો. ત્યારપછી કાત્યાયન ઋષિએ પૂછ્યું, "ભગવાન આ સંપૂર્ણ ચરાચર સૃષ્ટિ શેમાંથી ઉત્પન્ન થાય છે ?"[૨] મનુષ્યને સહજ થતો આ પ્રશ્ન છે કે આ પ્રત્યક્ષ દેખાતું જગત ક્યાંથી ઉત્પન્ન થાય છે ? અને ક્યાં જાય છે ? આ પ્રશ્નના જવાબમાં અનેક મતો અને સિદ્ધાંતો ઉત્પન્ન થયા છે. તેથી અનુભવી ગુરુને તેમના અનુભવથી આ પ્રશ્નનો ઉત્તર પૂછે છે. ગુરુજી ઉત્તર આપે છે. "પ્રજાપતિ પ્રજાની ઇચ્છાવાળા થયા. તેમણે તપ તપીને વિચાર્યું કે "આ બે મારી અનેક પ્રકારની સૃષ્ટિનું નિર્માણ કરશે." એમ વિચારી તેઓએ 'રયિ'' અને 'પ્રાણ' આ બેનું એક યુગ્મ ઉપજાવ્યું.[૩] શંકરાચાર્ય 'રયિ' નો અર્થ સોમરૂપ 'અન્ન' - ભોગ્ય અને 'પ્રાણ'નો અર્થ ભોક્તા સ્વરૂપ 'અગ્નિ' એવો કરે છે.[૪]

આમ, ગુરુએ શિષ્યની જિજ્ઞાસા સંતોષવા જે ઉત્તર આપ્યો તેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે પરમાત્માને પ્રજાવાળા થવાનું મન થયું ત્યારે તેમણે પણ તપ તપીને વિચાર્યું એટલે કે દીર્ઘ વિચાર કર્યો. અર્થાત્ જ્ઞાનરૂપ તપ કર્યું અને રયિ અને પ્રાણનું એટલે કે અગ્નિ અને સોમનું સર્જન કર્યું. કારણ કે આ યુગલથી જ સમગ્ર ચરાચર જગનો વિસ્તાર થવાનો હતો.

ત્યારપછીના મંત્રમાં સૂર્યને બહારના જગતમાં 'પ્રાણ' તરીકે અને 'રયિ'ને બહારના જગતમાં ચંદ્ર તરીકે વર્ણવ્યા છે. પ્રાણથી ભિન્ન સર્વ મૂર્ત અને અમૂર્તને રયિ તરીકે નિરુપ્યું છે.[૫] તેને 'ચંદ્રમા' કહ્યું છે. તથા 'પ્રાણ'ને સૂર્ય કહે છે. આમ, સૂર્ય દરેક દિશાઓમાં પ્રાણોનો સંચાર કરે છે.[૬] સૂર્ય જીવનશક્તિનું સ્વરૂપ છે. જીવનશક્તિ જ પ્રાણ તરીકે ઓળખાય છે અને તેનાથી દરેક મૂર્ત અને અમૂર્ત એટલે કે રયિ પ્રકાશિત પણ થાય છે અને જીવન પણ ધારણ કરે છે. ત્યારબાદ આ ઉપનિષદમાં પૂજાની ઉત્પત્તિનો સમગ્ર ક્રમ દર્શાવવામાં આવ્યો છે.

છાન્દોગ્યોપનિષદના પાંચમા પ્રપાઠકમાં સર્વ

ઇન્દ્રિયોથી પ્રાણની શ્રેષ્ઠતા પ્રસ્થાપિત કરવા એક લઘુકથાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[૭] એકવાર સર્વ ઇન્દ્રિયો પોતે પોતાની શ્રેષ્ઠતા સ્થાપિત કરવા વિવાદ કરવા લાગી. પ્રાણે પોતાના પિતા પ્રજાપતિને જઇને પૂછ્યું કે ''અમારામાંથી શ્રેષ્ઠ કોણ છે ? ત્યારે પ્રજાપતિએ કહ્યું કે, તમારામાંથી જેના નીકળી જવાથી આ શરીર પાપિષ્ઠ દેખાવા લાગે તે શ્રેષ્ઠ. અહીં પાપિષ્ઠનો અર્થ શંકરાચાર્ય અનુસાર 'જીવિત હોવા છતાં પ્રાણવિહીન અથવા તેનાથી પણ નિકૃષ્ટ. શબ જેવું અપવિત્ર અને અસ્પૃશ્ય.'[૮] ત્યાર પછી વાક્ ઇન્દ્રીયએ શરીરમાંથી ઉત્ક્રમણ કર્યું. એક વર્ષ શરીરની બહાર રહી પણ તેના વગર પણ શરીર ટકી રહ્યું. આમ દરેક ઇન્દ્રિયો એક-એક વર્ષ શરીરની બહાર રહી પણ દરેક વગર મનુષ્ય શરીર ટકી શક્યું. જ્યારે પ્રાણ શરીરમાંથી નીકળવા જાય છે ત્યારે જેમ એક સુવંશીય ઘોડો પોતાની ખૂંટીને પણ ઉખાડી નાખે તેમ અન્ય ઇન્દ્રિયો પણ તેની સાથે ઊખડવા લાગી. એટલે કે શરીરમાંથી ઉત્ક્રમણ કરવા લાગી. ત્યારે દરેક ઇન્દ્રિયોએ સામે જઇને કહ્યું કે, ''તમે જ અમારા સ્વામી બની રહો. અમે તમારાથી જ સંચાલિત છીએ.''

આમ, આ ઉપનિષદ 'પ્રાણ'નું એક જીવનશક્તિ તરીકેનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે. આવી જ કથા કૌશિતકી ઉપનિષદ તથા પ્રશ્નોપનિષદમાં પણ પ્રાપ્ત થાય છે. પ્રશ્નોપનિષદમાં પૃથ્વી, તેજ, જલ, વાયુ અને આકાશ આદિ દેવોના અધિષ્ઠાતા દેવો પણ પ્રાણને આધારે જ સ્થિત છે, એમ પ્રસ્થાપિત કર્યું છે. જેમ મધપૂડાને છોડીને મધુકરરાજાની પાછળ બધી મધમાખી ઊડી જાય છે અને તે પ્રતિષ્ઠિત થતાં બધી પ્રતિષ્ઠિત થઇ જાય છે, તેમ દરેક ઇન્દ્રિયો પણ પ્રાણની સાથે જ ક્રિયાવંત બને છે. આ સમગ્ર ઉપનિષદની આ કથાઓમાં 'પ્રાણ'ને સર્વ ઇન્દ્રિયોમાં શ્રેષ્ઠ એટલે કે સર્વને ક્રિયાન્વિત કરનારો જ કહ્યો છે.

પ્રશ્નોપનિષદ્ના દ્વિતીય પ્રશ્નમાં પ્રાણનો મહિમા ગાતા કહે છે કે,

एषोऽग्निः तपति एष सूर्यः
एषः पर्जन्यः मधवानेषः ।
वायुः एषः पृथिवी रयिः देवः,
सद् असद् अमृतं च यत् ॥

અર્થાત્ 'આ પ્રાણ જ અગ્નિ સ્વરૂપે તાપે છે. આ પ્રાણ જ સૂર્ય સ્વરૂપે પ્રકાશે છે તથા આ પ્રાણ જ મધવાન ઇન્દ્ર તરીકે વર્તે છે. આ પ્રાણ જ પ્રાણવાયુ છે. પૃથ્વી છે અન્ન છે. દેવોના દેવ છે. મૂર્ત તથા અમૂર્ત છે. એ જ છે તે જે અમૃત છે.[૧૦]

ઋષિ કહે છે ''જેમ રથચક્રની નાભિમાં આરાઓ તેમ પ્રાણમાં સઘળું - ઋચા-યજુ-સામ તથા ક્ષત્રિય તથા બ્રાહ્મણ બધું પ્રતિષ્ઠિત છે.[૧૧]

પ્રાણને જ ઉત્પન્ન થનાર પ્રાણીઓના સ્વામી તરીકે ગર્ભમાં સ્થિત હોવાનું કહીને તેને જ ઉત્પન્ન થયેલો માને છે.પ્રાણને અપાનાદિ અન્ય પ્રાણો સામે શરીરમાં પ્રતિષ્ઠિત થયેલો કહે છે. સૌ દેવો, ઇન્દ્રિયો, પિતૃઓ આદિને અન્ન પ્રદાન કરનાર પણ અને સૌ ઋષિઓનું સત્ય આચરણ તથા ચરિત્ર પણ પ્રાણને જ માન્યો છે. ઉપનિષદમાં ઐશ્વર્યમાં ઇન્દ્ર સમાન તેજમાં રુદ્ર, અંતરિક્ષમાં વાયુ અને જ્યોતિઓના સ્વામી સૂર્ય કહ્યો છે. પ્રાણને અન્ન આપનાર તથા આકાશચારી કહ્યો છે તથા સૌનો પાલક પણ કહ્યો છે. જે કાર્ય હાલ પણ પ્રાણવાયુ તથા અન્ય વાયુઓ દ્વારા શક્ય બની રહ્યું છે.[૧૨]

પ્રશ્નોપનિષદના દ્વિતીય પ્રશ્નના અંતિમ ભાગમાં પ્રાણને પ્રાર્થના કરી છે.

या ते तनूः वाचि प्रतिष्ठिता,
या श्रोत्रे, या च चक्षुषि ।
या च मनसि सन्तता,
शिवां तां कुरु, मा उत्क्रमीः ॥

અર્થાત્ 'જે તારું શરીર વાણીમાં, જે કર્ણમાં તથા નેત્રમાં પ્રતિષ્ઠિત છે અને જે મનમાં ફેલાયેલું છે તેને મંગળરૂપ બનાવ. રખે શરીરની બહાર નીકળતો.[૧૩] આમ, જીવનશક્તિ તરીકે પ્રાણની અહીં ઋષિએ પ્રાણ, અપાન, નાગ, કૂર્મ આદિ પાંચ પ્રાણોની સર્વશ્રેષ્ઠ તરીકે પ્રતિષ્ઠા કરી છે.

દ્વિતીય પ્રશ્નમાં પ્રાણનો સર્વ ક્રિયાની સર્વ

શક્તિ તરીકે મહિમા જાણ્યા પછી કૌશલ્ય નામના ઋષિને આ 'પ્રાણ' વિશે વધુ જિજ્ઞાસા થઇ તેથી તેઓએ પિપ્પલાદ ઋષિને પ્રશ્ન કર્યો. આ પ્રાણ ક્યાંથી ઉત્પન્ન થાય છે ? શરીરમાં કેવી રીતે આવે છે ? પોતાને પાંચ ભાગમાં વિભક્ત કરી આ શરીરમાં કેવી રીતે નિવાસ કરે છે ? ક્યા કારણથી બહાર નીકળે છે ? અને આ બાહ્ય અને આભ્યંતર જગતને કેવી રીતે ધારણ કરે છે ?[૧૪]

આચાર્ય પિપ્પલાદ કહે છે કે આ અતિપ્રશ્ન છે પરંતુ આપ બ્રહ્મનિષ્ઠ હોવાથી હું એનો ઉત્તર આપું છું.

''આ પ્રાણ આત્મામાંથી એટલે કે પરબ્રહ્મમાં ઉત્પન્ન થાય છે. જેમ મનુષ્યની છાયા એને આશ્રિત હોય છે તેમ આ પ્રાણ તે આત્મા એટલે કે પરમાત્માને આશ્રિત છે. એટલે કે આત્માથી વ્યાપ્ત છે. તે મનોમય સંકલ્પ દ્વારા એટલે કે મનના સંકલ્પથી આ શરીરમાં આવે છે.''[૧૫]

પ્રાણ તેના કર્મફલના સંસ્કારો એટલે કે સંકલ્પો દ્વારા શરીરમાં આવે છે અને જેવી રીતે એક સમ્રાટ પોતાના અધિકારીઓને અલગ-અલગ ગામોમાં નિયુક્ત કરે છે, તેમ આ મુખ્ય પ્રાણ અન્ય પ્રાણોને શરીરના અલગ-અલગ સ્થાનમાં નિયુક્ત કરે છે.[૧૬]

શરીરવિજ્ઞાનનું સમગ્ર પ્રાણવિજ્ઞાન હવે ઉપનિષદના આ મંત્રમાં પ્રાપ્ત થાય છે. આ મુખ્ય પ્રાણ કે જે આત્મવાન છે તે વાયુ અને ઉપસ્થમાં 'અપાન' વાયુને સ્થાપિત કરે છે. મુખ તથા નાસિકાઓથી નીકળી નેત્ર અને ક્ષોત્રમાં સ્વયં સ્થિત થતો મધ્યમાં સમાન તરીકે રહે છે. પ્રાણાગ્નિમાં હોમેલા અન્નને સમાન સારી રીતે શરીરમાં સર્વત્ર પહોંચાડે છે. તેથી જ આ સાત જ્ઞાન ઇન્દ્રિયરૂપી જ્યોતિ દેદીપ્યમાન થાય છે.[૧૭]

નિઃસંદેહ આ હૃદયમાં આ આત્મા રહે છે. આ હૃદયમાં એકસો ને એક નાડીઓ છે. તેમાં એક એકની વળી સો સો શાખાનાડીઓ છે. અને એ સો સો શાખાનાડીઓમાંથી વળી એક એકની બોત્તેર બોત્તેર હજાર પ્રતિશાખા નાડીઓ છે. એ બધી નાડીઓમાં વ્યાન નામનો વાયુ વિચરે છે.[૧૮]

આ મંત્રમાં વ્યાન નામના પ્રાણની ચર્ચા છે. વ્યાન વાયુ હૃદયમાં જ રહે છે અને સમગ્ર શરીરમાં રહેલી સૂક્ષ્મ એવી બોત્તેર હજાર નાડીઓમાં આ વાયુ વિચરણ કરે છે. વ્યાપક હોવાને કારણે તેને વ્યાન કહે છે. અન્ય મંત્રમાં ઉદાન વાયુનું વર્ણન છે. એક નાડી દ્વારા ઉપર તરફ ગમન કરનાર ઉદાનવાયુ ઉત્ક્રમણ સમયે જીવને પુણ્યકર્મ દ્વારા પરલોક અને પાપકર્મ દ્વારા પાપમય લોકને પ્રાપ્ત કરાવે છે તથા બંને પ્રકારના મિશ્રિત કર્મો દ્વારા મનુષ્ય લોકને પ્રાપ્ત કરાવે છે. શંકરાચાર્ય આ ઊર્ધ્વગામી નાડીને સુષુમ્ણા તરીકે ઓળખાવે છે.[૧૯]

આ પ્રાણશક્તિ શરીરની અંદર તો પ્રવર્તે છે. પરંતુ તે બાહ્ય જગતમાં કેવી રીતે વર્તે છે. તેનું નિરૂપણ પણ ઋષિ અહીં કરે છે. તેઓ કહે છે, ''હે પ્રિય શિષ્ય, બહારના જગતમાં આ સૂર્ય એ જ મુખ્ય પ્રાણ છે. સૂર્ય ઉદય પામે ત્યારે તે 'ચાક્ષુષપ્રાણ' ઉપર એટલે કે આંખમાં સ્થિત ચક્ષુઇન્દ્રિય ઉપર અનુગ્રહ કરે છે. પૃથ્વીમાં રહેલી આકર્ષણ શક્તિ એટલે કે પૃથ્વીના જે દેવતા છે, તે પુરુષના અપાનને સહાયક બનીને પ્રવર્તે છે. તેથી જ તે પૃથ્વી ઉપર આ શરીરને સ્થિર રાખે છે. શંકરાચાર્ય પણ વિજ્ઞાનના આ સિદ્ધાન્તનો ઉલ્લેખ પોતાના ભાષ્યમાં કરે છે કે, 'અપાન' જ શરીરને પૃથ્વી ઉપર સ્થિર રાખે છે. નહિ તો શરીર પોતાના ભારેપણાને કારણે પડી જાત અથવા તો અવકાશ મળવાથી કદાચ ઊડી જાત.[૨૦] આ પ્રમાણે પૃથ્વી અને દ્યુલોકની વચ્ચે જે આકાશ છે તે 'સમાન' છે. તે શરીરમાં પણ મધ્યમાં સ્થિત છે તથા પૃથ્વી અને દ્યુલોકની મધ્યમાં પણ તે જ આકાશ સ્વરૂપે સ્થિત છે. તેથી તે બંનેમાં તે સાધારણ છે. શરીરમાં જે સર્વત્ર ગમન કરનારો વાયુ છે તે જગતમાં વિચરણ કરનારો 'વ્યાનપ્રાણ' એ જ 'વાયુ' સ્વરૂપે જગતમાં સ્થિત છે. આમ, આંતરિક શરીરના આ પ્રાણ બાહ્ય જગતમાં પણ મનુષ્યની જીવનધારણ શક્તિ તરીકે જે રીતે પ્રવર્તે છે તેનું ઉત્તમ નિરૂપણ આ મંત્રમાં કરી ઋષિ 'પિંડે તે બ્રહ્માન્ડે'ની અનુભતિને સાર્થક કરે છે.

'ઉદાન'નું વર્ણન કરતાં કહે છે કે, જે પ્રસિદ્ધ આદિત્યરૂપી તે જ 'ઉદાન' છે. તેથી જેના શરીરની આ ઉષ્મા એટલે કે ઉદાનરૂપી અગ્નિ શાન્ત થઇ જતાં જ તેની ઇન્દ્રિયો મનમાં લીન થઇ જાય છે. અર્થાત મનુષ્ય મરણોન્મુખ થાય છે અને તે સ્વકર્માનુસાર પુનર્જન્મને પ્રાપ્ત કરે છે.

પ્રારંભમાં જેમ ઋષિએ કહ્યું કે પુનર્જન્મના સંસ્કાર આધારે મનના સંકલ્પથી તે ઉત્પન્ન થાય છે. તેમ અંતે પણ મનમાં જ ઇન્દ્રિયોનો વિલય દર્શાવ્યો છે. હવે પછીના મંત્રમાં 'પ્રાણ'ની ગતિ દર્શાવે છે. ઋષિ મનુષ્યની અંતિમ ગતિમાં આ 'પ્રાણ' નામની જીવનશક્તિ કઇ રીતે કાર્ય કરે છે તેનું વર્ણન કરતાં કહે છે કે,

यत् चित: तेन एष: प्राणं आयाति,
प्राण: तेजसा युक्त ।
सह आत्मना यथासंकल्पितं लोकं नयति ॥

અર્થાત્ "હવે (મરણ સમયે) જે સંકલ્પ વાળો હોય તે સંકલ્પ સહિત આ જીવાત્મા પ્રાણની તરફ આવે છે. આ પ્રાણ આત્મા તેજથી ઉદાનથી યુક્ત થઇને તે જીવાત્માને યથા સંકલ્પિત શરીરમાં લઇ જાય છે. આમ, મરણ સમયે પણ મનુષ્યને પોતાનું જીવન સુધારવાનો આદેશ છે.

ભગવદ્ગીતામાં 'અક્ષરબ્રહ્મયોગ' નામક અધ્યાયમાં ભગવાન અર્જુનને મનુષ્યની પ્રયાણ સમયની સ્થિતિનું વર્ણન કરતાં કહે છે કે, "પ્રયાણ સમયે જે પુરુષ ભક્તિયુક્ત થઇને યોગબલથી ભ્રૂકુટિની મધ્યમાં પ્રાણને્ સમ્યક પ્રકારે સ્થાપિત કરી અવિચલ મનથી જે ભગવદ્નું સ્મરણ કરે છે તે પુરુષ તે દિવ્ય પરમપુરુષને પ્રાપ્ત કરે છે.[૨૧] અહીં પ્રાણની અને અંતિમ સમયના મનના સંકલ્પની સ્થિતિ ભગવાને દર્શાવી છે.

આમ, પ્રશ્નોપનિષદના તૃતીય પ્રશ્નના અંતે પીપપ્લાદમુનિ મનુષ્યને પ્રાણવિદ્યાનું ફળ દર્શાવતાં કહે છે કે, જે મનુષ્ય પ્રાણને ઉપાસે છે તે અલ્પાયુષી કે રોગીષ્ઠ રહેતો નથી. પ્રાણની પરમાત્મામાંથી ઉત્પત્તિ, મનના સંકલ્પથી શરીરમાં તેનું આગમન, પાયુ, ઉપસ્થ આદિમાં તેનું સ્થાન, વિભુત્વ એટલે કે સમ્રાટની જેમ પ્રભુત્વ તથા પ્રાણની આદિત્ય આદિ રૂપે બાહ્ય અને ચક્ષુરૂપે આંતરિક સ્થિતિ આદિને જાણી મનુષ્ય અમરત્વને પ્રાપ્ત કરે છે. અમરત્વ એટલે કે અહીં દીર્ઘ અને તંદુરસ્ત તથા ઉત્તમ આધ્યાત્મિક જીવનની વાત કરી છે.[૨૨]

ચતુર્થ પ્રશ્ન સૌર્યાયણી ઋષિ દ્વારા પૂછવામાં આવ્યો કે, "શરીરના સૂવા સમયે ઇન્દ્રિયો અને પ્રાણમાંથી કોણ સૂવે છે ? અને કોણ જાગે છે ? કોણ સ્વપ્ન જુવે છે ? અને સુષુપ્તિનું સુખ કોને થાય છે ? પિપ્પલાદ મુનિ ખૂબ સુંદર રૂપક દ્વારા આ પ્રશ્નનો ઉત્તર આપે છે કે સૂર્યાસ્ત થતાં જેમ સૂર્ય તેના કિરણોને પોતાનામાં સમાવી લે છે તેમ શરીરના સૂઇ જતાં બધી ઇન્દ્રિયો તેઓમાં મુખ્ય એવી મન ઇન્દ્રિયમાં એકત્રિત થઇ જાય છે. તે સમયે આ પ્રાણરૂપી અગ્નિ જ શરીરમાં જાગે છે. અહીં ઋષિએ અપાનને ગાર્હપત્ય, વ્યાનને દક્ષિણાગ્નિ અને પ્રાણને આહવનીય અગ્નિ કહ્યો છે. અગ્નિહોત્રના પ્રતીક દ્વારા ઋષિ આ શરીર અગ્નિઓને વર્ણવે છે. મુખ્ય એવા પ્રાણરૂપી આહવનીય અગ્નિમાં શ્વાસ અને ઉચ્છ્વાસ રૂપી બે આહુતિઓ તેને અર્પિત થયા કરે છે અને આ બંને આહુતિને સમાન વાયુ શરીરમાં લઇ જાય છે. આ ચોવીસ કલાક નિરંતર ચાલતા યજ્ઞનો યજમાન મનથી જોડાયેલો મનોમય આત્મા છે. અને આ યજ્ઞનું ફળ એ ઉદાન વાયુ છે જે આ જીવાત્મા પરમાત્મા સુધી પહોંચાડે છે.

આ મનોમય આત્મા જ સુષુપ્તિ અવસ્થાની અનુભૂતિ કરે છે તથા જેમ પક્ષી પોતાનો ચારો લેવા દિવસભર જુદી-જુદી દિશાઓમાં ફરી રાત્રે પાછું પોતાના મૂળ વૃક્ષ ઉપર આવીને નિવાસ કરે છે. તેમ જાગૃત અવસ્થામાં તમામ એટલે કે પંચમહાભૂતો, પંચતન્માત્રાઓ, અગિયાર ઇન્દ્રિયો તેના વ્યાપારો, બુદ્ધિ, અહંકાર, ચિત્, તેજ અને પ્રાણ આદિ એટલે કે સમસ્ત ક્રિયાઓ પરબ્રહ્મમાં લીન થાય છે. ક્રિયાન્વિત એવો જે મનોમય આત્મા છે તે પણ અવિનાશી આત્મામાં સ્થિત થાય છે. આમ, આ મુખ્ય પ્રાણ જ બ્રહ્મ સ્વરૂપ છે.[૨૩]

 ISSN 0976-9609

ઉપનિષદોમાં આપણા ઋષિમુનિઓ દ્વારા જે પ્રાણનું આર્ષદર્શન રજૂ થયું છે, એ જીવનવિદ્યાનો યોગવિદ્યામાં પ્રાણાયામ વિદ્યા તરીકે પણ વિકાસ થયો. આપણું પ્રાણમય શરીર કે જે આત્માના પંચકોશમાંથી એક છે તે વિદ્યાનું શારીરિક અને આધ્યાત્મિક જગતમાં અત્યંત મહત્ત્વ રહેલું છે, જેને કારણે યોગવિદ્યાનો વિકાસ થયો. દરેક દર્શનોમાં પ્રાણવિદ્યાનું વિશેષ મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું જ છે. યોગદર્શનમાં અષ્ટાંગ યોગમાં પ્રાણાયામને એક મહત્ત્વપૂર્ણ અંગ તરીકે પતંજલિમુનિએ તથા હઠયોગમાં પણ સ્થાન આપ્યું છે. 'હઠયોગપ્રદીપિકા' આ પ્રાણવાયુનું મહત્ત્વ પ્રસ્થાપિત કરતાં કહે છે કે

यावद्वायुः स्थितो देहे तवज्जीवनमुच्यते ।
मरणं तस्य निष्क्रान्तिस्ततो वायुं निरोधयेत् ॥

"જ્યાં સુધી શરીરમાં પ્રાણવાયુ રહેલો હોય ત્યાં સુધી જ જીવન છે એમ કહેવાય છે અને એ પ્રાણવાયુના શરીરમાંથી ચાલ્યા જવાથી મરણ કહેવામાં આવે છે માટે જીવનના હેતુ અર્થે પ્રાણવાયુનો નિરોધ કરવારૂપ પ્રાણાયામ કરવો જરૂરી છે."[૨૪]

યોગસાધનાના ઘણા ઉપનિષદો પણ પ્રાપ્ત થાય છે. જેમાં યોગકુંડલી ઉપનિષદ, બ્રહ્મબિંદુ ઉપનિષદ, શાંડિલ્ય ઉપનિષદ, યોગતત્ત્વ ઉપનિષદ, ધ્યાનબિન્દુ ઉપનિષદ, યોગશિખા ઉપનિષદ, યોગચૂડામણિ ઉપનિષદ આદિનો સમાવેશ થાય છે, જે પ્રાણાયામની વિવિધ રીતે ચર્ચા કરે છે.

યમ, નિયમ અને આસન એ તો અધિકારી બનવા માટેનાં પ્રાથમિક અંગો છે. પરંતુ ધારણા, ધ્યાન અને સમાધિ માટે પ્રાણાયામનો અભ્યાસ ચિત્તની ચંચળતાને રોકવાનું મહત્ત્વનું સાધન છે.

શ્વાસ-પ્રશ્વાસની સ્વાભાવિક નિરંતર પ્રવહણશીલ ગતિનો વિચ્છેદ થવો એ જ પ્રાણાયામ છે. મહર્ષિ પતંજલિ કહે છે, तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ॥ તેમાં (આસનમાં) સ્થિરતા આવ્યા પછી જ શ્વાસપ્રશ્વાસની ગતિનો વિચ્છેદ તે પ્રાણાયામ.'[૨૫]

રેચક, પૂરક અને કુંભક અને ચતુર્થ એમ ચાર પ્રકારના પ્રાણાયામ પતંજલિએ દર્શાવ્યા તેને દેશ, કાળ અને સંખ્યા વડે નિયમિત કરવાના વિધિ દ્વારા દીર્ઘ અને સૂક્ષ્મ કરવાનો વિધિ પણ દર્શાવ્યો છે. સાથે-સાથે કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ પ્રકારના પ્રાણાયામનું પણ ચિંતન તેઓ કરે છે. મહર્ષિ પતંજલિ કહે છે કે, "આ પ્રાણાયામથી જ બુદ્ધિસત્ત્વનું આવરણ (પાપ અને તેનું આવરણ એવું કલેશ) ક્ષય પામે છે.'[૨૬] અર્થાત, મનુષ્યના રાગ-દ્વેષનો ક્ષય થાય છે. તેથી પ્રાણાયામ ઉત્તમ સાધન કહેવાયું છે.

આમ તત્ત્વતઃ તો વધતો જતો પ્રાણાયામ જ ધ્યાન, ધારણા અને સમાધિ તરીકે સંબોધવામાં આવે છે. અંતે તો આ પ્રાણવિદ્યા જ સમાધિ સુધી પહોંચાડે છે. અને સમાધિમાં સ્વપ્રકાશક એવી પરમ જ્યોતિનું દર્શન પ્રાપ્ત થાય છે, જે મુક્તિ આપનાર છે.

**સંદર્ભ :**


૧. પોલ ડોયસન, ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન. પૃષ્ઠ-૮-૯
२. प्रश्नोपनिषद् - १/३
૩. એજન-૧/૪
४. शांकरभाष्य-प्रश्नोपनिषद् -१/४ गीताप्रेस, गोरखपुर, पृष्ठ-३२५
५. आदित्यः ह वै प्राणः रयिःएव चंद्रमा । रयिः वै एतत् सर्वे्, यत मूर्ते च अमूर्ते च । तस्मात मूर्तिः एव रयि ॥ એજન-૧/૫
૬. એજન-૧/૬
७. यो ह वै ज्येष्ठं च श्रेष्ठं च वेद ज्येष्ठश्च ह वै श्रेष्ठश्च भवति प्राणो वाव ज्येष्ठश्च श्रेष्ठश्च ॥ छान्दोग्योपनिषद् - ७/१
८. शांकरभाष्य - छान्दोग्योपनिषद् - ५/७, गीताप्रेस, गोरखपुर, पृष्ठ-३९८
९. छान्दोग्योपनिषद् - ५/१२-१५
१०. प्रश्नोपनिषद - २/५
૧૧. એજન-૨/૬
૧૨. એજન-૨/૭-૧૧
૧૩. એજન-૨/૧૨

૧૪. એજન-૩/૦૧
૧૫. એજન-૩/૦૩
૧૬. એજન-૩/૦૪
૧૭. એજન-૩/૫
૧૮. એજન-૩/૦૬
૧૯. એજન-૩/૦૭ शांकरभाष्य – પૃષ્ઠ-૩૫૬
૨૦. એજન-૩/૦૮ शांकरभाष्य – પૃષ્ઠ-૩૫૮
२१. श्रीमद्‌भगवद्‌गीता – ८/१०
२२. प्रश्नोपनिषद – ३/१२
२३. वही – ४/१-१०
२४. हठयोगप्रदीपिका–२/३
२५. पातञ्जलयोगदर्शन–२/४८
२६. ततःक्षीयते प्रकाशावरणम् ॥ वही – २/५२

**संदर्भग्रंथ सूचि :**


१. शास्त्री, पण्डित जगदीश । (१९७०) उपनिषत्संग्रहः । मोतीलाल बनारसीदास, दिल्ली, प्रथम संस्करण ।
२. गोयन्दका, श्री हरीकृष्ण । (अनुवादक). (सं.२०६९), श्रीमदभगवद्‌गीता । शांकरभाष्य हिन्दी अनुवाद सहित, गीताप्रेस गोरखपुर, इकतीसवाँ पुनर्मुद्रण ।
३. ईशादि नौ उपनिषद (शांकरभाष्य सहित)। (सं.२०६६) गीताप्रेस, गोरखपुर, छठा पुनर्मुद्रण ।
૪. શાહ, હરજીવન કેશવજી (૧૯૯૯) श्रीपातञ्जलयोगदर्शन. આનન્દ આશ્રમ બીલખા (સૌરાષ્ટ્ર) આઠમી આવૃત્તિ.
૫. શર્મા, નાથુરામ પ્રણિત (સંપા), તાત્પર્યદીપિકા ટીકા સહિત. શ્રી ઉપનિષદો. આનન્દ આશ્રમ બીલખા (સૌરાષ્ટ્ર) પંચમ આવૃત્તિ, ૧૯૫૩
૬. શ્રીભાણદેવ (૨૦૧૨) ઉપનિષદ-વિદ્યા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, નવસંસ્કરણ.
૭. જોશી, વાસુદેવ મહાશંકર. (અનુ.) (૨૦૧૪), હઠયોગપ્રદીપિકા, સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય
૮. ડોયસન, પોલ, વ્યાસ, રામકૃષ્ણ (અનુ.) (૨૦૧૦) ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ.



સંસ્કૃત વિભાગ,
એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજ,
(ઓટોનોમસ), આણંદ
(મો) ૯૭૨૭૭૭૮૪૧૮


॥ વિદ્યાવૃત્ત ॥

**વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટીના ફૂટબોલ ટુર્નામેન્ટમાં પહેલીવાર ભાગ લેવા માટે સી.વી.એમ.યુનિવર્સિટીની ટીમ તૈયાર :** તા. ૧૯ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટીની ફૂટબોલ ટુર્નામેન્ટ મધ્યપ્રદેશના જબલપુર મુકામે રાની દુર્ગાવતી વિશ્વવિદ્યાલય ખાતે યોજાનાર છે. ત્યારે આ ટુર્નામેન્ટમાં પહેલીવાર ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ટીમ પણ ભાગ લેવા જઈ રહી છે. આ ટીમના ખેલાડીઓને છેલ્લા ઘણા સમયથી સી.વી.એમ.ફૂટબોલ એકેડેમીના ડાયરેક્ટર ગોપાલ કાગના માર્ગદર્શન હેઠળ કોચિંગ આપવામાં આવી રહ્યું હતું. જેમને પોતાના અનુભવનો પૂરો પ્રયોગ કરીને સતત જુદી જુદી ટીમો સાથે ફ્રેંડલી મેચો રમાડીને આ ટીમના ખેલાડીઓને તૈયાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ત્યારે આજરોજ ટીમની તૈયારીને આખરી ઓપ અપાયો હતો. ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે એક કાર્યક્રમનું આયોજન શાસ્ત્રી મેદાન ખાતે રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સીવી.એમ.યુનિવર્સિટીના જોઈન્ટ સેક્રેટરી અને આણંદ જિલ્લા ફૂટબોલ સંઘના પ્રમુખ મેહુલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ટીમના દરેક ખેલાડીઓને સ્પોર્ટ્સ કીટ આપી આશીર્વાદ આપ્યા હતા, અને ટીમ સારું પ્રદર્શન કરી યુનિવર્સિટીનું નામ રોશન કરે તે માટે મોટિવેશન સ્પીચ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ટીમના મેનેજર જીતેન્દ્ર ડાંગી દ્વારા કરવામાં આવ્યું હતું.

॥ વક્તવ્ય॥

## સરદાર પટેલ યુનિવર્સિટીના ૬૫મા દીક્ષાંત સમારોહ પ્રસંગે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વક્તવ્યના સંકલિત અંશો

અનુવાદ : ઉર્વીશ છાયા

**ॐ असतो मा सद्गमय । तमसो मा ज्योतिर्गमय । मृत्योर्मा अमृतं गमय । ॐ शान्तिः शान्तिः शान्तिः॥**

સરદાર પટેલ વિશ્વવિદ્યાલય એ એક એવું નામ છે. જેની સાથે ભારતવર્ષની દરેક રાષ્ટ્રભક્ત વ્યક્તિ પરિચિત છે. સરદાર વલ્લભભાઇ પટેલનું નામ આપણને સર્વેને પ્રેરણા આપનારું છે. ભારતવર્ષ કે જે સ્વાતંત્ર્ય પછી પણ અલગ-અલગ રજવાડાઓમાં વહેંચાયેલું હતું ત્યારે આજના અખંડ ભારતનું ભવ્ય સ્વરૂપ સરદાર પટેલને આભારી છે. સરદાર વલ્લભભાઇ પટેલનું નામ આપણા સર્વે માટે અને રાષ્ટ્ર માટે પ્રતિષ્ઠા, ગૌરવ અને સન્માનનું પરિચાયક છે. આજે જ્યારે મેં વિશ્વવિદ્યાલયના કુલપતિ પાસેથી જાણ્યું કે સરદાર પટેલ વિશ્વવિદ્યાલય સાથે ૫૬,૦૦૦ જેટલા વિદ્યાર્થી ભાઇઓ-બહેનો સંકળાયેલા છે. ત્યારે આવા મહાનુભાવોથી પ્રેરિત આ વિદ્યાર્થી દીકરા-દીકરીઓ જો રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણ ભાવથી આગળ વધે તો આપણે ખૂબ જ ઝડપી ગતિએ એક શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ કરી શકીએ. એક સમય એવો હતો જ્યારે વિદ્યાર્થીઓ અહીં પ્રવેશ મેળવવા આવ્યા હતા અને આજે શિક્ષિત-દીક્ષાંત પૂર્ણ કરી કાર્યક્ષેત્રમાં જવાના છે.

પ્રાચીન ભારતની સંસ્કૃતિ પ્રમાણે આજનો આ દિવસ ખૂબ ગંભીર છે. આજે ચિંતન કરવાનો દિવસ છે કે જે લક્ષ્ય સાથે માતા-પિતાએ પોતાના બાળકને આપણા વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ અપાવ્યો શું તે આપણે પૂર્ણ કરી શક્યા ? વિદ્યાપ્રાપ્તિ પછી દીકરો કે દીકરી જો એક જવાબદાર નાગરિક ન બની શકે તો આ ડિગ્રી, આ ભણતર કશા કામનું નથી. અને આથી જ વિદ્યાર્થીઓને તેમની જવાબદારીનું ભાન થાય તે અતિ આવશ્યક છે. આપણે શા માટે જીવન જીવીએ છીએ ? ખાવા, પીવા અને મોજ કરવા માટે જીવન છે ? એક અહેસાસ ઉત્પન્ન થવો જોઇએ કે જે માતા-પિતાએ જન્મ આપ્યો તેમના પ્રત્યે આપણું શું ઉત્તરદાયિત્વ છે. મારા કુળનું ગૌરવ વધે તેવું કાર્ય મારે કરવું છે. જે સમાજે શિક્ષણ આપ્યું જે દેશનું અન્ન ખાઇએ છીએ, પાણી પીએ છીએ એ ભારતમાતા પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ ઉત્પન્ન થયો છે કે કેમ ? આવી જવાબદારી વિદ્યાર્થીઓમાં આવવી જ જોઇએ. દેવત્વનો ગુણ એટલે કે હું પોતાની આત્માને બીજાની આત્મામાં જોઇ શકું અને બીજાના સુખદુઃખને પોતાના સુખદુઃખ માની શકું તેવું જવાબદારીપૂર્વકનું જીવન જ પૂર્ણતા તરફ લઇ જાય છે. અને આપણે જો આ કરી શકયા હોઇએ તો જ આજે અધ્યાપકગણ સંતોષ માની શકે.

આપણે આજે ભૌતિકવાદી વિકાસ તરફ દોટ મૂકી છે. પહેલાં કરતાં રેલ, નહેર, ભવ્યભવન સાયન્સ-ટેક્નોલોજી વગેરેમાં ખાસ્સા ઉન્નત થયાં છીએ. પહેલાં અંધકાર દૂર કરવા દીવો કરતાં હવે એક બટન દબાવી અંધકારી દૂર કરીએ છીએ. પહેલાં બળદગાડી કે ઘોડાગાડીમાં પરિવહન માટે મહિનાઓ લાગતા તે પ્રવાસ હવે કલાકોમાં ખેડાય છે. સારી વાત છે. પણ જો કોઇ ચિંતાનો વિષય હોય તો તે છેઃ ભારતીય સંસ્કૃતિનો હ્રાસ અને જવાબદારીઓનો અભાવ. ભૌતિક વિકાસની સાથે સાથે આપણે ત્યાં વૃદ્ધાશ્રમોનો પણ  વિકાસ થઇ રહ્યો છે. જે માતા-પિતાએ ડોક્ટર, એન્જિનિયર, બેરિસ્ટર બનાવ્યા, જીવન જીવતાં શીખવ્યું. તે માતા-પિતાને આપણે વૃદ્ધાશ્રમમાં મૂકી દઇએ છીએ આપણા પારિવારિક તાણાવાણા ભૌતિક વિકાસની સાથે ક્યાંક તૂટી રહ્યા છે.

તાજેતરમાં હરિયાણા રાજ્યમાં મારા એક હાઇકોર્ટ જજ મિત્રને ત્યાં ભોજન અર્થે જવાનું થયું ત્યારે તેમણે કહ્યું કે 'તમારા ગુજરાતમાં તો ઘણું સારું સમાજજીવન છે. પણ અહીં ઉત્તર ભારતમાં તો ત્રણ-ત્રણ લગ્નો થાય છે. જેમાંના બે લગ્નો તૂટી જાય છે. અને ત્રીજું લગ્ન લડતા-ઝઘડતા ચાલુ રહે છે. મારી કોર્ટમાં મોટા ભાગના કેસો પતિ-પત્નીના ઝઘડાને લગતા હોય છે.'' જો આમ હોય તો શિક્ષા અને

ભણતર પછી પણ આપણે કઇ દિશામાં જઇ રહ્યા છીએ ?

વ્યાવસાયિક જીવનમાં પણ આપણે જે પદ પર છીએ તે પદને લગતી જવાબદારીનું નિર્વહન પ્રામાણિકતાથી કરીએ છીએ ખરા ? પહેલા નોકરી ન મળે તો કાગારોળ કરવી અને જો મળી જાય તો અધિકારની જાગૃતિ પહેલા આવે છે અને કર્તવ્ય સ્પર્શતું પણ નથી. જો ઇમાનદારીથી એક-એક વ્યક્તિ રાષ્ટ્ર પ્રત્યે સમર્પણભાવ, કર્તવ્યભાવ, સચ્ચાઇ અને પ્રામાણિકતાથી કાર્ય કરે તો ભારતને 'સોને કી ચિડિયા' કે 'વિશ્વગુરુ' બનાવવાનો સંકલ્પ વર્ષોમાં નહિ, પરંતુ મહિનાઓમાં પૂર્ણ થઇ જાય.

દુનિયાનું સૌથી મુશ્કેલ કામ આવા મનુષ્યો તૈયાર કરવાનું છે. જો આ ન થયું તો બધી જગ્યાએ પતન છે, બારૂદ છે. આતંકવાદ છે. મહત્વનું કામ છે માનવીને માણસ બનાવવો અને હું વારંવાર કહું છું કે આ મુશ્કેલ કામ જવાબદાર અધ્યાપક-ગુરુજન જ કરી શકે. રાષ્ટ્રનું નિર્માણ અને વિકાસ પશુ-પક્ષી, નદી-નાળાં, જીવ-જંતુ, રેલ, રોડ, મકાન, વિમાનથી નહિ પણ વીરપુરુષોનાં શૌર્યથી, વીરમાતાઓના સતીત્વથી અને ઉત્તમ ચારિત્ર્યયુક્ત જવાબદાર રાષ્ટ્રને સમર્પિત યુવાપેઢીથી થાય છે.

પ્રાચીન ભારતમાં દીક્ષાંત સમારોહ પ્રસંગે ગુરુ આવો જ ઉપદેશ આપતા કે, અમે તમને અક્ષરજ્ઞાન, આધ્યાત્મિક જ્ઞાન અને ભૌતિકવાદનું જ્ઞાન આપ્યું હવે તમારા કાર્યક્ષેત્રમાં તેનો જવાબદારીપૂર્વકનો વિવેકપૂર્ણ ઉપયોગ કરો. સત્યં વદ્, ધર્મંમચ્, ક્રોધાન્ વર્જ્ય, સ્વાધ્યાય પ્રમાદભ્યામ, માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ, આચાર્ય દેવો ભવ, અતિથિ દેવો ભવ.

આ ઉપદેશ જીવનમાં ઉતારવા માટે હતો. એક રોચક ઘટનાની વાત કરી મારા વક્તવ્યનું સમાપન કરીશ. જે સમયે અરવલ્લી પર્વત પર ગુરુગ્રામમાં ગુરુદ્રોણ પાસે કૌરવો અને પાંડવો શિક્ષા લેતા હતા ત્યારે ગુરુદ્રોણે તેમને એક પાઠ શીખવ્યો 'ક્રોધાન્વ્રજર્ય' ક્રોધ ન કરવો જોઇએ તે પાપ છે. બસ આટલું શીખવ્યું અને કહ્યું કે કાલે આ પાઠ યાદ કરીને આવવો. બીજે દિવસે યુધિષ્ઠિર સિવાય બધા આ પાઠ બોલી ગયા ત્યારે ગુરુદ્રોણે કહ્યું કે ''યુધિષ્ઠિર તમે જ્યેષ્ઠ છો અને રાષ્ટ્રની જવાબદારી તમારા શિરે આવવાની છે તો શું તમે આ નાનો અમથો પાઠ કંઠસ્થ કરી શકતા નથી ?'' બીજે દિવસે ગુરુદ્રોણે એક નવો પાઠ શીખવ્યો. 'સત્યમ્ વદ્' અને પછીના દિવસે બંને પાઠો કંઠસ્થ કરી આવવા જણાવ્યું પરંતુ ફરીથી પછીના દિવસે યુધિષ્ઠિર આ પાઠ બોલી શકયા નહિ ત્યારે ગુરુદ્રોણ અકળાયા અને યુધિષ્ઠિરને તેની જવાબદારીનું ભાન કરાવી ત્રીજો પાઠ 'ધર્મંમચ્' શીખવ્યો અને ત્રણેય પાઠ કંઠસ્થ કરી આવવા કહ્યું પરંતુ પછીના દિવસે પણ યુધિષ્ઠિર ત્રણેય પાઠ બોલવામાં અસમર્થ રહ્યા અને આથી ગુરુદ્રોણે ક્રોધિત થઇ યુધિષ્ઠિરને તમાચો માર્યો ત્યારે યુધિષ્ઠિર હસતાં હસતાં બોલ્યા કે ''ગુરુદેવ આપના ક્રોધિત થવા છતાં મને ક્રોધ આવ્યો નથી અને આજે મને પહેલો પાઠ ''ક્રોધાન્ વર્જ્ય બરાબર પાકો થઇ ગયો છે.'' ત્યારે ગુરુદ્રોણે કહ્યું કે તું પાસ થયો અને હું નાપાસ. કારણ અહીં જે મનમાં હતું તે જ વાણીમાં હતું અને જે વાણીમાં હતું તે કર્મમાં. આ હતી ભારતીય જીવનશૈલી અને ભારતીય શિક્ષણની પરંપરા.

બીજો એક પ્રસંગ છે ઇટાલીની કોમ્પ્યુનિસ્ટ પાર્ટીના સંસ્થાપક ઇગ્નેઝિયોસિલોનનો. તેઓ એક દિવસ સ્ટેલિન પાસે ગયા અને કહ્યું કે હું આપને મારા રાજનૈતિક ગુરુ બનાવવા માગું છું ત્યારે સ્ટેલીને ઇગ્નેઝિયોસિલોનને જે પહેલો પાઠ શીખવ્યો હતો તે એ હતો કે રાજનીતિમાં સફળ થવું હોય તો મનમાં હોય તે વાણીમાં ન લાવવું અને ભૂલેચૂકે વાણીમાં આવી જાય તો કર્મમાં તો ન જ લાવવું. અહીં આપણને ખ્યાલ આવે છે કે બે સંસ્કૃતિઓ વચ્ચે કેટલો વિરોધાભાસ છે !

આજે આપણે બે પ્રકારની જિંદગી જીવીએ છીએ: પબ્લિક લાઇફ અને પ્રાઇવેટ લાઇફ. આજનો કહેવાતો ભણેલ-ગણેલ અલ્ટ્રામોર્ડન વર્ગ કહે છે કે પબ્લિક લાઇફ અને પ્રાઇવેટ લાઇફ અલગ-અલગ હોય છે. કોઇ વ્યક્તિ એની પ્રાઇવેટ લાઇફમાં જેમ જીવવું હોય તેમ જીવે. ખાવું પીવું હોય તે ખાયપીવે જે પહેરવું ઓઢવું હોય તે પહેરે. આપણે કોઇની


ISSN 0976-9609

પ્રાઇવેટ લાઇફમાં દખલ કરવી જોઇએ નહિ. આ આજનો વિચાર છે. પણ શું ભારતીય પરંપરા આ તર્કમાં માને છે ? ગાંધી અને પટેલનો શું વિચાર છે ? જેની પ્રાઇવેટ લાઇફ ગંદકીથી ભરેલી હોય તેની પબ્લિક લાઇફ કઇ રીતે સ્વચ્છ હોઇ શકે ? દારૂડિયો દારૂ ન પીવાનું ભાષણ આપે અને ચોર ચોરી ન કરવાની શિખામણ આપે તો તે કેટલું તર્કસંગત છે ? ભારતીય પરંપરા પ્રમાણે એક જ પ્રકારના જીવન જીવવાની વાત છે. જેમાં સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, સંતોષ, તપ, ઇશ્વરપ્રણિધાન, સ્વાધ્યાય, ત્યાગ વગેરે મૂલ્યોને આદર્શ માનવામાં આવ્યા છે.

આજના દીક્ષાંત સમારોહ પ્રસંગે દીકરા-દીકરીઓને નિવેદન કરીશ કે ભારતીય જીવન મૂલ્યોને વાંચો, જીવનમાં ઉતારો અને ભારતીય જીવનની પરિપૂર્ણતાનો આધાર બનાવો. એવા જવાબદાર નાગરિક બનો કે તમારા માતા-પિતા, ગુરુજન, સમાજ અને રાષ્ટ્રને તમારા પ્રત્યે ગર્વની અનુભૂતિ થાય. આપ જ્યાં પણ રહો, ભારતીય જીવન પરંપરાથી પરિપૂર્ણ રહો, રાષ્ટ્રને સર્વોપરિ માનો, કુળના ગૌરવને નીચું ન જવા દો. અચ્છાઇ અપનાવો અને બૂરાઇઓનો ત્યાગ કરો. નિર્વ્યસની જીવન જીવો. આ જીવનશૈલી જ આત્માને પરમાત્મા સાથે જોડવાનો એક માત્ર માર્ગ છે. અને આ નિવેદન સાથે કુલપતિ મહોદય અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવું છું. અહીં જે બાળક આવે તેમાંથી સારા નાગરિકો તૈયાર થાય અને ઉચ્ચશિક્ષણના સંસ્થાનો જીવનમૂલ્યોની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવે તેવી આશા સેવું છું.

આપણા યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી જે ગુજરાતની ધરતીની દેન છે. કેટલો પરિશ્રમ અને ત્યાગ તેમણે કર્યો છે. પરિવાર આપણો પણ છે. તેમનો પણ છે, પણ તેઓએ સમગ્ર રાષ્ટ્રને પોતાનો પરિવાર બનાવી દીધો છે અને રાત-દિવસ રાષ્ટ્રના ઉત્થાન માટે પ્રયત્નશીલ છે. ત્યારે આપણે તેમને આદર્શ માનીને તેમના રાષ્ટ્રનિર્માણના કાર્યમાં સહયોગ આપીએ. તેઓ જ્યારે દેશની ગરિમાનો દિગ-દિગંતમાં પ્રસાર કરવા પ્રયત્નશીલ છે, ત્યારે તેમની વિચારધારા ના સહયોગી બનીએ. આપ ગુજરાતનાં લોકો વિવેકશીલ અને સમજદાર છો અને વારંવાર પોતાની સમજદારીનો પરિચય આપતા રહ્યા છો. તે માટે આપને અભિનંદન આપું છું. સાધુવાદ પાઠવું છું અને આપ સર્વેના મંગલ ભવિષ્યની કામના કરું છું.

ધન્યવાદ.

અધ્યક્ષ, માઇક્રોબાયોલોજી વિભાગ
એન.વી.પટેલ સાયન્સ કોલેજ,
વલ્લભ વિદ્યાનગર, (મો) ૯૮૨૫૪૦૯૩૯૮

## ॥ વિદ્યાવૃત્ત ॥

**નલિની કોલેજમાં સંવિધાન દિનની ઉજવણી કરવામાં આવી :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કોલેજના એન.સી.સી. વિભાગ દ્વારા સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો. બી. એમ. પરમાર, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. એમ. એસ.પરમાર, એન.સી.સી.ના મેજર બી. એમ. ઝાલા, એએનઓ લેફ્ટિનેન્ટ પ્રિયંકા ચૌહાણ, લેફ્ટિનેન્ટ વિપુલ પરમાર તથા સમગ્ર નલિની પરિવારના સર્વે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી ઉદ્બોધન કરતાં કોલેજના આચાર્ય ડો. બી. એમ. પરમારે સંવિધાન લાગુ કરવા પાછળના ઉદ્દેશોને જણાવતાં કહ્યું હતું કે ૨૬ નવેમ્બર ૧૯૫૦ થી સંવિધાન લાગુ કરવામાં આવ્યું હતું. તેની પાછળનું કારણ સામાજિક, આર્થિક, રાજનૈતિક ન્યાય, વિચાર અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા, સમાનતા, રાષ્ટ્રની એકતા અને અખંડિતતા તેમજ સર્વધર્મ સમભાવ, બંધુત્વ અને લોકતાંત્રિક રાષ્ટ્રનું નિર્માણ છે.

કાર્યક્રમના અંતમાં એન.એન.સી.ના કેડેટ્સ અન્ડર ઓફિસર કાર્તિક માધુસિંહ ઠાકોર દ્વારા સંવિધાન શપથનું વાચન કરવામાં આવ્યું, જેમાં સમગ્ર નલિની પરિવારના સભ્યો તથા કોલેજના એન.સી.સી. કેડેટ્સ દ્વારા શપથ લેવામાં આવ્યા હતા.

## S S Patel College of Physical Education, Vallabh Vidyanagar

**Dr. B L Nagar**

### INTRODUTION

One of the greatest sons of India Late Shri Sadar Vallabhbhai Patel inspired Shri Bhaikaka and Shri Bhikhabhai Saheb for rural resurgence of post independent India through education and Charutar Vidya Mandal was born. Charutar Vidya Mandal was established in the year 1945 as a charitable education trust with a prime objective of rural deve lopment through education.

The college was established by Charutar Vidya Mandal as S.S.Patel College of Physical Education on 2nd September, 2002. The main purpose of establishing this institute was to upgrade the status of physical education by offering B.P.ED. course in the Gujarat state. Shri Shantilal Shankarbhai Patel is the donor of the institute. Earlier we were affiliated to Sardar Patel University then after Swarnim Gujarat Sports University. At present we are the constituent college of The CVM University, Vallabh Vidyanagar, a state Government Private University from the academic year 2020.

The college is co-educational and is fully residential. The institute has a vast and well-laid campus, magnificent building, spacious playground, excellent residential accommodation, indoor badminton hall and indoor gymnasium etc.The college is well equipped with seven laboratories, each of sports psychology, sports medicine, biomechanics, health education, anatomy and physiology, educational technology and physiotherapy. The college has well qualified teaching staff having excellent teaching caliber with diligent working capacity. The college also organizes seminars and workshops for the promotion of physical education and sports.

### The Aims and objectives

To create and nourish a stimulating learning environment that ensures a globally relevant education based on eternal human values.

To forge and reward excellence in curricular as well as non-curricular sectors so as to ensure the scholars global competitiveness.

To evoke and embellish the finest traits of human excellence that goes on to dovetail into a sustainable career growth curve.

To affiliate, associate, liaise of otherwise synergies with any institution, body, entity, ethno cultural diaspora and the overall global fraternity.

To initiate, consolidate and extrapolate any objective, functions and activities.

 ISSN 0976-9609

Revamp Physical Education in school, college and universities.

Infuse and enliven the mission 'Fitness and Wellness'

Strategic support to instill 'Sports culture and sportsman spirit in Gujarat through 'Khelmahakumbh'

To offer unique graduate, post-graduate and research programmes in physical education, applied sports science and coach education program.

**MOTTO**

To excel sports culture which promotes inescapable spiritual and ethical dimension that exists within sports and sports persons.

**VISION**

The prime endeavor of the college is to offer opportunities towards manifestation, transformation and channel of communication on the power of good inherent in sports and sportsman.

**MISSION**

The S.S.Patel College of Physical Education is committed to achieve excellence in teaching, coaching and research to excel excellent educators in the field of Physical Education and sports sciences that helps to protect, sustain, and enhance top form of sports persons in modern competitive sports and games, and traditional Indian games.

**COURSES OFFERED**

Bachelor of Physical Education and sports (B.P.E.S.)

**Duration :** 3 Years (6 semesters) As per UGC Norms

**Eligibility** : 12 Pass (Any Stream)

**Intake Capacity :** 40

**Admission Process :**

Any student who has completed and cleared 12TH Standard from any stream and Physical Fitness test are the eligible for the course.

**Bachelor of Physical Education (B.P.ED.)**

**Duration :** 02 Years (4 Semesters) As per NCTE Norms

**Eligibility :** Bachelor's Degree (in any Discipline)

**Intake Capacity :** 55

**Admission Process**

(a) Bachelor Degree in any discipline with 50% marks and having at least participation in the inter college/ Inter-Zonal/District/School competition in sports and games as recognized by the AIU/IOA/SGFI Govt. of India.

**Or**

(b) Bachelor's degree in physical education wit 45% marks.

**Or**

(c) Bachelor's degree in any discipline with 45% marks and stud-

ied physical education as compulsory/elective subject.

**Or**

(d) Bachelor degree with 45% marks and having participated in National/ Inter University/ State competition or secured 1st, 2nd, or 3rd position in inter College/ Inter- Zonal/district/School competition in sports and games as recognized by the AIU/IOA/SGFI Govt. of India.

**Or**

(e) Bachelor degree with participation in international or secured 1st, 2nd, or 3rd position in National/ Inter-University competition in sports and games as recognized by respective federation / AIU/ SGFI/Govt. of India.

Or

(f) Graduation with 45% marks and at least three years of teaching experience (for deputed in-service candidates i.e. trained physical education teachers/coaches).

The relaxation in the percentage of marks in the Qualifying examination and in the reservation of seats for SC/ST/OBC and other categories shall be as per the rules of the Central Government/ State Government, whichever is applicable.

**Master of Physical Education and Sports (M.P.E.S.)**

**Duration :** 2 Years (4 Semesters) As per UGC Norms

**Eligibility:**

B.P.E.S. / B.P.Ed / B.Sc. (Health and Physical Education) Intake Capacity: 40

**Admission Process**

He / She must be B.P.Ed. B.P.E.S. Or B.Sc. (Health & Physical Education) from UGC recognized universities or equivalent for the purpose and also clear the physical fitness test.

He / She must have obtained at least 55% marks in B.P.Ed., B.P.E.S. Or B.Sc. (Health & Physical Education) The reservation in seats and relaxation in the qualifying marks for students of reserved categories shall be as per the rules.

We also offer Ph.D. Programme in Physical Education.

The students seeking admission in Ph. D. Programme need to follow the criteria by the C V M University to seek admission. The admission process is carried out by C V M University.

**Scope of Studies in Physical Education and Sports Sciences**

The Gujarat government has taken initiative for the strong and healthy atmosphere for sports has

been created in Gujarat through Khelmahakumbh and new sports schools/ academics. The college has opened up doors for a wide range of opportunities for students of physical education & sports sciences for making career in sports industry.

The greatest advantage of sports education is that while studying students get many opportunities of becoming a sports person. The sports persons now a days get great amount of financial help as well as national & international reputation due to the encouraging policies of the Government.

Many renowned players have established their own training academies and have succeeded in the professional field also. But, in recent time, there are many opportunities in private sectors, many recreation clubs, five star hotels, entertainment theme parks, corporate societies, modern townships and private residential buildings with world class facilities have come into existence.

Many new opportunities have arisen for making career as sports coordinator, swimming pool attendant, gym coach, recreation manager etc. Besides, today many government / private international and national day schools have been established in which there are requirements of sports coordinators and physical educators. Students of physical education and sports sciences can easily pass the physical fitness standards required in police, army, navy and air force & can perform better if they join services as forest officer, forest assistant, sports manager, gym instructor, sports event manager, sports massage therapist and sports journalist.

Special opportunities for Physical Education Graduates as a district Sports officer, Assistant Project officer and Prant yuva vikas adhikaari.

**Library** :

The College Library has more than 1085 resources which includes books, journals and audio/Video materials etc. The library collected covers physical education subjects like History, principaes and foundation of physical education, Sports Medicine and Rehabilitation, Sport Management, Sports Psychology, Health Education and Environmental Studies, Test Measurement and Evaluation, Basic Research and Statistics, Gender Studies, Introduction and History of physical Education and Yoga Education.

**Salient Features** :

Modern infrastructure, indoor badminton hall, gymnasium and Play grounds of all the games and sports facilities is available in our campus. Amenities with Seven laboratories of

different subject of Physical Education, seminar hall, computer lab, library with well- equipped books & Journals, as well as Qualified and experienced faculty members

**Medium of Study :** Gujarati, Hindi and English

**Internship :** From the very beginning of the first year in the second semester, we provide internship to all the students and this is compulsory activity that will be evaluated with internal examination. This internship programme was organized in different schools. So that they will get practical exposure and learn with field experience.

**Internship learning outcome**

To develop concept of teaching and learning skills.

To understand the school in totality, its philosophy and aims, organization and management.

To understand the needs of the physical, mental, emotional development of children.

To understand aspects of curriculum and its transaction.
To assess quality transaction, and teaching–learning.

To Achieve professionalism.

**Other activities** : Along with the academic activities in the college in order to develop the overall development of the students in a holistic manner cultural/sports activities are important part of the student's activities. Students are organize different activities like Sports day celebration, Teachers day celebration, organization of sports/games events and officiating/coaching at different level of competitions.

**Talent hunt** : Talent hunt is an important part of one of the co-curricular/sports activities that are conducted by The CVM University where the students participate and give their best to qualify in the Inter collegiate, Zonal level, National level and State level Competitions of different games and sports. This is the platform where students can show their talent.

**Alumni Association** : Our alumni students who have their own group have associated with the college for providing internship and necessary assistance to our students whenever required. They also have readily accepted our proposal for joining them for practical purposes.

**Hostel Facility** :

Under the aegis of C V M and C V M University, hostel facilities are being provided for the girls and boys students separately of our college.

---

Principal,
S S Patel College of Physical Education
Vallabh Vidyanagar

**આઈસ્ટાર કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઈસરોની મુલાકાત :**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજના જીઓઈન્ફર્મેટિક્સ ડિપાર્ટમેન્ટના હેડ કૃણાલ સુથાર અને ફેકલ્ટી ઝેની પોકરના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ તાજેતરમાં અમદાવાદ સ્થિત ઈસરોની મુલાકાત લીધી હતી. જેમાં ઈસરોના વિજ્ઞાની ડો. પરેશ સરવૈયાએ તમામ વિદ્યાર્થીઓને ઈસરોની વિવિધ યોજનાઓ અને ભવિષ્યના આયોજનો વિશે માહિતગાર કર્યા હતા. જેની અંતર્ગત વિદ્યાર્થીઓને પીએસએલવી અને જીએસએલવી રોકેટની કાર્ય-રચના, વિવિધ પ્રક્ષેપણ ઉપગ્રહો, અને નવસંચાર પદ્ધતિઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ ઈસરોના વિજ્ઞાની ડો. હિરેન ભટ્ટ દ્વારા વિવિધ ઉપગ્રહોની કૃષિ ઉપયોગિતા, ઊર્જાસંચય, તેમજ હવામાનની જાણકારી આપતા સ્વયં સંચાલિત વેબ પોર્ટલ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ઈસરોની મુલાકાત અને વ્યાખ્યાનના નવીનતમ આયોજન બદલ આઈસ્ટાર સંસ્થાના ડાયરેક્ટર ડો. કિરીટ પટેલ અને કોલેજ સંયોજક ડો જીગર પટેલે સૌને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

**નલિની કોલેજમાં NCC-ડેની ઉજવણી કરવામાં આવી :**

નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કોલેજના એનસીસી વિભાગ દ્વારા NCC-ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો. બી.એમ.પરમાર, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો.એમ.એસ.પરમાર, એન.સી.સી.ના મેજર બી. એમ. ઝાલા, એન.સી.સી.ના એએનઓ લેફ્ટિનેન્ટ પ્રિયંકા ચૌહાણ, લેફ્ટિનેન્ટ વિપુલ પરમાર, ફોર્થ ગુજરાત બોયઝના ટ્રેઈનિંગ જેસીઓ સુબેદાર હરજીંદરસિંગ તેમજ સમગ્ર નલિની પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

એન.સી.સી.-ડેની ઉજવણી કરતા કેડેટ્સ દ્વારા ગૃપસોંગ, ગૃપડાન્સ, સોલોસોંગ, સોલોડાન્સ તેમજ 'એક ફોજી કા બલિદાન' વિષય પર નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય ડો. બી. એમ. પરમારે અધ્યક્ષસ્થાનેથી ઉદ્‌બોધન કરતાં કેડેટ્સની પ્રતિભાને બિરદાવી હતી. મેજર બી. એમ.ઝાલા દ્વારા એન.સી.સી. ડેની ઉજવણી અને તેના મહત્ત્વ વિશે કેડેટ્સને માહિતીગાર કરાયા હતા. એનસીસી કેડેટ સિનિયર અંડર ઓફિસર ગુરુપ્રિત સોઢી દ્વારા એન.સી.સીના ફાયદા વિશે જણાવાયુ હતું. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત સુબેદર હરજીંદરસિંગ દ્વારા કેડેટ્સને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં આભારદર્શન કેડેટ નિરાલી ચૌહાણે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેડેટ સી.પી.એમ. આરતી મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

**નલિની કોલેજના હિન્દી વિભાગ દ્વારા વ્યાખ્યાન યોજાયું :**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર (ગુજરાત) અને મહાત્મા ગાંધી વિદ્યામંદિર સંચાલિત મહારાજા સયાજીરાવ ગાયકવાડ મહાવિદ્યાલય માલેગાવ કેમ્પ નાસિક (મહારાષ્ટ્ર) ના સંયુક્ત ઉપક્રમે લીન્કેજીસ પ્રોગ્રામ અંતર્ગત આયોજિત ''બાલ મનોવિજ્ઞાન અને આપકા બંટી'' વિષય પર અતિથિ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્નાતકોત્તર હિન્દી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી-ના પ્રોફેસર ડો.દિલીપ મહેરાએ ઓનલાઈન વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનની પ્રાસ્તાવિક રજૂઆત સયાજીરાવ મહાવિદ્યાલય, હિન્દી વિભાગના અધ્યક્ષા પ્રોફેસર ડો. અનિતા નેરે દ્વારા પ્રસ્તુત કરવામાં આવી.

અતિથિ વકતા, અતિથિ વિશેષ અને અન્ય મહેમાનોનો પરિચય તથા વિષયની પ્રાસંગિકતા પ્રોફેસર ડો. ભરતસિંહ ઝાલા, અધ્યક્ષ, હિન્દી વિભાગ, નલિની કોલેજ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

અતિથિ વકતાએ બંને કોલેજોના વિદ્યાર્થીઓ સમક્ષ ગૂગલ મીટના માધ્યમથી હિન્દીના શ્રેષ્ઠ લેખિકા મન્નુ ભંડારી સાથેથી રૂબરૂ મુલાકાતના પ્રસંગોને યાદ કરતા એમના શ્રેષ્ઠ ઉપન્યાસ "આપકા બંટી" ઉપન્યાસનું મુખ્ય પાત્ર બંટીના બાળમાનસ ઉપર મનોવૈજ્ઞાનિક પ્રભાવ, વર્તણૂકો અને તેની અસરોની વિશદ છણાવટ કરીને વક્તવ્યને ખૂબ જ રસપ્રદ બનાવ્યું હતું.

નલિની કોલેજના પ્રિન્સિપાલ ડો. બી. એમ. પરમારે લીન્કેજીસ પ્રોગ્રામ અંતર્ગત યોજાયેલ વ્યાખ્યાનની પ્રશંસા કરતા બંને કોલેજોના હિન્દી વિભાગના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

માલેગાવ નાસિક કોલેજના પ્રિન્સિપાલ ડો.ડી.એફ.શિરૂડેએ અધ્યક્ષીય પ્રવચન આપતા પ્રોગ્રામ અંતર્ગત યોજાયેલ અતિથિ વ્યાખ્યાનને સફળ ગણાવી, અતિથિ વકતા ડો. દિલીપ મહેરા અને બંને કોલેજોના હિન્દી વિભાગના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને અભિનંદન આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

માલેગાંવ કેમ્પ કોલેજના ડો.વ્હી.ડી. સૂર્યવંશીએ કાર્યક્રમમાં જોડાયેલા તમામનો આભાર માન્યો હતો. નલિની કોલેજના હિન્દી વિભાગના પ્રોફેસર ડો.ધનંજય ચૌહાણ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

**ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં હાસ્ય-મનોરંજનનો કાર્યક્રમ :**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી. પટેલ હાયર સેકન્ડરીમાં યોજાયેલી મોર્નિંગ એસેમ્બલીમાં શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર, સુપરવાઈઝર શ્રી પી.એસ.સોલંકી, સૌ શિક્ષકમિત્રો અને વિદ્યાર્થી ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં પાડગોલ ગામના વતની શ્રી પંકજભાઈ વ્યાસનો હાસ્ય-મનોરંજનનો કાર્યક્રમ યોજાયો હતો. તેઓ પગે દિવ્યાંગ હોવા છતાં મક્કમ મનોબળ ધરાવે છે. તેમણે જોક્સ, મિમિક્રી, રમૂજી ટુચકા, ગુજરાતી-હિન્દી ફિલ્મી કલાકારોના અવાજમાં ડાયલોગ્સ બોલવા, જુદા જુદા પક્ષીઓના અવાજ કાઢવા અને ફિલ્મી ગીતો મોઢાના ઉપયોગથી મ્યુઝિક વગાડી રજૂ કરવા જેવી ખૂબીઓના મહારથી છે. તેઓ દઢપણે માને છે કે, હાસ્ય દ્વારા માનવી પોતાનું દુઃખ ભૂલી જીવન જીવવા પ્રેરાય છે, હાસ્યથી ડિપ્રેશન જેવા મનોરોગોને દૂર કરી શકાય છે. શાળાના વિદ્યાર્થી અને ઉપસ્થિત સૌને હાસ્ય-રમૂજ સાથે ભરપૂર મનોરંજન કરાવવા બદલ આચાર્યશ્રી સુથાર સાહેબે શાળા પરિવાર વતી ઉમદા કલાકારશ્રી પંકજભાઈ વ્યાસની અનોખી કલાને બિરદાવી હતી.

**ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં સંવિધાન દિવસની ઉજવણી :**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં ૨૬મી નવેમ્બરના રોજ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રકાશચંદ્ર સોલંકી, શ્રીમતી એચ.એમ.રાઠોડ અને કુ.હીના ઢોલે દ્વારા શાળાના પ્રિ.વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ નલિની-અરવિંદ આર્ટ્સ કોલેજના પોલિટિક્લ સાયન્સના અધ્યાપક શ્રી શશાંક પટેલના મુખ્ય મહેમાનપદે શાળાના સભાખંડમાં સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંવિધાન નિર્માતા ભારતરત્ન બાબાસાહેબ ડો.ભીમરાવ આંબેડકર અને બંધારણ સમિતિના સભ્યો દ્વારા ૨ વર્ષ ૧૧ માસ અને ૧૮ દિવસની ખૂબ મહેનતથી તૈયાર કરવામાં આવેલું. પ્રેમબિહારી નારાયણ રાયજાદાના હસ્તે વિશ્વનું સૌથી લાંબુ હસ્તલિખિત બંધારણ ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ થી તે અમલમાં આવ્યું. સને ૨૦૧૫ પૂર્વે 'કાયદા દિવસ' તરીકે ઉજવાતો આ દિવસ ડો.આંબેડકરના બંધારણ નિર્માણમાં આપેલા યોગદાનને બિરદાવવા તેમની ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે "સંવિધાન દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી શશાંક પટેલે ઉપસ્થિત NSS સ્વયંસેવકો અને શાળાના વિદ્યાર્થીઓને બંધારણની વિશેષતાઓ, નિયમો, કલમો, હક અને ફરજો વિશે ખૂબ સરળ શબ્દોમાં માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે શ્રી પ્રકાશચંદ્ર સોલંકીએ આભારવિધિ કરી જ્યારે શ્રી હર્ષદકુમાર વાઘેલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.


ISSN 0976-9609



ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ. ડૉ. એચ.એમ. પટેલની પૂણ્યતિથિ નિમિત્તે આ મહામાનવને સ્મણાંજલિ તથા શ્રદ્ધાંજલિ અર્પણ હેતુ નલિની અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર પાસે આવેલ ડૉ. એચ.એમ.પટેલ સાહેબની પ્રતિમાએ તા. ૩૦/૧૧/૨૦૨૨ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે પુષ્પાજંલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી એન્જિ.ભીખુભાઈ બી. પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ તથા ચારુતર વિદ્યામંડળ સંચાલિત સંસ્થાઓના આચાર્યશ્રીઓ તથા કર્મચારીગણ, એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ તથા ચારુતર વિદ્યામંડળના કર્મચારીગણે ઉપસ્થિત રહી સ્વ. ડૉ. એચ.એમ. પટેલ સાહેબને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.



વિદ્યાધામ વલ્લભ વિદ્યાનગરની સ્થાપનાના પ્રેરણાપુરુષ અને ચારુતર વિદ્યામંડળના પ્રથમ **પ્રમુખ પૂ. સરદાર વલ્લભભાઈ પટેલ (પૂ. સરદાર સાહેબ)**ની પુણ્યતિથિ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ પૂ.સરદાર પટેલ સાહેબની પ્રતિમાએ તા.૧૫-૧૨-૨૦૨૨ને ગુરુવારના રોજ સવારે પુષ્પાજંલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ.ભીખુભાઈ બી. પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, સહમંત્રીશ્રી વિશાલ એચ. પટેલ, સીવીએમ યુનિવર્સિટીના પદાધિકારીઓ, ચારુતર વિદ્યામંડળના કાઉન્સિલ સભ્યશ્રીઓ, કર્મચારીગણ, ચારુતર વિદ્યામંડળ સંચાલિત શાળાઓ/કોલેજો/સંસ્થાઓ તથા સીવીએમ યુનિવર્સિટી ઘટક (Constituent) કોલેજોના આચાર્યશ્રી /વડાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને **પૂ. સરદાર વલ્લભભાઈ પટેલ** ને પુષ્પાજંલિ અર્પણ કરી હતી.

BOOK POST
January 2023
V-Vidyanagar 25 (1)
Published on 05/01/2023
No. of Pages 48 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2021-23
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

**Satyendra Nath Bose**



(1st January 1894 to 4th February 1974)

Profession: Physicist, Honours: Padma Vibhushan, Fellow of the Royal Society Known for his contribution in quantum mechanics, Bose–Einstein condensate, Bose–Einstein statistics, Bose–Einstein distribution, Bose–Einstein correlations, Bose gas

(Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )